વર્ષ : ૬૨ ■ અંક : ૫ ■ તા.૧-૩-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




## ગરીબોને મળ્યા લાભ હાથોહાથ

# ગરીબ કલ્યાણ મેળા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

રમશે ગુજરાત... જીતશે ગુજરાત

# ખેલ મહાકુંભ



## ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨થી રજિસ્ટ્રેશન શરૂ



- ₹30 કરોડના ઇનામો • વિવિધ 29 રમતો
- દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભ
- સ્પોર્ટ્સ કારકિર્દી માટેની યોજનાઓનો લાભ

**સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, રમતગમત,**
**યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર**

"સાહસ, ઉમ્મીદ અને અવસરોનો સંગમ એટલે 'ખેલમહાકુંભ', રમતવીરો થઈ જાઓ તૈયાર અને કરો સંકલ્પ, આવો રમતગમત ક્ષેત્રમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે નવા કીર્તિમાન સ્થાપિત કરીને ગુજરાતનું ગૌરવ વધારીએ."

**શ્રી હર્ષ સંઘવી**
મંત્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો)

ONLINE રજિસ્ટ્રેશન તથા વધુ વિગતો માટે વેબસાઈટ
**Khelmahakumbh.gujarat.gov.in**

**TOLL FREE : 1800 274 6151**

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 5 ▪ Date 1-3-2022

**તંત્રી** : ડી. પી. દેસાઈ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ :** ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત


**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોનું આયોજન સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના બનશે.
- આઇ-પૉર્ટલ પર કિસાનોની ઉત્તરોત્તર વધતી નોંધણી રાજ્યનો ખેડૂત ડિજિટલ યુગમાં પ્રવેશ્યાનું પ્રમાણ દર્શાવે છે.
- ગુજરાત સમગ્ર દેશમાં બાયોટેક્નોલૉજી ક્ષેત્રે અગ્રેસર રાજ્યોમાં સ્થાન પ્રાપ્ત કરશે.
- જિન સ્પ્લાઇસિંગ, સ્ટેમ સેલ થૅરપી જેવાં ક્ષેત્રોમાં બાયોટેક્નોલૉજી પૉલિસી પ્રોત્સાહક બનશે.
- બહુઆયામી વિકાસ માટે શિક્ષણ ખૂબ અગત્યનું અંગ છે.
- ગુજરાત દેશમાં સ્પોર્ટ્સ હબ તરીકે ઊભરી રહ્યું છે.
- ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તેવું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ રહ્યું છે.
- રાજ્ય સરકારે ક્લાયમેટ ચેન્જ વિભાગના બજેટમાં છેલ્લાં ૧૨ વર્ષમાં ઉત્તરોતર વધારો કર્યો છે.
- ગરીબ કલ્યાણ મેળો એટલે જેના હકનું છે એ સન્માનજનક રીતે તેમને આપવાનો યજ્ઞ.
- ગરીબ કલ્યાણ મેળા ગરીબોના સશક્તિકરણનું મહાઅભિયાન છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ




**14** / કવર સ્ટોરી

ગરીબોને મળ્યા લાભ હાથોહાથ

**ગરીબ કલ્યાણ મેળા**






**13** / સંવેદના

યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓની સહીસલામત વતન વાપસી





**36** / રમતોત્સવ

ખેલ મહાકુંભમાં નોંધણી માટે 'કર્ટેન રેઇઝર' પૉર્ટલનો શુભારંભ





**50** / પ્રેરણા

દેશનાં પ્રથમ મહિલા રેસ્ક્યુ ફૉરેસ્ટર રસીલાબહેન વાઢેર - રોહિત ઉસદડ

**06** / સંવાદ

મન કી બાત

**10** / પૉલિસી

ગુજરાત બાયોટેક્નોલોજી પૉલિસી ૨૦૨૨-૨૭

**20** / ડિજિટલ પહેલ

રાજ્યના ૫૯૦૦ ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય વિતરણ

**23** / આસપાસ

**28** / CM બ્લૉગ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો બ્લૉગ

**29** / નિર્ણય

**32** / જળવ્યવસ્થાપન

નલ સે જલ... જળ સમસ્યાનાં અંત સાથે વિકાસના નવા અધ્યાયનો આરંભ

**38** / સમાચાર વિશેષ

**44** / સાફલ્યગાથા

કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોની આવકમાં થયો વધારો - રેસુંગ ચૌહાણ

45 સુશાસન સાથે સંવેદના : ત્વરિત સંકલનથી નેત્રહીન ભાઇ-બહેનને સારવાર મળી - દર્શન ત્રિવેદી

45 લોડિંગ રિક્ષાએ અમરેલીના યુવાનોની ગાડી પાટે ચડાવી - સુમિત ગોહિલ

**46** / પારિજાત

ગમ્મત સાથે જ્ઞાન પીરસતા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ... - મનીષા વાઘેલા

48 રેઇડ - ઉત્પલ ભાયાણી

વિશ્વાસમાં આવ્યો... - મનીષ પરમાર

49 એક છોકરી... - અઝીઝ ટંકારવી

પડઘાયું હતું... - હર્ષ બ્રહ્મભટ્ટ

ના આવડ્યું - ધૂની માંડલિયા

ને તેથી ઘર કર્યું - રાજેશ વ્યાસ 'મિસ્કીન'



# ગરીબો, વંચિતો, આદિવાસીઓ સહુ કોઇને થઇ રહી છે વિકાસની પ્રતીતિ...

'વિકાસ' ત્રણ અક્ષરનો માત્ર શબ્દ નથી, 'વિકાસ' તો અનુભૂતિની બાબત છે. ગુજરાતમાં વાતો નહીં વાસ્તવિકતાને વરેલી સરકાર નિષ્ઠાપૂર્વક જનસેવાના અનેક પ્રકલ્પોનો નક્કરતાપૂર્વક અમલ કરી રહી છે એની પ્રતીતિ જન જનને થઇ રહી છે. એનો અનુભવ તાજેતરમાં દાહોદમાં થયો.

ગરીબો, વંચિતો, આદિવાસીઓ સહુ કોઇને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે 12મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દાહોદથી પ્રારંભ કરાવ્યો એ પ્રસંગે અનેક આદિવાસી બાંધવોના મુખ ઉપર સંતોષની લાગણી સ્પષ્ટ વાંચી શકાતી હતી. આ ત્રણ દિવસ ચાલેલા ૧૨મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળામાં ૫૭,૨૩૧ લાભાર્થીઓને રૂ.૧૫૪.૪૪ કરોડની સ્થળ ઉપર સહાય તેમજ ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂા.૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય ચુકવવામાં આવી હતી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૯-૧૦થી ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો અભિનવ વિચાર આપેલો. તેમની પ્રેરણા અને માર્ગદર્શનમાં રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૧ તબક્કામાં ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧.૪૭ કરોડ દરિદ્રનારાયણ, જરૂરતમંદ લોકોને ૨૬,૬૦૦ કરોડ ઉપરાંતના સહાય-લાભ હાથોહાથ પહોચાડવામાં આવ્યા છે. કોઇ વચેટીયા વગર ગરીબો, વંચિતો, આદિવાસીઓને મળવાપાત્ર લાભો હાથોહાથ મળે એ નાની સુની વાત નથી.

ગુજરાત પોલિસી ડ્રીવન સ્ટેટ છે, રાજ્યમાં ઉદ્યોગોનો ઝડપી અને સર્વસમાવેશક વિકાસ થાય તેવા લક્ષ્ય સાથે સમયાંતરે વિવિધ ક્ષેત્રની નીતિઓ અમલમાં મૂકવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તાજેતરમાં આઇટી અને બાયોટેક્નોલૉજી બે પોલિસી જાહેર કરી. ગ્લોબલ વોર્મીંગના સૌથી મોટા પડકારને ઝીલવા ગુજરાતે આગેવાની લીધી છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ 2009માં એશિયાભરમાં પ્રથમવાર ક્લાયમેટ ચેન્જનો અલાયદો વિભાગ શરૂ કરી ગુજરાતની પર્યાવરણ પ્રત્યેની કરેલી પ્રતિબદ્ધતાને વર્તમાન સરકાર મજબૂતાઇપૂર્વક આગળ ધપાવી રહી છે. પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા શ્રેણીબદ્ધ પગલાઓ લઇને ગુજરાત અગ્રિમ ભૂમિકા નિભાવવા સજ્જ છે.

ખેડૂતોના હિતને વરેલી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની 'ટીમ ગુજરાતે' કૃષિકારો માટે ટેક્નોલોજીનો મહત્તમ સમન્વય કર્યો છે. જેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં ખેડૂતોને અપાયેલા સ્માર્ટ ફોન છે. સ્માર્ટ ફોન થકી લોન-સહાય, વાતાવરણનો વર્તારો, ખાતર-બિયારણ અને પાક પદ્ધતિની માહિતી ખેડૂતોની આંગળીના ટેરવે ઉપલબ્ધ બનશે. ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યમાં સ્માર્ટ ફોન ચાવીરૂપ ભૂમિકા ભજવશે. અહીં એ ઉલ્લેખ પણ કરવો રહ્યો કે, રાજ્ય સરકારે ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય વળતર મળે અને તેમનું આર્થિક સશક્તિકરણ થાય તે માટે ચણા-તુવેરને ટેકાના ભાવે ખરીદવાની શરૂઆત કરી છે. આ ઉપરાંત ગ્રામ્ય સ્તરે જળસંચયના પ્રયાસોને પ્રોત્સાહન આપવા સુજલામ સુફલામ જળસંચય અભિયાન પ્રારંભ કરવામાં આવનાર છે.

ખેલમહાકુંભ દ્વારા ગુજરાતના યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવાનું અદકેરૂં કાર્ય આરંભાયું છે. ઉત્તમ ગુણવત્તાવાળા માર્ગોનાં નિર્માણ તથા માર્ગ સુધારણા કરવાની કામગીરીને વિશેષ મહત્ત્વ અપાઇ રહ્યું છે, આગામી દિવસોમાં આ કાર્ય પરિપૂર્ણ થશે. રાજ્યમાં થયેલા વ્યાપક રસીકરણના કારણે કોવિડ 19ની ત્રીજી લહેર સામે ગુજરાત મક્કમતાથી મુકાબલો કરી શક્યું છે. રાજ્યમાં શિક્ષણ, ધંધા-રોજગાર વગેરે પૂર્વવત બન્યાં છે. વિકાસની ગતિ વધુ તેજ રફતારથી આગળ વધી છે. પ્રસ્તુત અંકમાં રાજ્યના વિવિધ ક્ષેત્રના વિકાસની વાત ઉપરાંત જુદા-જુદા જનહિતલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવી સફળ બનેલા નાગરિકોની ગાથા વણી લેવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



# મન કી બાત

## ફેબ્રુઆરી 2022

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર.

'મન કી બાત'માં ફરી એક વાર આપ સર્વેનું સ્વાગત છે. 'મન કી બાત'ની શરૂઆત આપણે, ભારતની સફળતાના ઉલ્લેખ સાથે કરીશું. આ મહિનાની શરૂઆતમાં ભારત ઇટાલીથી તેના મૂલ્યવાન વારસામાંથી એક વારસો પરત લાવવામાં સફળ રહ્યું છે. આ એક વારસો છે અવલોકિતેશ્વર પદ્મપાણીની હજાર વર્ષથી વધુ જૂની પ્રતિમા. આ મૂર્તિ બિહારમાં ગયાજીના દેવીસ્થાન કુંડલપુર મંદિરમાંથી થોડાં વર્ષો પહેલાં ચોરાઈ ગઈ હતી, પરંતુ ઘણા પ્રયત્નો બાદ હવે ભારતને આ પ્રતિમા પરત મળી છે. એ જ રીતે, થોડાં વર્ષો પહેલાં તામિલનાડુના વેલ્લોરમાંથી ભગવાન આંજનેય્યર, હનુમાનજીની મૂર્તિ ચોરાઈ હતી. હનુમાનજીની આ મૂર્તિ પણ 600-700 વર્ષ જૂની હતી. આ મહિનાની શરૂઆતમાં, અમને ઑસ્ટ્રેલિયામાં આ મળી, અમારા હાઈકમિશનને તે મળી ચૂકી છે.

સાથીઓ, આપણાં હજારો વર્ષના ઈતિહાસમાં દેશના ખૂણેખૂણે એક પછી એક મૂર્તિઓ હંમેશાં બનાવવામાં આવતી હતી, તેમાં શ્રદ્ધા પણ હતી, સામર્થ્ય પણ હતું, અને કૌશલ્ય પણ... અને વિવિધતાથી ભરપૂર હતી અને આપણી દરેક મૂર્તિમાં તત્કાલીન સમયનો પ્રભાવ જોવા મળે છે. તેઓ ભારતીય શિલ્પકલાનું અનોખું ઉદાહરણ તો હતું જ અને તેમની સાથે આપણી શ્રદ્ધા પણ જોડાયેલી હતી, પરંતુ ભૂતકાળમાં ઘણી મૂર્તિઓ ચોરાઈને ભારતની બહાર જતી રહી હતી. ક્યારેક આ દેશમાં તો ક્યારેક તે દેશમાં આ મૂર્તિઓ વેચાતી અને તેમના માટે તે માત્ર કલાકૃતિ હતી. ન તો તેઓને તેના ઈતિહાસ સાથે કોઈ લેવાદેવા હતી કે ન તેની શ્રદ્ધા સાથે લેવાદેવા હતી. આ મૂર્તિઓને પરત લાવવાની ભારતમાતા પ્રત્યેની આપણી જવાબદારી છે. આ મૂર્તિઓમાં ભારતના આત્માનો, આસ્થાનો અંશ છે. તેમનું એક સાંસ્કૃતિક-ઐતિહાસિક મહત્ત્વ પણ છે. આ જવાબદારીને સમજીને ભારતે તેના પ્રયાસો વધાર્યા. અને તેનું કારણ એ પણ હતું કે ચોરી કરવાની જે વૃત્તિ હતી તેમાં પણ ડર ઉત્પન્ન થયો. જે દેશોમાં આ મૂર્તિઓ ચોરી કરીને લઈ જવામાં આવી હતી, હવે તેઓને પણ એવું લાગવા માંડ્યું છે કે ભારત સાથેના સંબંધોમાં soft powerની જે diplomatic channel હોય છે તેમાં તેનું પણ ઘણું મહત્ત્વ હોઈ શકે છે, કારણ કે તેની સાથે ભારતની ભાવનાઓ જોડાયેલી છે, ભારતની શ્રદ્ધા જોડાયેલી છે, અને એક રીતે, તે people to people relationમાં પણ તે ઘણી શક્તિ ઉત્પન્ન કરે છે.

હમણાં થોડા દિવસો પહેલાં જ તમે જોયું હશે કે કાશીમાંથી

ચોરાયેલી માતા અન્નપૂર્ણાદેવીની મૂર્તિ પણ પાછી લાવવામાં આવી હતી. તે ભારત પ્રત્યે બદલાતા વિશ્વ દૃષ્ટિકોણનું આ ઉદાહરણ છે. વર્ષ 2013 સુધી લગભગ 13 મૂર્તિઓ ભારતમાં આવી હતી, પરંતુ છેલ્લા સાત વર્ષમાં, 200થી પણ વધુ કિંમતી મૂર્તિઓને ભારત સફળતાપૂર્વક પરત લાવ્યું છે. અમેરિકા, બ્રિટન, હોલૅન્ડ, ફ્રાન્સ, કૅનેડા, જર્મની, સિંગાપોર જેવા અનેક દેશોએ ભારતની આ ભાવનાને સમજી છે અને મૂર્તિઓને પરત લાવવામાં આપણી મદદ કરી છે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં જ્યારે હું અમેરિકા ગયો હતો, ત્યારે મને ત્યાં ઘણી જૂની મૂર્તિઓ અને સાંસ્કૃતિક મહત્ત્વની ઘણી વસ્તુઓ પ્રાપ્ત થઈ હતી. જ્યારે દેશનો કોઈ પણ મૂલ્યવાન વારસો પરત મળે છે તો સ્વાભાવિક છે ઈતિહાસમાં શ્રદ્ધા ધરાવનારાઓ, પુરાતત્ત્વમાં શ્રદ્ધા ધરાવનારાઓ, આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકો અને એક ભારતીય તરીકે આપણને સૌને સંતોષ મળે તે સ્વાભાવિક છે.

સાથીઓ, ભારતીય સંસ્કૃતિ અને આપણા વારસાની વાત કરતાં હું આજે આપને 'મન કી બાત'માં બે લોકોને મળાવવા માગું છું. આ દિવસોમાં ફેસબુક, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ પર તાન્ઝાનિયાનાં બે ભાઈ-બહેન કિલી પૉલ અને નીમા ઘણાં જ ચર્ચામાં છે, અને મને પાક્કો ભરોસો છે, તમે પણ તેમના વિશે ચોક્કસ સાંભળ્યું હશે. તેમની અંદર ભારતીય સંગીતને લઈને એક ઝનૂન છે, એક દીવાનગી છે અને તેને કારણે જ તેઓ ઘણાં જ લોકપ્રિય પણ છે. Lip Syncની તેમની રીતથી ખબર પડે છે કે આને માટે તેઓ કેટલી વધારે મહેનત કરે છે. હાલમાં જ પ્રજાસત્તાક દિવસના અવસરે આપણું રાષ્ટ્રગીત જન, ગણ, મન ગાતો તેમનો વીડિયો ખૂબ વાયરલ થયો હતો. થોડા દિવસો પહેલાં તેમણે લતાદીદીનું એક ગીત ગાઈને તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ પણ આપી હતી. હું આ અદ્‌ભુત Creativity માટે આ બંને ભાઈ-બહેન કિલી અને નીમા - તેમની ખૂબ પ્રશંસા કરું છું. થોડા દિવસ પહેલા તાન્ઝાનિયામાં ભારતીય દૂતાવાસમાં તેમને સન્માનિત પણ કરવામાં આવ્યાં હતાં.

> "દેશનો કોઈ પણ મૂલ્યવાન વારસો પરત મળે તો ઇતિહાસમાં શ્રદ્ધા ધરાવનારાઓ, પુરાતત્ત્વમાં શ્રદ્ધા ધરાવનારાઓ, આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકો અને એક ભારતીય તરીકે આપણને સૌને સંતોષ મળે તે સ્વાભાવિક છે."

આજે જ્યારે ભારત પોતાની આઝાદીના 75મા વર્ષનું મહત્ત્વપૂર્ણ પર્વ મનાવી રહ્યું છે, તો દેશભક્તિનાં ગીતોને લઈને પણ આવા પ્રયોગ કરી શકાય છે કે જ્યાં વિદેશી નાગરિકોને, ત્યાંના પ્રસિદ્ધ ગાયકોને, ભારતીય દેશભક્તિનાં ગીત ગાવા માટે આમંત્રિત કરીએ. એટલું જ નહીં, જો તાન્ઝાનિયામાં કિલી અને નીમા ભારતનાં ગીતોને આ રીતે Lip Sync કરી શકે છે તો શું મારા દેશમાં, આપણા દેશની કેટલીયે ભાષાઓમાં, કેટલાય પ્રકારનાં ગીત છે, આપણે કોઈ ગુજરાતી બાળક તમિળ ગીત પર કરે, કોઈ કેરળનાં બાળકો આસામી ગીત પર કરે, કોઈ કન્નડ બાળકો જમ્મુ-કાશ્મીરનાં ગીતો પર કરે. એક એવો માહોલ બનાવી શકીએ છીએ આપણે, જેમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો આપણે અનુભવ કરી શકીએ. એટલું જ નહીં, આપણે આઝાદીના અમૃત મહોત્સવને એક નવી રીતે ચોક્કસ મનાવી શકીએ છીએ. હું દેશના નવયુવાનોને આહ્‌વાન કરું છું, આવો, ભારતીય ભાષાઓનાં જે પૉપ્યુલર ગીતો છે, તેને આપ આપની રીતે વીડિયો બનાવો, બહુ જ પૉપ્યુલર થઈ જશો તમે. અને દેશની વિવિધતાઓનો નવી પેઢીને પરિચય થશે.

મારા પ્રિય દેશવાસીઓ, હમણાં થોડા દિવસો પહેલાં જ આપણે માતૃભાષા દિવસ મનાવ્યો. જે વિદ્વાન લોકો છે, તેઓ માતૃભાષા શબ્દ ક્યાંથી આવ્યો, તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તેને લઈને ઘણાં academic input આપી શકે છે. હું તો માતૃભાષા માટે એ જ કહીશ કે જેમ આપણા જીવનને આપણી મા ઘડે છે, તેવી જ રીતે માતૃભાષા પણ આપણા જીવનને ઘડે છે. મા અને માતૃભાષા બંને મળીને જીવનના foundationને મજબૂત બનાવે છે, ચિરંજીવ બનાવે છે. જેમ આપણે આપણી માને નથી છોડી શકતા, તેવી જ રીતે આપણી માતૃભાષાને પણ ન છોડી શકીએ.

મને વર્ષો પહેલાંની એક વાત યાદ છે, જ્યારે મારે અમેરિકા જવાનું થયું, તો અલગ અલગ પરિવારોમાં જવાનો મોકો મળતો હતો, કે એક વખત મારે એક તેલુગુ પરિવારમાં જવાનું થયું અને મને એક બહુ જ ખુશીનું દૃશ્ય ત્યાં જોવા મળ્યું. તેમણે મને જણાવ્યું કે અમે લોકોએ પરિવારમાં નિયમ બનાવ્યો છે કે કેટલુંય કામ કેમ ન હોય, પરંતુ જો અમે શહેરની બહાર નથી તો પરિવારના બધા જ સભ્યો ડિનર, ટેબલ પર સાથે બેસીને લઈશું અને બીજું એ કે ડિનરના ટેબલ પર compulsory બધા તેલુગુ ભાષામાં જ બોલશે. જે બાળકો ત્યાં જન્મ્યાં હતાં, તેમના માટે પણ આ નિયમ હતો. પોતાની માતૃભાષા પ્રત્યે આ પ્રેમ જોઈને આ પરિવારથી હું ઘણો જ પ્રભાવિત થયો હતો.

સાથીઓ, આઝાદીનાં 75 વર્ષ પછી પણ કેટલાક લોકો એવા માનસિક દ્વંદ્વમાં જીવી રહ્યા છે, જેને કારણે તેમને તેમની ભાષા, તેમનો પહેરવેશ, પોતાની ખાણી-પીણીને લઈને એક સંકોચ થાય છે, જ્યારે વિશ્વમાં ક્યાંય એવું નથી. આપણી માતૃભાષા છે, આપણે તેને ગર્વ સાથે બોલવી જોઈએ. અને આપણું ભારત તો ભાષાઓના મામલામાં એટલું સમૃદ્ધ છે કે તેની તુલના જ ન થઈ શકે. આપણી ભાષાઓની સૌથી મોટી સુંદરતા એ છે કે કાશ્મીરથી

કન્યાકુમારી સુધી, કચ્છથી કોહિમા સુધી સેંકડો ભાષાઓ, હજારો બોલી, એકબીજાથી અલગ, પરંતુ એકબીજામાં રચાયેલી-ગૂંથાયેલી છે - ભાષા અનેક, ભાવ એક. સદીઓથી આપણી ભાષાઓ એકબીજા પાસેથી શીખીને પોતાને પરિષ્કૃત કરી રહી છે, એકબીજાનો વિકાસ કરી રહી છે. ભારતમાં વિશ્વની સૌથી જૂની ભાષા તમિળ છે અને એ વાતનો દરેક ભારતીયને ગર્વ હોવો જોઈએ કે દુનિયાનો આટલો મોટો વારસો આપણી પાસે છે. તેવી જ રીતે જેટલાં જૂનાં ધર્મશાસ્ત્ર છે, તેની અભિવ્યક્તિ પણ આપણી સંસ્કૃત ભાષામાં છે.

સાથીઓ, આજના દિવસે એટલે કે 27 ફેબ્રુઆરીએ મરાઠી ભાષા ગૌરવ દિવસ પણ છે.

'સર્વ મરાઠી બંધુ-ભગિનીના મરાઠી ભાષા દિનાચ્યા હાર્દિક શુભેચ્છા.'

આ દિવસ મરાઠી કવિરાજ વિષ્ણુ બામન શિરવાડકરજી, શ્રીમાન કુસુમાગ્રજજીને સમર્પિત છે. આજે જ કુસુમાગ્રજજીની જન્મજયંતી પણ છે. કુસુમાગ્રજજીએ મરાઠીમાં કવિતાઓ લખી, અનેક નાટકો લખ્યાં, મરાઠી સાહિત્યને નવી ઊંચાઈ આપી. સાથીઓ, આપણે ત્યાં ભાષાની પોતાની ખૂબીઓ છે,

સાથીઓ, થોડા દિવસો પહેલાં મારી મુલાકાત, મારા મિત્ર અને કેન્યાના પૂર્વ પ્રધાનમંત્રી રાઈલા ઓડિંગાજી સાથે થઈ હતી. આ મુલાકાત રસપ્રદ તો હતી જ, પરંતુ ઘણી ભાવુક હતી. અમે ઘણા સારા મિત્રો રહ્યા તો ખૂલીને ઘણી વાતો પણ કરી લઈએ છીએ. જ્યારે અમે બંને વાત કરી રહ્યા હતા, તો ઓડિંગાજીએ તેમની દીકરી વિશે જણાવ્યું. તેમની દીકરી Rosemaryને Brain Tumour થયુ હતું અને તેને કારણે તેમણે તેમની દીકરીની Surgery કરાવવી પડી હતી, પરંતુ તેનું દુષ્પરિણામ એ હતું કે Rosemaryની આંખનું તેજ લગભગ-લગભગ જતું રહ્યું, દેખાવાનું બંધ થઈ ગયું. હવે તમે કલ્પના કરી શકો છો કે તે દીકરીની શું સ્થિતિ થઈ હશે અને એક પિતાની સ્થિતિનો પણ આપણે અંદાજ લગાવી શકીએ.

> **"આપણી ભાષાઓની સૌથી મોટી સુંદરતા એ છે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી, કચ્છથી કોહિમા સુધી સેંકડો ભાષાઓ, હજારો બોલી, એકબીજાથી અલગ, પરંતુ એકબીજામાં રચાયેલી-ગૂંથાયેલી છે – ભાષા અનેક, ભાવ એક."**

તેમની ભાવનાઓને સમજી શકીએ છીએ. તેમણે દુનિયાભરની હૉસ્પિટલોમાં, દુનિયાનો કોઈપણ મોટો દેશ એવો નહીં હોય, કે જ્યાં તેમણે તેમની દીકરીની સારવાર માટે ભરપૂર કોશિશ ન કરી હોય. દુનિયાના મોટા-મોટા દેશો ખૂંદી વળ્યા, પરંતુ કોઈ સફળતા ન મળી અને એક પ્રકારે બધી આશાઓ છોડી દીધી, આખા ઘરમાં નિરાશાનું વાતાવરણ બની ગયું. તેવામાં કોઈએ તેમને, ભારતમાં આયુર્વેદની સારવાર માટે આવવા માટે સૂચન આપ્યું અને તેઓ ઘણું કરી ચૂક્યા હતા, થાકી પણ ગયા હતા, છતાં તેમને લાગ્યું કે ચલો ભાઈ, એક વખત ટ્રાય કરીએ શું થાય છે? તેઓ ભારત આવ્યા, કેરળની એક આયુર્વેદિક હૉસ્પિટલમાં પોતાની દીકરીની સારવાર શરૂ કરાવી. ઘણો સમય દીકરી અહીંયાં રહી. આયુર્વેદની આ સારવારની અસર એ થઈ કે Rosemaryની આંખોનું તેજ ઘણુંખરું પાછું આવી ગયું હતું. તમે કલ્પના કરી શકો છો, કે જેમ એક નવું જીવન મળી ગયું અને તેજ તો Rosemaryના જીવનમાં આવ્યું, પરંતુ આખા પરિવારમાં એક નવું તેજ, નવું જીવન આવ્યું અને ઓડિંગાજી એટલા ભાવુક થઈને આ વાત મને જણાવી રહ્યા હતા, કે તેમની ઈચ્છા છે કે ભારતના આયુર્વેદનું જ્ઞાન છે, વિજ્ઞાન છે, તે કેન્યામાં લઈ આવે. જે પ્રકારના Plants તેમાં કામ આવે છે તે Plantsની ખેતી કરશે અને તેનો લાભ વધુ ને વધુ લોકોને મળે તેને માટે તેઓ પૂર્ણ પ્રયત્ન કરશે.

મારા માટે એ ઘણી જ ખુશીની વાત છે કે આપણી ધરતી અને પરંપરાથી કોઈના જીવનમાંથી આટલું મોટું કષ્ટ દૂર થયું. આ સાંભળીને આપને પણ ખુશી થશે. કોણ ભારતવાસી એવો હશે જેને ગર્વ ન હોય? આપણે બધા જાણીએ છીએ કે ઓડિંગાજી જ નહીં, પરંતુ દુનિયાના લાખો લોકો આયુર્વેદથી આવી જ રીતે લાભ ઉઠાવી રહ્યા છે.

બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ પણ આયુર્વેદના ઘણા મોટા પ્રશંસકોમાંના એક છે. જ્યારે પણ મારી તેમની સાથે મુલાકાત થાય છે, તેઓ આયુર્વેદનો ઉલ્લેખ જરૂર કરે છે. તેમને ભારતની કેટલીયે આયુર્વેદિક સંસ્થાઓની જાણકારી પણ છે.

સાથીઓ, એક વખત જ્યારે લોકો મળીને કંઈક કરવાનું નક્કી કરી લે છે તો તેઓ અદ્ભુત ચીજો કરી જાય છે. સમાજમાં કેટલાય એવા બદલાવ થયા છે, જેમાં જનભાગીદારી સામૂહિક પ્રયત્નો - તેની બહુ જ મોટી ભૂમિકા રહી છે. 'મિશન જલ થલ' નામનું આવું જ એક જનઆંદોલન કાશ્મીરના શ્રીનગરમાં ચાલી રહ્યું છે. આ શ્રીનગરનાં ઝરણાંઓ અને તળાવોની સાફ-સફાઈ અને તેની જૂની રોનક લાવવાનો એક પ્રયાસ છે. 'મિશન જલ થલ'નું ફોકસ 'કુશળ સાર' અને 'ગિલ સાર' પર છે. જનભાગીદારીની સાથે-સાથે તેમાં ટેક્નોલૉજીની પણ ઘણી મદદ લેવામાં આવી રહી છે. ક્યાં-ક્યાં અતિક્રમણ થયું છે, ક્યાં ગેરકાયદે નિર્માણ થયું છે, તેની જાણકારી મેળવવા માટે આ ક્ષેત્રનો કાયદેસરનો સર્વે કરાવવામાં આવ્યો. તેની સાથે જ પ્લાસ્ટિક વેસ્ટને હટાવવા અને કચરાની સફાઈનું અભિયાન પણ ચલાવવામાં આવ્યું.

મિશનના બીજા ચરણમાં જૂની વૉટર ચૅનલ્સ અને તળાવોને

ભરનારાં 19 ઝરણાંને Restore કરવાનો પણ ભરપૂર પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ Restoration Projectના મહત્ત્વ વિશે વધારેમાં વધારે જાગૃતિ ફેલાય, તેને માટે સ્થાનિક લોકો અને યુવાનોને વૉટર ઍમ્બેસેડર પણ બનાવવામાં આવ્યા છે. હવે અહીંના સ્થાનિક લોકો ગિલ સાર લેકમાં પ્રવાસી પક્ષીઓ અને માછલીઓની સંખ્યા વધતી રહે તેને માટે પણ પ્રયત્ન કરી રહ્યા છે અને તેને જોઈને ખુશી પણ થાય છે. હું આવા શાનદાર પ્રયત્ન માટે શ્રીનગરના લોકોને ઘણી જ શુભેચ્છા પાઠવું છું.

સાથીઓ, આઠ વર્ષ પહેલાં દેશે જે સ્વચ્છ ભારત મિશન શરૂ કર્યું, સમય સાથે તેનો વિસ્તાર પણ વધતો ગયો, નવાં નવાં ઈનોવેશન પણ જોડાતાં ગયાં. ભારતમાં તમે ક્યાંય પણ જશો તો જોશો કે દરેક જગ્યાએ સ્વચ્છતા માટે કોઈ ને કોઈ પ્રયત્ન જરૂર થઈ રહ્યા છે. આસામના કોકરાઝારમાં આવા જ એક પ્રયત્ન વિશે મને જાણવા મળ્યું. અહીં Morning Walkersના એક સમૂહે ‘સ્વચ્છ અને હરિત કોકરાઝાર’ મિશન હેઠળ ઘણી જ પ્રશંસનીય પહેલ કરી છે. આ બધાએ નવા ફ્લાયઓવર ક્ષેત્રમાં ત્રણ કિલોમીટર લાંબા માર્ગની સફાઈ કરીને સ્વચ્છતાનો પ્રેરક સંદેશ આપ્યો. આવી જ રીતે વિશાખાપટ્ટનમમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ પોલિથીનને બદલે કપડાંની થેલીને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. અહીંના લોકો પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે Single Use Plastic ઉત્પાદકોની સામે અભિયાન ચલાવી રહ્યા છે. તેની સાથે-સાથે આ લોકો ઘરે જ કચરાને અલગ કરવા માટે જાગૃતિ પણ ફેલાવી રહ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજથી થોડા દિવસો પછી જ, 8 માર્ચે આખી દુનિયામાં ‘International Women’s Day’, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવામાં આવશે. મહિલાઓનાં સાહસ, કૌશલ અને પ્રતિભાથી જોડાયેલા કેટલાંય ઉદાહરણ આપણે ‘મન કી બાત’માં સતત વહેંચતા રહ્યા છીએ. આજે પછી તે સ્કિલ ઇન્ડિયા હોય, સેલ્ફ હેલ્પ ગ્રુપ હોય, કે નાના-મોટા ઉદ્યોગ હોય, મહિલાઓએ દરેક જગ્યાએ મોરચો સંભાળ્યો છે. તમે કોઈપણ ક્ષેત્રમાં જુઓ, મહિલાઓ જૂની માનસિકતાઓને તોડી રહી છે. આજે આપણા દેશમાં પાર્લામેન્ટથી લઈને પંચાયત સુધી અલગ-અલગ કાર્યક્ષેત્રમાં મહિલાઓ નવી નવી ઊંચાઈ પ્રાપ્ત કરી રહી છે. સેનામાં પણ દીકરીઓ હવે નવી અને મોટી ભૂમિકાઓમાં જવાબદારી નિભાવી રહી છે અને દેશની રક્ષા કરી રહી છે. ગયા મહિને પ્રજાસત્તાક દિવસ પર આપણે જોયું કે આધુનિક ફાઇટર પ્લેનને પણ દીકરીઓ ઉડાવી રહી છે. દેશે સૈનિક સ્કૂલોમાં પણ દીકરીઓનાં ઍડમિશન પરથી પ્રતિબંધ હટાવ્યો અને આખા દેશમાં દીકરીઓ સૈનિક સ્કૂલમાં દાખલ થઈ રહી છે.

આવી જ રીતે આપણા સ્ટાર્ટ-અપ જગતને જોઈએ તો છેલ્લાં વર્ષોમાં, દેશમાં હજારો નવા સ્ટાર્ટ-અપ શરૂ થયા, જેમાંથી લગભગ અડધા સ્ટાર્ટ-અપમાં મહિલાઓ નિર્દેશકની ભૂમિકામાં છે. ટ્રિપલ તલાક જેવા સામાજિક અનિષ્ટનો અંત પણ થઈ રહ્યો છે. જ્યારથી ટ્રિપલ તલાકની સામે કાયદો આવ્યો છે, દેશમાં ત્રણ તલાકના મામલામાં 80 ટકાનો ઘટાડો આવ્યો છે. આ આટલા બધા બદલાવ આટલા ઓછા સમયમાં કેવી રીતે થઈ રહ્યા છે? આ પરિવર્તન એટલે આવી રહ્યાં છે, કારણ કે આપણા દેશમાં પરિવર્તન અને પ્રગતિશીલ પ્રયત્નોનું નેતૃત્વ હવે ખુદ મહિલાઓ કરી રહી છે.


મારા પ્રિય દેશવાસીઓ, કાલે 28 ફેબ્રુઆરીએ નૅશનલ સાયન્સ ડે છે. આ દિવસ Raman Effectની શોધ માટે પણ ઓળખાય છે. હું સી. વી. રમનજીની સાથે એ બધા જ વૈજ્ઞાનિકોને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું, જેમણે આપણી Scientific Journeyને સમૃદ્ધ બનાવવામાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, આ વખતે પણ આપણે ઘણા વિષયો પર ચર્ચા કરી. આવનારા માર્ચ મહિનામાં, ઘણા તહેવારો આવી રહ્યા છે - શિવરાત્રિ છે અને હવે થોડા દિવસો પછી તમે બધા હોળીની તૈયારીમાં લાગી જશો. હોળી આપણને એકસૂત્રમાં પરોવનારો તહેવાર છે. આમાં પારકા-પોતાના, દ્વેષ-વિદ્વેષ, નાના-મોટા, તમામ ભેદ ભૂંસાઈ જાય છે. તેથી જ કહેવાય છે કે હોળીનો રંગ કરતાં પણ વધારે ઘાટા રંગ પ્રેમ અને સંવાદિતાના હોય છે. હોળીમાં ગુજિયાની સાથે સાથે સંબંધોની પણ અનોખી મીઠાશ હોય છે. આપણે આ સંબંધોને વધુ મજબૂત બનાવવાના છે અને સંબંધ ફક્ત આપણા પરિવારના લોકો સાથે જ નથી, પરંતુ તે લોકો સાથે પણ- જે મોટા પરિવારનો ભાગ છે. તેની સૌથી મહત્ત્પૂવર્ણ રીત પણ આપે યાદ રાખવાની છે - આ રીત છે, 'વોકલ ફૉર લોકલ' સાથે તહેવારની ઉજવણીની. તમે તહેવારો પર સ્થાનિક ઉત્પાદનોની ખરીદી કરો, જેનાથી આપની આસપાસ રહેનારા લોકોના જીવનમાં પણ રંગ ઉમેરાય, રંગ રહે, ઉમંગ રહે.

> “ **તમે તહેવારો પર સ્થાનિક ઉત્પાદનોની ખરીદી કરો, જેનાથી આપની આસપાસ રહેનારા લોકોના જીવનમાં પણ રંગ ઉમેરાય, રંગ રહે, ઉમંગ રહે.** ”

આપણો દેશ જેટલી સફળતાથી કોરોનાની સામે લડાઈ લડી રહ્યો છે, અને આગળ વધી રહ્યો છે, તેનાથી તહેવારોમાં જોશ પણ અનેકગણો વધી ગયો છે. આ જ જોશની સાથે આપણે આપણા તહેવાર મનાવવાના છે, અને સાથે જ પોતાની સાવધાની પણ રાખવાની છે. હું આપ બધાને આવનારા તહેવારોની શુભેચ્છાઓ આપું છું. મને હંમેશાં આપની વાતોની, આપના પત્રોની, આપના સંદેશાઓની રાહ રહેશે.

ખૂબ-ખૂબ શુભેચ્છા.




## ગુજરાત બાયોટેક્નોલોજી પૉલિસી ૨૦૨૨-૨૭

# ગુજરાતના વિકાસને નવી દિશા આપવાનો નિર્ધાર

ગુજરાતમાં બાયોટેક્નોલૉજી ઉદ્યોગોનો ઝડપી અને સર્વસમાવેશક વિકાસ થાય તથા તેને પ્રોત્સાહન મળે અને તેનો મહત્તમ લાભ ગુજરાતને મળે તે હેતુ સાથે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવી ગુજરાત બાયોટેક્નોલૉજી પૉલિસી જાહેર કરી છે. આ નવી પૉલિસી આગામી પાંચ વર્ષ એટલે કે ૨૦૨૨થી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં આ નવી પૉલિસીની જાહેરાત અમદાવાદ સ્થિત સાયન્સ સિટી ખાતે કરી હતી.

આ નવી બાયોટેક્નોલૉજી પૉલિસીની જાહેરાત વેળાએ બ્રિટિશ ડેપ્યુટી હાઈ-કમિશનર શ્રી પીટર કુક તેમજ મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, વરિષ્ઠ સચિવશ્રીઓ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી વિજય નહેરા, બાયોટેક્નોલૉજી ક્ષેત્રની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓ અને ઉદ્યોગગૃહોના પ્રતિનિધિશ્રીઓ પણ આ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, ગુજરાતે પૉલિસી ડ્રિવન સ્ટેટ અને ઉદ્યોગસાહસિકતા માટે દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીએ ઉદ્યોગસાહસિકતાને નવી દિશા આપી છે.

એટલું જ નહિ, બાયોટેક્નોલૉજી જ્યારે વૈશ્વિક હરણફાળ ભરી રહી છે ત્યારે બાયોટેક આધારિત ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે આ નવી બાયોટેક્નોલૉજી પૉલિસી જાહેર કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, બાયોટેક્નોલૉજીના વિજ્ઞાનનું વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં, ખાસ કરીને આરોગ્ય અને કૃષિ ક્ષેત્રની સમસ્યાઓના સમાધાન માટે નોંધપાત્ર યોગદાન રહ્યું છે. પ્રવર્તમાન કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારી સામેની માનવજાતની લડાઈમાં બાયોટેક્નોલૉજીનો ફાળો ખૂબજ અગત્યનો રહ્યો છે. કોરોનાને કારણે ઘર-ઘરમાં જાણીતા થયેલા રેપિડ એન્ટિજન ટેસ્ટ, આરટી-પીસીઆર ટેસ્ટ, વેક્સિન વગેરે બાયોટેક્નોલૉજીની દેન છે. મુખ્યમંત્રીશ્રીએ આ પૉલિસીની વિસ્તૃત વિગતો આપતાં ઉમેર્યું કે, બાયોટેક્નોલૉજી પૉલિસીમાં બાયોટેક્નોલૉજી ક્ષેત્રે વધુ રોકાણો આકર્ષવા માટે વિવિધ સ્ટેક હોલ્ડર્સ, જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ સાહસિકો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો અને તેમનાં રચનાત્મક સૂચનોને પણ બાયોટેક્નોલૉજી પૉલિસી ૨૦૨૨-૨૭માં આવરી લેવાયાં છે.

બાયોટેક્નોલૉજી પૉલિસી ૨૦૨૨-૨૭, નૅશનલ પૉલિસી ઍન્ડ સ્ટ્રૅટેજીસને ધ્યાને રાખી ઘડવામાં આવેલી છે. આમાં વિવિધ


સ્ટેકહોલ્ડર્સ, જેવી કે બિન-સરકારી સંસ્થાઓ, વૈજ્ઞાનિક પ્રતિષ્ઠાનો અને ઉદ્યોગો વચ્ચેની ભાગીદારીને પ્રોત્સાહન અપાશે. બાયોટેક્નોલૉજી પૉલિસી (૨૦૨૨-૨૭)માં ગુજરાતના બાયોટેક્નોલૉજી ઉદ્યોગોને વૈશ્વિક સ્તરના બનાવવા માટે ટેક્નોલૉજી એક્વિઝિશન માટે સહાય, સ્કિલ ડેવલપમેન્ટ સહાય, વૈકલ્પિક ઊર્જા ઉત્પાદન, ક્વૉલિટી સર્ટિફિકેશન અને બૅન્ડવિડ્થ લીઝિંગ માટેની વિવિધ આર્થિક સહાયનો સમાવેશ કરવામાં આવ્યો છે, અગાઉની પૉલિસીમાં આવી સહાય સમાવિષ્ટ નહોતી.

આ પૉલિસીમાં બાયોટેક્નોલૉજી ક્ષેત્રની ફ્રન્ટિયર ટેક્નોલૉજીઝ આવરી લેવામાં આવી છે, તેમજ બાયોટેક્નોલૉજી પ્રોડક્ટ્સ અને સર્વિસીઝની યાદીને વધુ વ્યાપક કરવામાં આવેલી છે. આ પૉલિસી રાજ્યમાં બાયોપ્લાસ્ટિક્સથી લઈને જિન સ્પ્લાઇસિંગ અને સ્ટેમ સેલ થૅરપી જેવાં ક્ષેત્રો માટે પ્રોત્સાહક બનશે. આ ઉપરાંત પ્રિ-ક્લિનિકલ ટેસ્ટિંગ, ખાનગી સેક્ટરમાં જિનોમ સિક્વસિંગ, પ્લગ ઍન્ડ પ્લે ફૅસેલિટીઝ, પ્રાઈવેટ સેક્ટર BSL-3 સર્ટિફિકેશન લૅબોરેટરીઝ જેવા સ્પેશિયલ પ્રોજેક્ટસને સહાય-સપોર્ટથી આ નવી બાયોટેક્નોલૉજી પૉલિસી ઈકોસિસ્ટિમને વધુ સુગ્રથિત કરશે.

મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલી ગુજરાત બાયોટેક્નોલૉજી પૉલિસી (૨૦૨૨-૨૭)ની કેટલીક મહત્ત્વપૂર્ણ વિશેષતાઓ આ જોઈએ તો...

- ઈનોવેટિવ CAPEX તેમજ OPEX મૉડેલથી એકંદરે સહાયનો દર અને સહાયની માત્રા એમ બંનેમાં મહત્ત્વપૂર્ણ વધારો કરવામાં આવ્યો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા સ્ટ્રૅટેજિક પ્રોજેક્ટ્સ અને મેગા/લાર્જ પ્રોજેક્ટસને સ્પેશિયલ પૅકેજ આપીને આગવું મહત્ત્વ આપવામાં આવ્યું છે, તે ઍન્કર યુનિટ્સ અને હાલમાં કાર્યરત ઉદ્યોગો દ્વારા નવા રોકાણને આકર્ષિત કરશે અને રાજ્યમાં રોજગારીની નવી તકો ઊભી કરશે.
- રૂ. ૨૦૦ કરોડથી ઓછી મૂડીરોકાણવાળા MSME ઉદ્યોગોને રૂ. ૪૦ કરોડની મહત્તમ મર્યાદામાં અને રૂ. ૨૦૦ કરોડથી વધુ મૂડીરોકાણવાળા મેગા/લાર્જ પ્રોજેક્ટસને, તેમજ ઈકોસિસ્ટમ સશક્તીકરણ, ઈમર્જિંગ ટેક્નોલૉજીસ ઇન ચૅલેન્જિંગ એરિયાઝ અને સ્ટ્રૅટેજિક મહત્ત્વતા ધરાવતા સ્પેશિયલ પ્રોજેક્ટ્સને રૂ. ૨૦૦ કરોડની મહત્તમ મર્યાદામાં કુલ મૂડીખર્ચના ૨૫% સહાય, કુલ ૫ વર્ષમાં ૨૦ ત્રિમાસિક હપ્તાના સ્વરૂપમાં અપાશે.
- રૂ. ૨૦૦ કરોડથી ઓછી મૂડીરોકાણવાળા MSME ઉદ્યોગોને પ્રતિવર્ષ રૂ. ૫ કરોડ પ્રતિવર્ષની મહત્તમ મર્યાદામાં અને રૂ. ૨૦૦ કરોડથી વધુ મૂડીરોકાણ વાળા મેગા/ લાર્જ પ્રોજેક્ટ્સને, તેમજ ઈકોસિસ્ટમ સશક્તીકરણ જેવા સ્પેશિયલ પ્રોજેક્ટ્સને રૂ. ૨૫ કરોડ પ્રતિવર્ષની મહત્તમ મર્યાદામાં કુલ ઓપરેટિંગ ખર્ચના ૧૫% સહાય આપવામાં આવશે; આ સહાયમાં પાવર ટેરિફ, પેટન્ટ સહાય, માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય, લીઝ રેન્ટલ સબસિડી, બૅન્ડવિડ્થ લીઝિંગ, અને ક્વૉલિટી સર્ટિફિકેશન માટેના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- બાયોટેક્નોલૉજી પૉલિસીની કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ
  - **રોજગારીને પ્રોત્સાહન:** એક વર્ષથી વધારે સમય સુધી અરજકર્તા કંપની સાથે જોડાયેલાં હોય તેવાં પ્રત્યેક સ્થાનિક પુરુષ અને મહિલાને અનુક્રમે રૂ. ૫૦,૦૦૦ અને રૂ. ૬૦,૦૦૦ની સહાય અપાશે.
  - **એમ્પલોયમેન્ટ પ્રૉવિડન્ટ ફંડ:** પ્રત્યેક મહિલા અને પુરુષ કર્મચારી માટે અરજકર્તા કંપનીએ ભરેલી એમ્પલોયમેન્ટ પ્રૉવિડન્ટ ફંડ ઉપર અનુક્રમે ૧૦૦% અને ૭૫% વળતર.
- **ટર્મ લોન ઉપર વ્યાજ સબસિડી:** રૂ ૧૦૦ કરોડ સુધીની ટર્મ લોન ઉપર ભરેલા વ્યાજ સામે વાર્ષિક રૂ. ૭ કરોડની ટોચમર્યાદામાં, ૭%ના દરે ત્રિમાસિક વળતર. ઉપરાંત, રૂ ૧૦૦ કરોડથી વધુની ટર્મ લોન ઉપર, વાર્ષિક રૂ. ૨૦ કરોડની મહત્તમ મર્યાદામાં, ભરેલા વ્યાજ સામે ૩%ના દરે ત્રિમાસિક વળતર.
- **ઈલેક્ટ્રિસિટી ડ્યુટી:** પાંચ વર્ષ માટે ભરેલી ઈલેક્ટ્રિસિટી ડ્યુટી ઉપર ૧૦૦% વળતર.
- દેશમાં ઉત્પાદન ન થતી હોય તેવી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સ્ટ્રૅટેજિક મહત્ત્વના પ્રોજેક્ટ્સ હેઠળ સમાવેશ કરી ઈકોસિસ્ટમ સશક્તીકરણ તથા મેગા અને લાર્જ પ્રોજેક્ટસને મળતા સ્પેશિયલ પૅકેજ દ્વારા વધારાની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે.
- સ્પેશિયલ પૅકેજ હેઠળ મંજૂરી મળેલા પ્રોજેક્ટ્સને રાજ્ય સરકારના આંતર-વિભાગીય સંકલન અને સિંગલ પૉઈન્ટ ઑફ કૉન્ટેક્ટથી જમીન ફાળવણી તથા અન્ય પાયાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત જરૂરિયાતો જેમ, અપ્રોચ રોડ, પાણી-પુરવઠો, ઈલેક્ટ્રિસિટી, ગટર વગેરે માટે સર્વાંગી સુવિધા પૂરી પાડવામાં આવશે.

આ નવી બાયોટેક્નોલૉજી પોલિસી ૨૦૨૨-૨૭થી બાયોટેક્નોલૉજિકલ ડ્રિવન ઈકોનૉમી દ્વારા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરવામાં ગુજરાત લીડ લેવા પ્રતિબદ્ધ છે. ●



## ગુજરાતની વધુ એક નવતર પહેલ

# દેશમાં પ્રથમ વાર હાઈ એન્ડ જિનોમ સિક્વન્સિંગ મશીન ઇન્સ્ટોલ કરવાની સિદ્ધિ ગુજરાતે મેળવી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે જિનોમ સિક્વન્સિંગ ક્ષેત્રે એક નવતર પહેલ હાથ ધરી છે. રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત બાયોટેક્નોલૉજી રિસર્ચ સેન્ટર દ્વારા નવું હાઇ-થ્રુપુટ જિનોમ સિક્વન્સિંગ Novaseq 6000 મશીન ખરીદવામાં આવ્યું છે. કોઈ પણ રાજ્ય સરકાર સંચાલિત સંસ્થામાં આવું અદ્યતન મશીન સૌપ્રથમ ઈન્સ્ટોલ કરવાની સિદ્ધિ ગુજરાતે આ મશીન ઈન્સ્ટોલેશનથી મેળવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના સાયન્સ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર તેમજ સચિવ શ્રી વિજય નહેરાની ઉપસ્થિતિમાં આ મશીનનું તાજેતરમાં રાજ્યની નવી બાયોટેક્નોલૉજી પૉલિસીના લૉન્ચિંગ વેળાએ સાયન્સ સિટી ખાતે લોકાર્પણ કર્યું હતું.

ગુજરાતમાં બાયોટેક્નોલૉજીનાં વિવિધ ક્ષેત્રોમાં ટ્રાન્સનૅશનલ રિસર્ચ કરવા માટે સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી વિભાગ અંતર્ગત આ ગુજરાત બાયોટેક્નોલૉજી રિસર્ચ સેન્ટર GBRCની સ્થાપના કરવામાં આવેલી છે.

આ સંસ્થામાં વિવિધ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક એજન્સીઓ દ્વારા આપવામાં આવેલા ૩૦થી વધુ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. એટલું જ નહિ, કોવિડ-19 મહામારી દરમ્યાન જિનોમિક્સ સર્વેલન્સ, ડાયગ્નોસ્ટિક્સ, વેસ્ટ વૉટર સર્વેલન્સ વગેરે પર પણ GBRCએ કામ કરેલું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંસ્થાને વધુ સુદૃઢ ૧૩.૯૫ કરોડ રૂપિયાના ખર્ચે હાઇ-થ્રુપુટ જિનોમ સિક્વન્સિંગ મશીન ખરીદવા મંજૂરી આપી હતી.

તદઅનુસાર, GBRCએ ખરીદી કરીને ઈન્સ્ટોલ કરેલા આ Novaseq 6000 મશીનને પરિણામે GBRCની સિક્વન્સિંગ કૅપેસિટીમાં અંદાજે ૯ ગણો વધારો થયો છે. આ Illumina Novaseq 6000 બે દિવસમાં 6Tb અને ૨૦ બિલિયન રીડ જનરેટ કરવાની ક્ષમતા ધરાવે છે.

GBRCમાં ઈન્સ્ટોલ થયેલા આ મશીનની મદદથી એક મહિનામાં 3000થી વધુ SARS-CoV-2 (COVID-19) જિનોમનું સિક્વન્સિંગ કરવું શક્ય છે, તેના સહયોગથી નવા મ્યુટેશન અથવા સ્ટ્રેનનું નિરીક્ષણ કરવું પણ વધુ સરળ બનશે.

અન્ય સંશોધનો કૅન્સર, રેર જિનેટિક ડિસઑર્ડર, પૉપ્યુલેશન જિનેટિક્સ, સંપૂર્ણ જિનોમ/એક્ઝોમ/ટ્રાન્સક્રિપ્ટોમ વગેરે સરળતાથી કરવા શક્ય બનશે.

આ મશીનની મદદથી એકસાથે 2-3 દિવસમાં લગભગ 50 મનુષ્યના પૂર્ણ જિનોમનું સિક્વન્સિંગ થઈ શકે છે. વધુ સારી જાતિનાં પશુ અથવા છોડની પસંદગી માટે પશુ જાતિ અને છોડના સુધારણા કાર્યક્રમોમાં પણ આ મશીન ઉપયોગી થઈ શકે છે.

NovaSeq 6000 હાઇ-થ્રુપુટ સિક્વન્સર હોવાથી, વિવિધ ઔદ્યોગિક ઍપ્લિકેશનો માટે હજુ પણ અનકલ્ચર્ડ અને ઓછા પ્રમાણમાં થતાં સૂક્ષ્મ જીવાણુઓનું અન્વેષણ કરવું શક્ય છે. આ મશીનની મદદ વડે આયુર્જિનોમિક્સ, ફાર્મેકોજિનોમિક જેવા જિનોમિક પ્રોગ્રામ કરવા શક્ય બને છે.

આ નવું મશીન જીબીઆરસીની શેર્ડ-લૅબ નેટવર્કમાં સામેલ કરવામાં આવશે અને તેનો ઉપયોગ વિવિધ વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, સંશોધકો, સ્ટાર્ટ-અપ્સ અને કંપનીઓ કરી શકશે. ●

# યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓની સહીસલામત વતન વાપસી



ગુજરાતમાંથી યુક્રેનમાં અભ્યાસ માટે ગયેલા યુવાઓ યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધની પ્રવર્તમાન સ્થિતિમાં ત્યાં ફસાઈ ગયા છે. આ ફસાઈ ગયેલા યુવાઓને તેમના વતન ગુજરાત પરત લાવવા માટે વડાપ્રધાન શ્રી  નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત સરકારના વિદેશ મંત્રાલયે હાથ ધરેલા પ્રયાસો ફળદાયી રહ્યા છે.

યુક્રેન રશિયા યુદ્ધની સ્થિતિમાં યુક્રેનમાં ફસાયેલા ભારતીય અને ગુજરાતી યુવા વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રયાસોથી સ્વદેશ લાવવામાં આવી રહ્યા છે. આ ઓપરેશન અન્વયે આવેલી પહેલી ફલાઇટમાં ગુજરાતના 100 જેટલા યુવા  વિદ્યાથીઓ મુંબઈ અને દિલ્હી આવી ગયા છે.

શિક્ષણ મંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશનીતિના પરિણામે ભારતીય વિદ્યાર્થીઓની વતન વાપસી માટે રશિયા, યુક્રેન સહિતના દેશો સાથે વાતચીત શક્ય બની છે જેના પરિણામે આપણે આપણા વિદ્યાર્થીઓને પરત લાવી શકયા છીએ. વહેલી સવારે યુક્રેનથી ગુજરાત પરત આવેલા વિદ્યાર્થીઓને આવકારવા માટે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવી પહોચ્યા હતા અને વિદ્યાર્થીઓના વાલીઓ સાથે વાતચીત કરીને સૌને સાંત્વના પાઠવી હતી આ વેળાએ સહી સલામત પરત ફરેલા વિદ્યાર્થીઓને માતા-પિતા વાલીઓ અશ્રુભીની આંખે ભેટી પડતાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, ભારત પરત આવેલા વિદ્યાર્થીઓને ગુજરાતમાં તેમના વતન સુધી પહોંચાડવાની સંપૂર્ણ વ્યવસ્થા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે કરી છે. મંત્રીશ્રીએ માતા-પિતા વાલીઓને હૈયાધારણ આપતા કહ્યું કે, હજી પણ જે વિદ્યાર્થીઓ યુક્રેનના યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા છે તેમને વતન હેમખેમ પરત લાવવા સક્ષમ પ્રયત્નો સરકાર કરી રહી છે.

દિલ્હીથી ૨૭ વિદ્યાર્થીઓ પરત ફર્યા છે એમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ, વલસાડ, સુરત, ગીર સોમનાથ, અમરેલી, સોમનાથ, સુરેન્દ્રનગર જિલ્લાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે આ તમામ વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મંત્રીશ્રીએ વાતચીત કરીને સાંત્વનાઓ પાઠવી હતી.

MEA દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે જેનો ટોલ ફ્રી નંબર 1800 118 797 ઉપરાંત +91 11 230 12 113, +91 11 230 14104, +91 11 230 17905, +91 11 230 88 124(FAX)નો સંપર્ક કરવા સૌનો અનુરોધ કર્યો છે. આ ઉપરાંત યુક્રેન, પોલેન્ડ, હંગેરી, રોમાનિયા, સ્લોવેકિયા રીપબ્લિક ખાતે પણ કંટ્રોલ રૂમ કરીને હેલ્પલાઈન નંબર કાર્યરત કરાયા છે.

સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને આવકારવા માટે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજયમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ.જે.હૈદર સહિત વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## નાગરિકોને ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરતી રાજ્ય સરકાર

યુક્રેનમાં ફસાયેલા ગુજરાતી યુવા વિદ્યાર્થીઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારત સરકારના સફળ પ્રયાસોથી ખાસ શરૂ કરાયેલી રેસ્કયુ ફલાઈટ મારફતે સહીસલામત રીતે મુંબઈ આવી પહોંચ્યા છે. આ યુવા વિદ્યાર્થીઓને ગુજરાત સરકારના માર્ગ-વાહનવ્યવહાર નિગમની બે વૉલ્વો બસ દ્વારા ગુજરાત લાવવામાં આવશે અને તેમના વતન પહોંચાડવાની વ્યવસ્થાઓ પણ રાજ્ય સરકાર કરશે. મુંબઈ ઍરપોર્ટ આવી પહોંચેલા આ યુવાઓના મુખ પર  હેમખેમ ભારત પરત આવી ગયાનો આનંદ દેખાઈ રહ્યો હતો. આ યુવાઓને ગુજરાત સરકારના અધિકારીઓએ ઍરપોર્ટ પર આવકાર્યા હતા.

# ગરીબોને મળ્યા લાભ હાથોહાથ : ગરીબ કલ્યાણ મેળા

ગુજરાત સરકારના હૃદયસ્થાને જનતાજનાર્દન જ બિરાજે છે. ગુજરાતના કોઈપણ છેડે વસતા નાગરિકને ઘરઆંગણે સુવિધા પ્રાપ્ત થાય તે માટે અનેકવિધ યોજનાઓનું સફળ અમલીકરણ ગુજરાત સરકાર કરી રહી છે. ગરીબ કલ્યાણ મેળા થકી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકારે ગરીબોના ઘરમાં સુખનો સૂર્યોદય અને ગરીબીના ઓછાયાનો અસ્તાચળ લાવવાનું કાર્ય કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી વિકાસને વેગ આપવાનું અને જનસુવિધાને જનજનના આંગણે પહોંચાડવાનું કાર્ય કર્યું છે, આ ત્રિદિવસીય રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ દાહોદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ ઉપરાંત મોરબી અને અમરેલી ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રિદિવસીય રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૭,૨૩૧ લાભાર્થીઓને રૂ.૧૫૪.૪૪ કરોડની સ્થળ ઉપર સહાય તેમજ ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂ.૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય ચુકવવામાં આવી. આ સાથે જિલ્લા કક્ષાએ યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી મંડળના સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહીને લાભાર્થીઓને સાધનસહાયનું વિતરણ કર્યું હતું.

**12મા ગરીબ કલ્યાણ મેળાઓમા ૫૭,૨૩૧ લાભાર્થીઓને રૂ.૧૫૪.૪૪ કરોડની સ્થળ ઉપર સહાય તેમજ ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂ.૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય ચુકવવામાં આવી**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાનાં ૧૨મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ વનબંધુ વિસ્તાર દાહોદથી કરાવતાં જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોમાં 'હવે ગરીબીમાં નથી જ રહેવું' એવું સ્વાભિમાન અને નવી શક્તિ આપ્યાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૯-૧૦થી ગરીબ કલ્યાણ મેળાનો અભિનવ વિચાર આપેલો. તેમની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતમાં અત્યાર સુધીમાં ગરીબ કલ્યાણ મેળાઓના ૧૧ તબક્કા દ્વારા ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧.૪૭ કરોડ દરિદ્રનારાયણ, જરૂરતમંદ લોકોને ૨૬,૬૦૦ કરોડ ઉપરાંતના સહાય-લાભ હાથોહાથ



પહોંચાડવામાં આવ્યા છે. દાહોદના ગરીબ કલ્યાણ મેળામાં ૬૮,૫૦૦થી વધુ લાભાર્થીઓને અંદાજે ૩૮૦ કરોડના લાભ સહાય આ ૧૨મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાથી આપવામાં આવ્યા છે.

**ગરીબ કલ્યાણ મેળાએ 'ગરીબીમાં હવે નથી જ રહેવું' એવું સ્વાભિમાન અને નવી શક્તિ ગરીબોને આપી છે.**
**- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળા માત્ર સરકારી સહાય આપવાના ઉદ્દેશ્યથી નહિ, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની દીર્ઘદ્રષ્ટિથી ગરીબોના સશક્તીકરણનું મહાઅભિયાન બન્યા છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ કોઈ પર દયાદાન, ઉપકાર કે મદદનો ભાવ નહિ પણ, જેના હક્કનું છે તેને આપવાનો સેવાયજ્ઞ છે. સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય તેની પૂરતી તકેદારી સાથે ગરીબોને શોધી તેમને હાથોહાથ સહાય-લાભ પહોંચાડવા સમગ્ર તંત્ર પ્રેરિત થયું છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં શરૂ થયેલો આ ગરીબ-દરિદ્રનારાયણોના સશક્તીકરણનો સેવાયજ્ઞ-ગરીબ કલ્યાણ મેળા પ્રો-પુઅર ગવર્નન્સના અભ્યાસુ સંશોધકો માટે સફળ કેસ સ્ટડી બની ગયા છે.

પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ગરીબ કલ્યાણ મેળાના ૧૨મા તબક્કામાં પણ ગરીબોના ઉત્થાનમાં મહત્ત્વના સાબિત થશે.



દાહોદના સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ૧૨૧ દિવસમાં ૨૦૦થી પણ વધુ નિર્ણય લઈ વહીવટી સરળતા ઊભી કરી છે. આવકના દાખલાની મુદત વધારવા, સોગંદનામામાંથી મુક્તિ સહિતની બાબતો તેનાં ઉદાહરણ છે.

ગરીબ કલ્યાણ મેળાના ૧૨મા તબક્કાના ભાગરૂપે મોરબીમાં આયોજિત ગરીબ કલ્યાણ મેળામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગરીબોને ગરીબીના અભિશાપમાંથી બહાર લાવી સ્વમાનભેર જીવનનિર્વાહનું સફળ માધ્યમ ગરીબ કલ્યાણ મેળા બન્યા છે. ગરીબ કલ્યાણ મેળામાં અપાતી સાધન-સામગ્રી ગુણવત્તાયુક્ત હોય તે પણ રાજ્ય સરકારે સુનિશ્ચિત કર્યું છે. મોરબીમાં યોજાયેલા આ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત ૧૭૨૧ લાભાર્થીઓને રૂ. ૩.૪૦ કરોડના લાભ-સહાય અર્પણ કરવામાં આવ્યા હતા.

પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં ગૌ સંવર્ધન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમે જણાવ્યું હતું કે, સત્તા નહિ, પરંતુ સેવાને વરેલી રાજ્ય સરકારના પ્રયાસોથી છેવાડાના માનવીઓ સુધી રાજ્ય સરકારની લોક કલ્યાણલક્ષી યોજનાઓના લાભો પહોંચાડી શકાયો છે તે માટે ગરીબ કલ્યાણ મેળા અગત્યનું માધ્યમ પુરવાર થયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલીમાં આયોજિત ગરીબ કલ્યાણ મેળામાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કર્યું હતું. વંચિતોના વિકાસની વિભાવના તેમણે વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાઓ થકી અમીરો અને ગરીબો વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયાસ રાજ્ય સરકાર કરી રહી છે. ગરીબ અને અમીર વચ્ચેની અસમાનતાની ખીણ વધુ પહોળી ન બને તે જરૂરી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી આર. સી. મકવાણાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના છેવાડાના લોકોના કલ્યાણ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

આ ગરીબ મેળા અંતર્ગત અમરેલી જિલ્લાનાં ૮૪ હજારથી વધારે લાભાર્થીઓને ૧૦૨ કરોડના લાભ અને સહાય આપવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય કૅબિનેટ મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલા અને ઇફકોના ચૅરમૅન શ્રી દિલીપભાઈ સંઘાણીએ સંદેશા દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. ●

# ગરીબ કલ્યાણ મેળા તસવીરી ઝલક

ગરીબો પગભર થાય અને ગરીબીના અભિશાપમાંથી મુક્ત થઈ સ્વમાનભેર જીવનનિર્વાહ કરવા માટે જરૂરી સાધનસહાયથી તેમનો જીવનનિર્વાહ કરી શકે તેનું સશક્ત માધ્યમ ગરીબ કલ્યાણ મેળા બન્યા છે. 12મા તબક્કાના ગરીબ મેળામાં હજારો નાગરિકોને કરોડો રૂપિયાનાં સાધન-સહાયનો લાભ આપ્યો છે. જિલ્લા કક્ષાએ તેમજ શહેરી કક્ષાના ગરીબ મેળાનું આયોજન કરાયું હતું, જેમાં મંત્રીમંડળના સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહી લોકોને હાથોહાથ સહાયનું વિતરણ કર્યું હતું, જેનો વિસ્તૃત અહેવાલ અહીં પ્રસ્તુત છે.



**વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યે ભુજ**માં ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ ૧૬ વિભાગોની રૂ. ૩૨૪ કરોડની સીધેસીધી સહાય ૬૯,૬૨૩ લાભાર્થીઓને ચૂકવી હતી.

**શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ રાજકોટ**માં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાના કુલ ૬૪૬ લાભાર્થીઓને રૂ. 5.14 કરોડથી વધુ રકમના લાભો તથા સહાયનું વિતરણ કર્યું હતું, જ્યારે રાજકોટ જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૧.૨૬ લાખ લાભાર્થીને રૂ. ૪૪૫ કરોડના લાભો અર્પણ કરાયા હતા.





**આણંદ જિલ્લાના બોચાસણ ખાતે મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી**ના અધ્યક્ષસ્થાને યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં ૩૭ હજારથી વધુ લાભાર્થીઓને રૂા. ૩૫ કરોડથી વધુની સાધન-સહાયના લાભો એનાયત કરવામાં આવ્યા હતા.



**આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અમદાવાદ** ખાતે ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને અંદાજિત ૩.૬૮ કરોડની રકમની વિવિધ સહાય હાથોહાથ આપી હતી.

**માર્ગ અને મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલે ભરૂચ**

### સરકારે મારૂં ડોક્ટર બનવાનું સપનું સાકાર કર્યુ



**અમરેલીના જૂની હળીયાદ ગામના સુશ્રી કલ્પના ખોરાસીયા જણાવે છે, રાજ્ય સરકારે મને પૂરતી મદદ કરી તાત્કાલિક મારી વિદેશ અભ્યાસ લોન મંજૂર કરી ફિલિપાઇન્સમાં તબીબી ક્ષેત્રના મારા અભ્યાસના સપનાઓ સાકાર કર્યા છે અને એના થકી મારું જીવન બદલાયું છે. મને સારી કારકિર્દીની સાથે સાથે નવી ઓળખ પણ આપી છે.**

### સરકારની ત્રિવિધ યોજનાનો લાભ મળ્યો



**લાલપુર તાલુકાના મનોજભાઈ સોલંકીએ જણાવે છે કે, અમે વાડી વિસ્તારમાં ઝૂંપડી બાંધીને રહેતા હતા. આવા સમયમાં મફત પ્લોટની સહાય, તેના પર પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ઘરનું ઘર અને શૌચાલય સુવિધાનો લાભ મળ્યો. આ રીતે ત્રિવિધ યોજનાનો લાભ આપવા બદલ અમે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરીએ છીએ.**



ખાતે ૬૩૧૭ લાભાર્થીઓને રૂ. ૨૦ કરોડની સાધન સહાય આપી હતી, જ્યારે રાજપીપળામાં મંત્રીશ્રીએ નર્મદા જિલ્લાના ૫૩૧ જેટલા લાભાર્થીઓને અંદાજે કુલ રૂ. ૩.૨૮ કરોડથી વધુની સાધન સહાય આપી હતી. તદ્ઉપરાંત સુરત શહેરી કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં મંત્રીશ્રીએ ૩૭૪૨ લાભાર્થીઓને રૂ. ૨૦૭ કરોડની સહાયનું વિતરણ કર્યું હતું.



**કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પોરબંદર**માં જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૩૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૩.૯૦ કરોડની સહાય/કિટ્સ વિતરણ કરવામાં આવી હતી. આ ઉપરાંત પંચમહાલના ગોધરા ખાતે યોજાયેલા મેળામાં કૃષિમંત્રીશ્રીએ 15થી વધુ વિભાગોની 50 જેટલી વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ અંતર્ગત લાભોનું વિતરણ કર્યું હતું.

**વલસાડના ધરમપુર તાલુકાના બામટી ગામે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ**ની ઉપસ્થિતિમાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં વલસાડ જિલ્લાના અંદાજિત ૯૦૦૦



લાભાર્થીઓને રૂ. ૧૦ કરોડના સાધન-સહાય, ચેકો અને કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.




**ભાવનગરમાં વન અને પર્યાવરણમંત્રી શ્રી કિરીટસિંહ રાણા** દ્વારા ૬૯ હજાર લાભાર્થીઓને રૂ. ૨૭૦ કરોડના સાધન-સહાય તથા લાભનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

**સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં વડોદરા**ના વરણામા ખાતેના ગરીબ



### સખી મંડળને મળી રૂ.7.50 લાખની સહાય



**પોરબંદરના ઉષાબહેન ચામડીયાએ હર્ષની લાગણી સાથે કહ્યુ હતુ કે, અમારૂ સખી મંડળ ગ્રામીણ વિસ્તારમાં કાર્યરત છે. કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ પેટે ગરીબ કલ્યાણ મેળામાં રૂ.૭ લાખ ૫૦ હજારની સહાય અમારી સખી મંડળની આર્થિક ઉન્નતિ માટે રાજ્ય સરકારે મદદ કરી છે. આ રકમ અમારા પરિવાર તથા સખી મંડળના વિકાસમાં ખૂબ જ ઉપયોગી નીવડશે.**

### મારા વ્યવસાયનો વિસ્તાર કરી પરિવારને મદદરૂપ બનીશ



**ગીરસોમનાથના સૌંદર્યવર્ધનના કૌશલ્યો જાણતા હિનાબેન કહે છે કે, બ્યુટી પાર્લરની કીટ મળતા હવે હું મારા વ્યવસાયને વિસ્તારી શકીશ સાથે મારા પરિવારને આર્થિક રીતે મદદરૂપ પણ બની શકીશ. સાથે જ તેમણે આ રોજગારલક્ષી કીટ ઉપલબ્ધ કરાવવા માટે સહર્ષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.**

કલ્યાણ મેળામાં ૪૯,૮૧૬ લાભાર્થીઓને રૂ.૩૧૫.૫૫ કરોડની સાધન સહાય હાથોહાથ અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મંત્રી શ્રી પરમારે લુણાવાડા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૯૪૩ લાભાર્થીઓને રૂ. ૫૮૨.૩૬ લાખથી વધુ સાધન-સહાય-ચેકોનું સ્થળ ઉપર જ વિતરણ કરવામાં આવ્યું હતું.



**ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે નડિયાદ** ખાતે ખેડાના ૫૪,૧૨૫ લાભાર્થીઓને રૂ.૪૦.૪૫ કરોડના સાધન સહાય લાભો એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય દંડક અને ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ અને કેન્દ્રીય રાજ્ય કક્ષાના સંચાર મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

**ગાંધીનગરમાં જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી**એ ૧૦૧૨ જેટલા લાભાર્થીઓને રૂપિયા ૫ કરોડ જેટલી સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.





**પાટણમાં ગરીબ કલ્યાણમાં કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**એ 2668 જરૂરિયાતમંદ લોકોને રૂ. 7.50 કરોડથી વધુના સાધનસહાય અને લાભોનું વિતરણ કર્યું હતું.



**જામનગરના હાપા ખાતેના શ્રમ રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા**એ જિલ્લાના કુલ ૪૮,૫૯૪ લાભાર્થીઓને રૂ. ૧૯૭ કરોડથી વધુના લાભો એનાયત કર્યા હતા.

**ડાંગના આહવામાં આયોજિત ગરીબ કલ્યાણ મેળામાં મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરી**એ કુલ. ૮૧૩૬ લાભાર્થીઓને રૂ. ૫.૧૪ કરોડના લાભો આપ્યા હતા.



## સિલાઇ મશીનથી ફાટેલું જીવન ફરી સાંધીશ



**પાટણના વિપુલભાઈ પટેલ જણાવે છે કે, મેં જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીમાં સિલાઇ મશીન માટે અરજી કરી હતી. દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ મારી અરજી ગ્રાહ્ય રાખી સિલાઈ મશીનની સહાય આપી તે માટે હું રાજ્ય સરકારનો ખુબ ખુબ આભાર માનું છું. હવે હું ફરીથી મારા જીવનને ખુશહાલ બનાવી શકીશ.**

## દુધઘર અને ગોડાઉન બનાવવા માટે સહાય



**મંગળપુરા ગામના દુધ ઉત્પાદક સહકારી મંડળીનાં સેક્રેટરી રમણભાઇ ચૌહાણ જણાવે છે કે, મને જાણવા મળ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા દૂધઘર અને ગોડાઉન બનાવવા માટે સહાય આપવામાં આવે છે. જેથી યોજનાનો લાભ લેવા અરજી કરી હતી જેના અનુસંધાને રૂા. ૧૦ લાખની લોન મંજૂર કરવા બદલ હું સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું**




**સુરતના કામરેજમાં જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ**ની ઉપસ્થિતિમાં ૧૭ વિભાગોના ૨૩,૮૯૭ લાભાર્થીઓને રૂા.૯૭.૮૯ કરોડની સાધન સહાયનું વિતરણ કરાયું હતું, જ્યારે તાપીમાં યોજાયેલા મેળામાં કૃષિ રાજ્યમંત્રી શ્રી પટેલના ૨૨ જેટલા વિભાગો દ્વારા કુલ ૧૯૪૭ લાભાર્થીઓને રૂ. ૩.૩૮ કરોડથી વધુના લાભો આપવામાં આવ્યા છે.



**શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ મહેસાણા** ખાતે 4197 લાભાર્થીઓને રૂ 754.47 લાખની સહાય આપી હતી. ગરીબ કલ્યાણ મેળા પહેલાં મહેસાણા જિલ્લામાં 64,997 લાભાર્થીઓને 21,248.78 લાખ રૂપિયાની સહાય અપાઈ છે.



**સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર**ની ઉપસ્થિતિમાં ૨૪૨૪ લાભાર્થીઓને રૂ. ૬.૬૨ કરોડની સાધન સહાય પૂરી પાડવામાં આવી હતી.

**અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના રાજ્યકક્ષા મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે વેરાવળ**માં જિલ્લાકક્ષાના ગરીબ



કલ્યાણ મેળામાં ૫૧૮૫૦ જેટલા લાભાર્થીઓનો રૂ. ૫૮.૧૭ કરોડની સહાયનું વિતરણ કર્યું હતું.



**બોટાદમાં શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા**એ ગરીબ કલ્યાણ મેળાના ૨૪ હજાર લાભાર્થીઓને રૂ. ૧૮૩ કરોડની સહાય ચૂકવી હતી.



**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમે વઢવાણ**માં જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળામાં ૫૪ હજારથી વધુ લાભાર્થીઓને રૂ.૧૯૬ કરોડથી વધુના લાભોનું વિતરણ કર્યું હતું.




**છોટાઉદેપુરમાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી નિમિષાબહેન સુથાર**ની ઉપસ્થિતિમાં જિલ્લાના ૨૧૦૬૨ લાભાર્થીઓને રૂા. ૬૨.૪૬ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. ●

### કૃષિને હાઈટેક બનાવવાની દિશામાં વિરાટ પગલું

# રાજ્યના ૫૯૦૦ ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય વિતરણ



સરકારે ખેડૂત કલ્યાણ યોજનાઓના નક્કર અમલથી જગતના તાતને આર્થિક રીતે સમૃદ્ધ બનાવ્યો છે. ખેડૂતોને હાઈટેક બનાવી, હાઈટેક ખેતી માટે પ્રેરિત કરી ખેતપેદાશ અને આવક બંને બમણા કરવાની રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી પર સહાય વિતરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, કૃષિ અને ખેડૂતો સરકારની પ્રાથમિકતા રહી છે. રાજ્ય સરકાર 'ખેડૂતો સુખી તો દેશ સુખી'ના મંત્ર લઈને કામ કરી રહી છે.

ખેડૂતોને સ્માર્ટ ફોન વિતરણ કરવાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ૧૫ કરોડ રૂપિયાના પ્રાવધાન સાથે શરૂ થયેલી સ્માર્ટ ફોન સહાય યોજના અન્વયે પ્રતીકરૂપે ૩૩ કૃષિકારોને રૂ. ૧.૮૪ લાખની સહાય ગાંધીનગરમાં અર્પણ કરી હતી. આ યોજનાના પ્રારંભે રાજયમાં ૫૯૧૧ ખેડૂતોને રૂ. ૩.૩૭ કરોડ રૂપિયાની સહાય રકમ ચૂકવવામાં આવી હતી. આ યોજના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કાર્યરત કરવામાં આવી છે.



ગુજરાતનો ખેડૂત ક્યાંય પાછો ન પડે અને ૨૧મી સદીમાં આ ડિજિટલ ક્રાંતિની સદીમાં સ્માર્ટ ફોનના વ્યાપક ઉપયોગથી કિસાન પણ સ્માર્ટ-સજ્જ બને તેવી નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સ્માર્ટ ફોન ધરતીપુત્રો માટે અત્યંત ઉપકારક બની રહેશે. ખેડૂતને હવે વિવિધ સહાય-લોન માટે, વાતાવરણનો વર્તારો જાણવા, ખાતર-બિયારણ પાક પદ્ધતિ જેવી વિગતો અને માહિતી માટે ખેતર છોડી ક્યાંય જવું પડશે નહિ, પોતાના ખેતરમાં બેઠાં જ તેને ઍટ વન ક્લિક આ બધી સુવિધા સ્માર્ટ ફોનમાં હાથવગી થશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે ઑનલાઇન અને ડિજિટલ ટેક્નોલૉજીના વધતા વ્યાપની સરાહના કરતાં કહ્યું કે, રાજ્યના કૃષિ વિભાગે શરૂ કરેલા આઇ-ખેડૂત પૉર્ટલ પર એક જ વર્ષમાં ઑનલાઇન ઍપ્લિકેશનની સંખ્યા ૨૭.૩૦ લાખ પહોંચી છે તે જ ધરતીપુત્રોની જાગૃતિનું પ્રમાણ છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો-કૃષિકારોને ડ્રોન ટેક્નોલૉજીના ઉપયોગથી દવા છંટકાવ સહિતની કૃષિવિષયક પદ્ધતિ તથા પ્રાકૃતિક ખેતીના વધુ ને વધુ ઉપયોગથી ઝીરો બજેટ-રસાયણમુક્ત ખેતી તરફ વળવા પણ આહ્વાન કર્યું હતું. કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશો મુજબ 'સ્માર્ટફોન સહાય યોજના'નું ઘડતર અને અમલ કરી ખેડૂતોને ખેતીની સઘળી માહિતી અને જ્ઞાન આંગળીના ટેરવે આપવાનો રાજ્ય સરકારનો આ પ્રયાસ છે. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રીઓ સર્વ શ્રી મુકેશભાઈ પટેલ, કુબેરભાઈ ડિંડોર અને દેવાભાઈ માલમ તેમજ મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર સહિત લાભાર્થી ખેડૂતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતનાં વિવિધ જિલ્લાઓમાં ૭૦ સ્થળોએથી સાડા ત્રણ હજારથી વધુ કિસાનશક્તિ આ કાર્યક્રમમાં સહભાગી થઈ હતી, જેમાં લાભાર્થીઓને મંત્રીશ્રીઓ, તંત્રવાહકોના હસ્તે સહાય વિતરણ કરવામાં આવ્યુ હતું.

**ગાંધીનગર** જિલ્લાના ૮૦ ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ પોતાના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા.




**રાજકોટ**માં જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના કુલ ૧૦૬૭ લાભાર્થીઓને રૂ. ૬૦.૯૧ લાખના ખર્ચે મોબાઇલ વિતરણની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રસંગે શ્રી દેવ ચૌધરીએ કહ્યું હતું કે, ખેડૂતો સ્માર્ટ ફોનનો ઉપયોગ ખેતી વિષયક કામગીરી માટે કરશે. તેનાથી હરિત ક્રાંતિ અને ડિજિટલ ક્રાંતિનો સુભગ સમન્વય યોજાશે.

**સુરત** જિલ્લાના ૮૬ ખેડૂતોને રૂ. ૪.૪૬ લાખની સ્માર્ટ ફોનની સહાય એનાયત કરવામાં આવી હતી. આ સ્માર્ટફોનથી ખેડૂતોને હવામાન ખાતા તથા વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાતના ઉપદ્રવ, જીવાત નિયંત્રણ, ખાતર-બિયારણ પાક પદ્ધતિ જેવી વિગતો અને માહિતી માટે ખેતર છોડી ક્યાંય જવું પડશે નહિ, પોતાના ખેતરમાં બેઠાં બેઠાં જ તેને ઍટ વન ક્લિક આ સુવિધા સ્માર્ટ ફોનમાં હાથવગી થશે. આ ઉપરાંત કૃષિ તકનિક તેમજ સરકારી યોજનાઓની માહિતી તથા અરજીઓ સરળતાથી કરી શકશે. આમ, રાજયના ખેડૂતોની દરકાર લેતી સરકારે ખેડૂતોને ઘરબેઠા માહિતી મળી રહે તેવા આશયથી સ્માર્ટ ફોનની ખરીદી પર સહાય આપી રહી છે.

**વડોદરા**માં સ્માર્ટ ફોન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વિકાસના પ્રત્યેક ક્ષેત્રમાં હવે આઇ.ટી.નો વિનિયોગ અને ડિજિટલ વ્યવસ્થાઓ અનિવાર્ય બની છે ત્યારે રાજ્યના ખેડૂતો સ્માર્ટ ફોનના ઉપયોગથી ખેતીવાડીના ક્ષેત્રના પ્રવાહો, પર્યાવરણ અને યોજનાઓથી પળેપળ વાકેફ રહે તેવા ઉમદા હેતુ સાથે રાજ્યના કૃષિ વિભાગે ખેડૂત દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટ ફોન પર સહાયની યોજના વર્ષ ૨૧-૨૨થી અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ કૃષિ વિભાગે રાજયના ૫૯૦૦ ખેડૂતોને રૂ. ૩.૩૭ કરોડની સહાયથી સ્માર્ટ ફોન અપાશે. કૃષિ અને બાગાયત યોજનાઓ હેઠળની સહાય માટેની અરજીઓ i-khedut પૉર્ટલ પર ઓનલાઈન સ્વીકારવામાં આવે છે ત્યારે સ્માર્ટ ફોન તેનો લાભ લેવામાં ઉપયોગી બનશે.

**સુરેન્દ્રનગર** જિલ્લાના ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદી પર સહાયના હુકમોનું તાજેતરમાં ધારાસભ્ય શ્રી ધનજીભાઇ પટેલની ઉપસ્થિતિમાં વિતરણ કરાયું હતું. સુરેન્દ્રનગર જિલ્લાના ૫૪ ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદી પર રૂ. ૩ લાખ થી વધુની સહાયના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્માર્ટ ફોનના માધ્યમથી ખેડૂતો સરકારની સહાય યોજનામાં અરજી, હવામાનનું પૂર્વાનુમાન તેમજ ખેતપેદાશોના સમગ્ર દેશની મંડી (APMC)ના ભાવોની જાણકારી મેળવી શકશે.





**ભરૂચ**માં તણછા ગામે સ્માર્ટ ફોન સહાય યોજનાના લાભાર્થી ખેડૂતોને પ્રતિકાત્મક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેન્દ્રસિંહ બળવંતસિંહ રાજને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્માર્ટ ફોન ખરીદીની સહાય ચૂકવી હતી. ભરૂચ જિલ્લાના નવ તાલુકામાં ૧૯૭ લાભાર્થીઓને રૂ.૧૧.૧૩ લાખનાં ખર્ચે સ્માર્ટ ફોન ખરીદી સહાયની મંજૂરી આપવામાં આવી હતી. આ વેળાએ સ્માર્ટ ફોન સહાયના લાભાર્થી શ્રી દીક્ષિત મનોજભાઈ નિઝામાએ જણાવ્યું હતું કે, સ્માર્ટ ફોનના ઉપયોગથી ખેડૂત સ્માર્ટ અને સજ્જ બનશે. આ તકે તેઓએ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. બીજાં લાભાર્થી અંકલેશ્વરનાં મનીષાબહેન રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદી માટે સહાય આપવાનો ઉદાત અભિગમ અપનાવ્યો છે, જે સરાહનીય છે. ખેતરમાં બેઠાં બેઠાં જ જરૂરી માહિતી મેળવી શકાશે.

**દાહોદ** જિલ્લાના ૬૦૩ ખેડૂતોને આ યોજના અંતર્ગત મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ૩૧ લાભાર્થી ખેડૂતોને રૂ. ૧.૭૪ લાખની સહાય મંજૂરી પત્ર કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવીએ આપ્યા હતા. આ યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટ ફોનની ખરીદી કર્યેથી રૂ. ૧૫ હજાર સુધીની કિંમતના સ્માર્ટફોન માટે સહાય મળવાપાત્ર રહેશે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા સહાય અથવા રૂ. ૬૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.

**ગીર સોમનાથ** જિલ્લાના સ્માર્ટ ફોન યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. સ્માર્ટ ફોન ખરીદવા માટેની સહાય DBT મારફત સીધી ખેડૂતોના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવી છે.

**મહિસાગર**નાં કલેકટર ડૉ. મનીષકુમારની અધ્યક્ષતામાં અને લુણાવાડા ધારાસભ્ય શ્રી જિજ્ઞેશભાઇ સેવકની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ૧૭૨ ખેડૂતોને રૂ. ૯.૭૫ લાખના સહાય હુકમો વિતરણ કરવામાં આવ્યા હતા.

**મોરબી** જિલ્લાના ૧૬૬ લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણનો કાર્યક્રમ કલેક્ટર શ્રી જે. બી. પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જ્યારે મોરબી તાલુકાના જીવાપરના ખેડૂત જયસુખભાઇ નારાયણભાઇ પરમારને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે મોબાઈલ ખરીદીની સહાય ચૂકવવામાં આવી હતી.

**ખેડા** જિલ્લામાં ૨૪૪ લાભાર્થીના રૂ.૧૩.૮૦ લાખ જેટલી રકમના પ્રતીકાત્મક સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો કૃષિ પ્રભાગના ૧૦૦ દિવસના સંકલ્પમાં સમાવેશ કરાયો છે. સ્માર્ટફોન યોજના અંતર્ગત ઑનલાઇન અરજી કરવા માટે આઇ-ખેડૂત પૉર્ટલ ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું.

**પાટણ**માં જિલ્લા વિકાસ અધિકારી શ્રી રમેશ મેરજા દ્વારા જિલ્લાના ખેડૂતોને પ્રતિકરૂપે સ્માર્ટ ફોનની ખરીદી માટે સહાયના હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરનાર પૈકી 122 ખેડૂતોને કુલ સાત લાખ રૂપિયાની સ્માર્ટ ફોન ખરીદી માટેની સહાય ચૂકવવામાં આવી છે. ●

### ખેતી ક્ષેત્રે સ્માર્ટ ફોનનો સ્માર્ટ ઉપયોગ કરીશ : પોરબંદરના નરસિંહભાઈ



**રાજ્યના કૃષિ અને ખેડૂત અને સહકાર વિભાગ દ્વારા આયોજિત સ્માર્ટ ફોન યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણનો કાર્યક્રમ પોરબંદર ખાતે યોજાઈ ગયો, જેમાં ઉપસ્થિત લાભાર્થી રાણાવાવ તાલુકાના મોકર ગામના ખેડૂત નરસિંહભાઈ શિયાણીએ પોતાનાં મંતવ્યો જણાવી સ્માર્ટ ફોનના માધ્યમથી આધુનિક ખેતી કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. નરસિંહભાઈએ રાજ્ય સરકાર અને ખેતીવાડી વિભાગનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે, સ્માર્ટ ફોન ખરીદીમાં રાજ્ય સરકારે રૂ. ૬ હજારની સહાય ચૂકવી છે તથા સહાયની આ પ્રક્રિયામાં ખેતીવાડી વિભાગનો સતત હકારાત્મક સહયોગ પ્રાપ્ત થયો છે. સ્માર્ટ ફોનના માધ્યમથી તેઓ ઘેર બેઠાં આઈ-ખેડૂત પૉર્ટલ પરથી ખેડૂત કલ્યાણલક્ષી યોજનાની જાણકારી મેળવી તેના લાભ માટે ફૉર્મ ભરી શકશે.ખેડૂત મિત્રોને પણ માર્ગદર્શન પૂરુ પાડી પોતાની ૧૨.૫૦ વીઘાં જમીન વધુ ને વધુ ફળદ્રુપ કઈ રીતે બની શકે તેની જાણકારી ઘેરબેઠાં મેળવી શકશે.**

## રાજ્યના નાગરિકોની ફરિયાદોનું ન્યાયી નિરાકરણ : સ્વાગત કાર્યક્રમ




સામાન્યમાં સામાન્ય માનવીની રજૂઆત, ફરિયાદનું ન્યાયી અને સમયસર નિવારણ થાય તે જોવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા અધિકારીઓને અનુરોધ કર્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, પ્રજાજનોના પ્રશ્નો, સમસ્યાઓની રજૂઆતોના વાજબી નિરાકરણ માટે ટેક્નોલૉજીના ઉપયોગથી શરૂ થયેલો સ્વાગત ઑનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ હવે કોરોના સંક્રમણની સ્થિતિ હળવી થતાં નિયમિતપણે યોજાય તે પણ જરૂરી છે.

રાજ્યના નાગરિકો-જનતા જનાર્દનની ફરિયાદો - રજૂઆતોના ટેક્નોલોજીના માધ્યમથી સંવાદ-માર્ગદર્શન દ્વારા નિવારણનો આ 'સ્ટેટવાઇડ અટેન્શન ઑન પબ્લિક ગ્રિવન્સીસ બાય ઍપ્લિકેશન ઑફ ટેક્નોલોજી' (SWAGAT) સ્વાગત કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રીપદ કાળ દરમ્યાન ૨૦૦૩થી શરૂ કરાવેલો છે. આ 'સ્વાગત' કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી નાગરિકોની ફરિયાદો - રજૂઆતો પ્રત્યક્ષ સાંભળે છે. તદ્અનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યકક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમના સ્વાગત કક્ષમાં રજૂઆતકર્તા અરજદારોની રજૂઆત પ્રત્યક્ષ સાંભળી હતી. મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્ય સ્વાગતમાં ૯ જેટલી રજૂઆતો આવી હતી. આ ઉપરાંત જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ૨૨૩, ગ્રામ સ્વાગતમાં ૭૬ અને તાલુકા સ્વાગતમાં ૧૧૫૦ મળી સમગ્રતયા ૧૪૫૮ જેટલી રજૂઆતો આ સ્વાગત કાર્યક્રમ અનુસંધાને મળી હતી. આ રજૂઆતો પૈકી ૧૧૮૦ રજૂઆતોનું સુચારુ નિવારણ લાવી દેવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ રાજ્ય સ્વાગતમાં વીડિયો કૉન્ફરન્સથી જોડાયેલા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ જ પ્રશ્નો-રજૂઆતોનો ઉકેલ લાવી રાજ્ય સ્વાગતમાં કોઈ અરજદારે આવવું જ ન પડે તેવી આદર્શ સ્થિતિ સ્થાનિક સ્તરે જળવાઈ રહે તે સૌની સહિયારી જવાબદારી છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે 'સ્વાગત'માં રજૂ થતા પ્રશ્નો અને રજૂઆતો સંબંધિત વિભાગો, ખાતાના વડાઓને ઑનલાઇન મોકલવામાં આવે છે તેનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે, આવી રજૂઆતોના નિયત સમયમાં ઉકેલ અને તે અંગેની વિગતો પણ ઑનલાઇન કરાય તેની મોનિટરિંગ વ્યવસ્થા નોડલ અધિકારીઓ અચૂકપણે ગોઠવે. ●

## ઇ-વ્હિકલ સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ઇનોવેટર્સ સાથે CMનો વન-ટુ-વન સંવાદ

સમગ્ર વિશ્વ જ્યારે કોરોના મહામારી સામે ઝઝૂમી રહ્યું હતું ત્યારે આવી આપત્તિની સ્થિતિને અવસરમાં બદલવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભરતાનો નવો વિચાર આપ્યો તેમજ આત્મનિર્ભરતા સાથે દેશના ટેક્નોલૉજી, ઇનોવેશન ઍન્ડ મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રને નવી દિશા આપી છે. વર્તમાન સ્થિતિમાં પર્યાવરણના રક્ષણ સાથેની ટેક્નોલોજી વિકસાવવી સમયની માગ બની છે. આજે યાતાયાતમાં ઈ-વ્હિકલનો ઉપયોગ લોકભોગ્ય બનવા લાગ્યો છે ત્યારે તાજેતરમાં રાજ્યમાં ઈ-વ્હિકલના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની આગવી પહેલ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ઈ-વેહિકલ ક્ષેત્રના ૩૧ જેટલા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ઈનોવેટર્સને ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને રૂબરૂ મળી તેમની સાથે વન-ટુ-વન સંવાદ સાધ્યો હતો.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ઇનોવેટર્સ સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, ઈ-વ્હિકલનું મૅન્યુફૅક્ચરિંગ દેશના પર્યાવરણ અને અર્થવ્યવસ્થા બંને માટે ફાયદાકારક છે. સાહસ, સૂઝબૂઝ અને આવડત ધરાવતી કોઈ પણ વ્યક્તિ 'સ્ટાર્ટઅપ' કરી શકે છે. સરકાર હરહંમેશ રાજ્યના સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ઇનોવેટર્સની પડખે છે. આત્મનિર્ભર ભારતની યાત્રાનું મુખ્ય ચાલકબળ દેશના યુવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ઇનોવેટર્સ છે. ●

## ઇઝરાયલના ભારત સ્થિત રાજદૂતની મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય મુલાકાત

સંવાદ મજબૂત સંબંધો માટે અતિ આવશ્યક છે, પછી તે બે વ્યક્તિ વચ્ચે હોય કે બે દેશો વચ્ચે હોય. બે દેશો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવાના ભાવ સાથે ઈઝરાયલના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત નાઓર ગિલોને ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથે તેમણે ખાસ કરીને ગુજરાતમાં ઈઝરાયલના સહયોગ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી I-Create દ્વારા યુવાશક્તિના ઈનોવેશન્સ અને નવીન શોધ સંશોધનને મળી રહેલા પ્રોત્સાહન અંગે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ પણ તાજેતરમાં આ આઇ ક્રિયેટની લીધેલી મુલાકાત અને ત્યાં હાથ ધરાયેલી પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. ઈઝરાયલના રાજદૂતે ગુજરાત સાથે કૃષિ ક્ષેત્રમાં સેન્ટર ઑફ એક્સલન્સ સહિતની જે ઈઝરાયલ ભાગીદારી છે તેને વધુ વ્યાપક બનાવવા પણ તત્પરતા વ્યક્ત કરી હતી. ઈઝરાયલના રાજદૂતે ઈઝરાયલની ડિસેલિનેશન પ્લાન્ટ ટૅક્નૉલૉજી દ્વારા સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવવાની સફળતાના ગુજરાતમાં પણ પ્રયોગ અંગે મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી આકાર પામેલી વિશ્વની સૌથી ઊંચી સરદારની પ્રતિમા સ્ટૅચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવા પણ આમંત્રણ આપ્યું હતું. આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## પાટણમાં ૧૧ કરોડના ખર્ચે વીર મેઘમાયાના સ્મારકનું નિર્માણ થશે



ગુજરાતની ઐતિહાસિક પુરાતન રાજધાની પાટણની પ્રજા, પશુ, પંખી અને પ્રકૃતિના જતન માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર મહાન શહીદ એટલે વીર મેઘમાયા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાટણ જિલ્લાની મુલાકાત નિર્માણાધીન વીર મેઘમાયા સ્મારકનાં પણ દર્શન કરી કૃતજ્ઞતા અનુભવી હતી.

લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં ગુજરાતની રાજધાની પાટણ હતી અને પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહ સોલંકીનું શાસન છેક માળવા સુધી ફેલાયેલું હતું. લગાતાર કેટલાંક વર્ષો સુધી દુષ્કાળ પડવાથી લોકો પાણી વિના ટળવળતા હતા અને પાણી માટે ત્રાહિમામ પોકારી ચૂક્યા હતા. પ્રજાવત્સલ રાજા સિદ્ધરાજે પાટણ ખાતે 'સહસ્રિલગ સરોવર'નું નિર્માણ શરૂ કર્યું. રાજા શિવભક્ત હોવાથી તળાવને કિનારે ૧૦૦૮ શિવાલય શિવલિંગની સ્થાપના સાથે બનાવ્યાં હતાં. કમનસીબે સહસ્રલિંગ સરોવરનું કામ પૂર્ણ થયા પછી તેમાં પાણી ભરાયું નહોતું. પંડિતો પાસે પૂછતાં જાણવા મળ્યું કે, રાજા પર 'સતી જસમા ઓડણ'નો શ્રાપ હોવાથી પાણી ભરાયું નથી. તેના નિરાકરણ માટે પંડિતોએ સૂચવ્યું કે સરોવરમાં બત્રીસ લક્ષણો પુરુષ બલિદાન આપે તો જ પાણી ભરાશે. બત્રીસ લક્ષણા પુરુષની શોધ કરતાં જાણવા મળ્યું કે, ધોળકા ખાતે 'રનોડા' ગામમાં વણકર પરિવારમાં જન્મેલો યુવાન 'વીર મેઘમાયા' હતો. વીર મેઘમાયાએ પ્રજાની યાતના દૂર કરવા પોતાના પ્રાણોની બલિદાન આપવાની સહર્ષ તૈયારી દાખવી.

## 'સૌ સમાજ એક બની વિકાસ રાહે એકસાથે આગળ વધે'

'સૌ સમાજ એક બની વિકાસ રાહે એકસાથે આગળ વધે તે રાજ્ય સરકારની કટિબદ્ધતા છે', તેમ ગાંધીનગરમાં સંત શ્રી રોહિદાસની ૬૪૫મી જન્મજયંતી ઉજવણીમાં સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું, કોઈ પણ સમાજના બહુઆયામી વિકાસ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકાર શિક્ષણ જેવી પાયાની સુવિધા હરેક સમાજવર્ગોને પહોંચાડવા તેમની પડખે છે. શિક્ષણ થકી જ સમાજ - સમાજ વચ્ચેનું અંતર ઘટશે અને એક સમરસ રાષ્ટ્રની વિભાવના સાકાર થશે. સંત શ્રી રોહીદાસજીએ દરેક સમાજ એક થાય અને કુરિવાજોમાંથી બહાર આવે તે માટે અથાક પ્રયત્નો કર્યા છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્ર 'સૌનો સાથ સૌનો વિકાસ'માં પણ સંત શ્રી રોહીદાસજીના વિચારોનું પ્રતિબિંબ પડે છે તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી આત્મારામભાઈ પરમાર, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી સી. જે. ચાવડા અને સંત શ્રી રોહીદાસ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાધનપુરવાસીઓને સમયસર અને પૂરતું પીવાનું શુદ્ધ પાણી મળશે

જન જન સુધી જળ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. જેની પ્રતીતિ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાધનપુર ખાતે પાણી પુરવઠા વિભાગની રાધનપુર ગૃપ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવી રહેલા 60 એમ.એલ.ડી ક્ષમતાના ફિલ્ટરેશન પ્લાન્ટની મુલાકાતમાં થઇ. નર્મદા કેનાલ આધારીત બી.કે.3(પી-2) જૂથ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવી રહેલા ડબલ્યુ.ટી.પી., આર.સી.સી. સંપ સહિતની વ્યવસ્થાની કામગીરીની પ્રગતિ અંગે સમીક્ષા કરી પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. રાધનપુર ખાતે રૂ. 77.77 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી રહેલી રાધનપુર અને સાંતલપુર જૂથ પાણીપુરવઠા યોજનાની રાધનપુર ગ્રુપ યોજનાથી તાલુકાનાં 65 ગામ, 02 પરાવિસ્તાર અને રાધનપુર શહેરના મળી કુલ 1.74 લાખ નાગરિકોને પાઇપલાઇન થકી સમયસર અને પૂરતું પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થશે. વર્ષ 2020માં 19.49 એમ.એલ.ડી. ક્ષમતામાં વધારો કરી વર્ષ 2050 સુધી 32.84 એમ.એલ.ડી. સુધી પહોંચાડવામાં આવશે.

કુલ 251.05 કિ.મી.ની પાઇપલાઇન પૈકી 315 મી.મી.થી 90 મી.મી. વ્યાસ ધરાવતી 213.30 કિ.મી. ડિસ્ટ્રિબ્યુશન પાઇપલાઇન તથા 600 મી.મી.થી 250 મી.મી. વ્યાસ ધરાવતી ડી.આઇ.કે.7 37.75 કિ.મી.ની રાઇઝિંગ મેઇન પાઇપલાઇનના નેટવર્ક દ્વારા જળવિતરણની આ વ્યવસ્થાની હાલ 74 ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે, જે આગામી ઑગસ્ટ મહિના સુધીમાં પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવશે. બી.કે.3 (પી-2) જૂથ યોજના અંતર્ગત રાધનપુર અને સાંતલપુર તાલુકા માટે 100 લાખ લિટર, રાધનપુર શહેર માટે 50 લાખ લિટર ઉપરાંત ધરવડી હેડવર્ક્સ ખાતે 05 લાખ લિટર તથા ગોતરકા ખાતે 07.50 લાખ લિટર ક્ષમતાના ભૂગર્ભ સંપ તૈયાર કરવામાં આવી રહ્યા છે, જ્યારે ધરવડી, સાતૂન, ગોતરકા અને દૈસર હેડવર્ક્સ ખાતે અનુક્રમે 2.5 લાખ લિટર, 3 લાખ લિટર, 3 લાખ લિટર તથા 5 લાખ લિટરની સ્ટોરેજ ક્ષમતા ધરાવતી 20 મીટર ઊંચી ટાંકીઓ પણ તૈયાર કરવામાં આવી રહી છે. પીવાના પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ કરવા હાલ રાણકપુર ખાતેના 50 એમ.એલ.ડી. ક્ષમતાના શુદ્ધીકરણ પ્લાન્ટમાં પાણી શુદ્ધ કરી પહોંચાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત સાતૂન ખાતે નવીન 60 એમ.એલ.ડી. ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ બનાવી રાધનપુર તાલુકાનાં ગામો તથા રાધનપુર શહેરને પીવાનું પાણી સરકારનાં પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર નિયમિતપણે પૂરું પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ●

રાજાએ પૂરા રાજકીય સન્માન સાથે વીર મેઘમાયાને પાટણ આમંત્રિત કર્યા. વીર મેઘમાયાએ સહસ્રલિંગ તળાવમાં શહાદત આપી અને આ પાણી દરેક સમાજ, જાતિ તેમજ સંપ્રદાયના લોકો માટે ઉપલબ્ધ કરાવ્યું હતું. વીર મેઘમાયાએ ફક્ત દલિતો માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે બલિદાન આપ્યું છે તેમના બલિદાનને ઉજાગર કરવા પાટણ ખાતે વીર મેઘમાયા સ્મારકનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના ઇતિહાસમાં અમર થયેલા સામાજિક સમરસતાના પ્રતીક મહાન શહીદ વીર મેઘમાયાના ભવ્ય બલિદાનને ઉજાગર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ ડ્રીમ પ્રોજેક્ટ અન્વયે આ ભવ્ય મંદિર અને અદ્યતન સ્મારક નિર્માણનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૧૧ કરોડના માતબર ખર્ચથી આ સ્મારકનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે, તેના કાર્યની પણ મુખ્યમંત્રીશ્રીએ જાણકારી મેળવી હતી. વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન ઍન્ડ રિસર્ચ સેન્ટર પાટણ દ્વારા મુખ્યમંત્રીશ્રીની સાકરતુલા કરવામાં આવી હતી.

આ પ્રસંગે વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન ઍન્ડ રિસર્ચ સેન્ટર પાટણના ચૅરમૅન અને અમદાવાદ પશ્ચિમના સાંસદશ્રી ડૉ. કિરીટભાઈ સોલંકીએ મેઘમાયાના બલિદાનને યાદ કરી સ્મારકના વિકાસ માટે રાજ્ય સરકારના ઉદાર યોગદાનની સરાહના કરી હતી. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગના મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, અગ્રણીઓ સહિત પદાધિકારીઓ, કલેક્ટર શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રમેશ મેરજા, પોલીસ અધીક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા સહિત અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## કોરોનાકાળમાં નિઃસ્વાર્થ સેવા કરનાર સફાઈકર્મીઓનું સન્માન

રાધનપુર ખાતે ફિલ્ટરેશન પ્લાન્ટના નિરીક્ષણ બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે શ્રી રામ સેવા સમિતિ સંચાલિત શાંતિધામની મુલાકાત લીધી હતી, જ્યાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને અંજલિ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે શાંતિધામ ખાતે હિન્દુ રિવાજ મુજબ અંતિમ સંસ્કાર માટે શ્રી રામ સેવા સમિતિ દ્વારા શાંતિધામ ખાતે પૂરી પાડવામાં આવતી તમામ વ્યવસ્થાઓ નિહાળી હતી. સાથે જ પ્રભુશ્રી રામજીની છબિ આગળ શિશ ઝુકાવી વંદના કરી હતી. સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે ચિતાર મેળવી મુખ્યમંત્રીશ્રીએ કોરોનાકાળ દરમ્યાન સંસ્થાએ કરેલી જનસેવાને બિરાદાવી હતી. સાથે જ કોરોનાકાળમાં નિઃસ્વાર્થ સેવા આપનાર સફાઈકર્મીઓનું મુખ્યમંત્રીશ્રીએ શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે શ્રી રામ સેવા સમિતિ ઉપરાંત રાધનપુર શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને મંડળો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. ●

## ગુજરાતે ક્લાયમેટ ચેન્જના પડકારો સામે

# વિકાસની નવી પરિભાષા અંકિત કરી



ગ્લોબલ વૉર્મિંગ નામની એક વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાએ પૃથ્વી પર વસતી જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે સવાલ ઊભા કર્યા છે. આ સમસ્યાનાં ઉકેલ માટે વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે ૨૦૦૯માં એશિયાભરમાં પ્રથમ વાર ક્લાયમેટ ચેન્જનો અલાયદો વિભાગ શરૂ કરી દેશ અને દુનિયાને આગવી દિશા દર્શાવી છે. રાજ્ય સરકારે આ ક્લાયમેટ ચેન્જ વિભાગના બજેટમાં છેલ્લાં ૧૨ વર્ષમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. આ વર્ષે બજેટમાં ૯૧૦ કરોડની જોગવાઈ સરકારે કરી છે. આ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'બિલ્ડિંગ અ ક્લાયમેટ રેઝિલિયન્ટ ગુજરાત' અન્વયે ક્લાયમેટ ચેન્જ વિભાગ આયોજિત કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, ક્લાયમેટ ચેન્જ અને વનમંત્રી શ્રી કિરીટસિંહ રાણા, રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને કુબેરભાઈ ડિંડોર તથા દેશ-વિદેશના તજ્જ્ઞોની ઉપસ્થિતિમાં વિવિધ યોજનાઓ, સહાયો અને પ્રકલ્પો તથા એમ.ઓ.યુ. વગેરેની ભેટ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટી ખાતે સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરવા માટે ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા રૂ.૧.૫૦ કરોડના અનુદાન ફાળવણી જાહેરાત પણ કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સાયન્સ મ્યુઝિયમ, મેડિકલ કૉલેજ અને પૉલિટેકનિક ઈમારતો ઉપર સોલાર રૂફટૉપ સિસ્ટિમનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું તેમજ સબસિડી યોજના અંતર્ગત અપાયેલા ઈલેક્ટ્રિક વ્હિકલનું ફ્લેગ ઑફ કરાવીને બૅટરી સંચાલિત દ્વિ-ચક્રી વાહનોની સહાય વિતરણ, ગૌશાળા-પાંજરાપોળને બાયોગૅસ પ્લાન્ટ સ્થાપવા માટેની સહાય વિતરણ તેમજ સખીમંડળ દ્વારા પ્લાસ્ટિક કચરાના એકત્રીકરણ માટે પ્રોત્સાહક રકમનું વિતરણ પણ કર્યુ હતું.

આ પ્રસંગે ૧૨ લાભાર્થીઓને બૅટરી સંચાલિત દ્વિચક્રી વાહનોનું સહાય વિતરણ કરાયું હતું. આ યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યના ધોરણ ૯થી ૧૨ તથા કૉલેજના અભ્યાસ કરતા કુલ ૨૫,૩૨૮ વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૨૧.૦૬ કરોડની સહાય અપાઈ છે. મોરબી સ્થિત તક્ષશિલા સ્વસહાય જૂથ અને સિંઘોઇમાં મહિલા સંગઠનને એમ પ્રત્યેકને રૂપિયા ૨.૫ લાખની પ્લાસ્ટિક કચરાના એકત્રીકરણ માટે પ્રોત્સાહક સહાય અપાઈ હતી. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધી ૨૨.૯૧ કરોડની સહાય અપાઈ હતી.

મુખ્યમંત્રીશ્રીએ પાટણ સ્થિત રિજિનલ સાયન્સ મ્યુઝિયમ ખાતે ૧૦૦ કિલોવૉટ, હિંમતનગર સ્થિત GMERS મેડિકલ કૉલેજમાં ૧૦૦ કિલોવૉટ તથા ભાવનગર સ્થિત શ્રી ભાવસિંહજી પૉલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટ કૅમ્પસ ખાતે ૧૮૦ કિલોવૉટની સોલાર સિસ્ટમનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું. રૂ. ૧.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ સોલાર સિસ્ટમ દ્વારા ૫ લાખ ૭૦ હજાર યુનિટની વાર્ષિક બચત થશે.

આ પ્રસંગે ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હતા, જેમાં યુનિસેફ, ઈ.યુ., આઇ.સી.એલ.ઈ.આઇ., આઈ.આઈ.એમ.-અમદાવાદ, આઈ.આઈ.ટી.- ગાંધીનગર, એમ.એસ.યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, પી.ડી.પી.યુ., સાયન્સ સિટી, ટેક્નિકલ શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લિમિટેડ જેવી સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ ક્લાયમેટ ચેન્જ કાર્યક્રમ અંતર્ગત ક્લાઈમેન્ટ ચેન્જની સમજ લોકો સુધી પહોંચે તે હેતુથી આ વિષયને લગતી વિવિધ ૬ ડૉક્યુમેન્ટરીનું વિમોચન પણ કર્યું હતું. સાથોસાથ ક્લાઈમેન્ટ ચેન્જની વૈજ્ઞાનિક સમજ બાળકો સુધી પહોંચે તે હેતુથી બાળકો માટે વેબિનારનું લૉન્ચિંગ, ગુજરાતની પરંપરા પુસ્તકનું વિમોચન, ક્લાઈમેન્ટ ચેન્જને સ્પર્શતા જુદા-જુદા સ્ટડી અહેવાલનું વિમોચન તેમજ શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા 'વિદ્યાસુરભી'નું વિમોચન પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ●

# ગુજરાતના આંગણે એશિયાનો સૌથી મોટો ડિફેન્સ એક્સ્પો

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન જોયું છે. ભારત તમામ ક્ષેત્રમાં આત્મનિર્ભર બને તે માટે દેશના વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો, યુવાનો, શિક્ષણવિદોને વડાપ્રધાન સતત પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે, જેના પરિણામે આજે ભારત આરોગ્ય, સંરક્ષણ જેવાં ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની રહ્યું છે. ભારતમાં જ સંરક્ષણ સાધનોના ઉત્પાદનને વેગ મળે અને આપણા નાગરિકોને રોજગારી મળી રહે તે માટે ગુજરાતમાં આગામી ૧૦થી ૧૪ માર્ચ સુધી ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ યોજાશે.

ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની તૈયારીઓ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને દેશના રક્ષા રાજ્ય મંત્રી શ્રી અજય ભટ્ટની સહઅધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગરમાં ઍપેક્સ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનથી રક્ષા ક્ષેત્રે ‘આત્મનિર્ભર ભારત’નું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ અગત્યનું સોપાન સિદ્ધ થશે. ૧૦થી ૧૪ માર્ચ દરમ્યાન એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોનું આયોજન સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારના રક્ષા મંત્રાલયને ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના સફળ અને ભવ્ય આયોજન માટે રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગની પ્રતિબદ્ધતા આ સમીક્ષા બેઠકમાં વ્યક્ત કરી હતી.

રક્ષા રાજ્યમંત્રી શ્રી અજય ભટ્ટે જણાવ્યું કે, ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજનથી રક્ષા ક્ષેત્રના ઉદ્યોગો અને તે માટેના મૂડીરોકાણકારોને ગુજરાતમાં સ્થાયી થવાની તક મળશે. તેમણે ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજન માટેની ગુજરાત સરકારની તૈયારીઓ અને





- તા.10થી 14 માર્ચ, 2022 સુધી ડિફેન્સ એક્સપો
- થીમ- ‘પાથ ટુ પ્રાઇડ’
- ત્રણ સ્થળોએ-ત્રણ ફૉર્મેટમાં આયોજન

વ્યવસ્થાઓને બિરદાવી હતી. ડિફેન્સ એક્સ્પોની આ ૧૨મી આવૃત્તિ લૅન્ડ, નેવલ અને હોમલૅન્ડ સિક્યુરિટી સિસ્ટમ્સના પ્રદર્શન પરની મેગા ઈવેન્ટ છે. ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ મેજર ફૉરેન ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મૅન્યુફેક્ચર (OEMs)ને ભારતીય સંરક્ષણ ઉદ્યોગ સાથે સહયોગ કરવાની તક પૂરી પાડશે.

'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણીના વર્ષે આયોજિત ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની થીમ ‘પાથ ટુ પ્રાઈડ’ છે, જે ભારતના લોકોની સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસને પણ પ્રદર્શિત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૩ દેશોના ૧૨૧ વિદેશી પ્રદર્શકો સહિત કુલ ૯૭૩ પ્રદર્શકો ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ માટે નોંધણી કરાવી ચૂક્યા છે. આગામી દિવસોમાં આ સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ હાઈબ્રિડ ફૉર્મેટમાં યોજવામાં આવશે, જેમાં ફિઝિકલ અને વર્ચ્યુઅલ એમ બંને પ્રકારના સ્ટોલ હશે.

ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨નું આયોજન ત્રણ સ્થળોએ - ત્રણ ફૉર્મેટમાં કરવામાં આવી રહ્યું છે, જેમાં હેલિપૅડ એક્ઝિબિશન સેન્ટર (HEC) ખાતે પ્રદર્શન; મહાત્મા મંદિર કન્વેન્શન ઍન્ડ એક્ઝિબિશન સેન્ટર (MMCEC) ખાતે ઈવેન્ટ્સ અને સેમિનાર અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જાહેર જનતા માટે લાઈવ એક્ઝિબિશનનો સમાવેશ થાય છે, જેમાં પ્રથમ ત્રણ દિવસ બિઝનેસ ડે તરીકે રાખવામાં આવશે. 13-14 માર્ચ 2022ના રોજ પબ્લિક ડે રહેશે એટલે કે જાહેર જનતા માટે રહેશે. લાઈવ પ્રદર્શન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવશે.

ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની ઍપેક્સ કમિટીની આ બેઠકમાં ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે એક્સપોની તૈયારીઓમાં રાજ્ય સરકારના સહકાર અને ડિફેન્સ ક્ષેત્રે રાજ્ય સરકારની વિવિધ પહેલની માહિતી આપી હતી. ●

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો બ્લૉગ

# ગુજરાતમાં હેરિટેજ અને બોર્ડર ટુરીઝમ વિકસાવવાની નેમ

**ગુજરાતમાં પ્રવાસન સ્થળો, યાત્રાધામોના વિકાસ તેમજ નવાં પ્રવાસન આકર્ષણો ઊભાં કરવાની કામગીરીનો ચિતાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પોતાના બ્લૉગમાં જનતા સમક્ષ મૂક્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પ્રવાસન વિકાસનાં અનેકવિધ કાર્યો અને ખાસ કરીને કચ્છમાં બની રહેલા નૅશનલ હાઈવે અને સરહદી વિસ્તારમાં NCCની પ્રવૃત્તિઓની વાત પણ આ બ્લૉગમાં વણી લીધી છે. મુખ્યમંત્રીશ્રીનો બ્લૉગ અક્ષરશઃ નીચે મુજબ છેઃ**

## પ્રવાસનના નવીન આયામોથી ખીલી ઊઠશે આપણું ગરવી ગુજરાત

નમસ્કાર.

મિત્રો, થોડા દિવસ પહેલાં મને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલા પ્રાચીન નગરસંસ્કૃતિની વિરાસત ધરાવતા કચ્છના ધોળાવીરાની મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ધોળાવીરામાં પુરાતન સમયની સુઆયોજિત નગરરચના, વરસાદી પાણીના સંગ્રહ માટેના જળસંચયનું અદ્‌ભુત આયોજન તથા એક આધુનિક માનવવસાહત માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ નિહાળી અભિભૂત થયા વિના રહી શકાય તેમ નથી. મેં આ પ્રાચીન ધરોહરના અવશેષો, પુરાતત્ત્વીય વસ્તુઓ તથા પૌરાણિક સ્મૃતિઓના સંગ્રહસ્થાન એવા મ્યુઝિયમની મુલાકાત લીધી અને એ અંગેનું પ્રેઝન્ટેશન પણ નિહાળ્યું. આવનારા દિવસોમાં ધોળાવીરા પર્યટકો માટેનું નવું નજરાણું બનશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

રાજ્ય સરકારે પણ આ પ્રાચીન વિરાસતનું મૂળ સત્ત્વ અને તત્ત્વ જાળવી રાખી સમયાનુકૂલ વિવિધ વિકાસકામોનું આયોજન હાથ ધર્યું છે. ધોળાવીરાની અંદાજે 5000 વર્ષ જૂની આ ધરોહરની વિશેષતાઓ અને સંસ્કૃતિદર્શનની અનેક સંભાવનાઓ તથા પ્રવાસીઓને મળી રહેલી માહિતી-સગવડમાં વધારો કરી ગુજરાતને વિશ્વના પ્રવાસન નકશામાં અંકિત કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

ધોળાવીરાની મુલાકાત દરમિયાન ગઢુલી-સાંતલપુર નૅશનલ હાઈવેના પ્રગતિ હેઠળનાં કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું. કુલ 264 કિ.મી.ની લંબાઈના આ નૅશનલ હાઈવે નંબર 754 Kની ચાર લિંકમાં ગઢુલી, ધોળાવીરા, કચ્છનું સફેદ રણ તથા ખાવડાનો સમાવેશ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં કેન્દ્ર સરકાર દ્વારા અંદાજે 320 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન આ નૅશનલ હાઈવે દ્વારા ધોળાવીરાથી સફેદ રણ વચ્ચેનું અંતર 80 કિ.મી જેટલું ઘટી જશે. ઉપરાંત ધોળાવીરા, સફેદ રણ, માતાના મઢ, હાજીપીર દરગાહ અને ખાવડાને પણ સીધી નૅશનલ હાઈવેની રોડ કનેક્ટિવિટી મળતી થશે. નૅશનલ હાઈવે દ્વારા 100 જેટલી બોર્ડર આઉટપોસ્ટને પણ કનેક્ટિવિટીનો વ્યૂહાત્મક લાભ મળશે.

મિત્રો, કચ્છ અને બનાસકાંઠાના પાણીની કુદરતી અછત ધરાવતાં સીમાક્ષેત્રો સુધી અને ત્યાંના સરહદના સંત્રી એવા જાંબાઝ જવાનો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ ગુજરાત સરકારે આદર્યો છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈએ આપેલા દૂરંદેશી વિચારને અનુસરીને સરહદી વિસ્તારોમાં NCCનો વ્યાપ પણ વધારવામાં આવી રહ્યો છે. NCCની પ્રવૃત્તિઓ સરહદી યુવાશક્તિમાં દેશપ્રેમ, નિર્ભયતા અને શૌર્ય જેવા ગુણ ખીલવીને સરહદો પર દેશવિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. મારી કચ્છની આ મુલાકાત દરમિયાન મને સરહદની રખેવાળી કરતા બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ના જવાનો અને અધિકારીઓની મુલાકાત લઈ તેમની સાથે સંવાદ કરવાનો અવસર પણ પ્રાપ્ત થયો. સીમા પારની ઘૂસણખોરી અટકાવવા તથા દેશની સુરક્ષા માટે આ જવાનોની કર્તવ્યપરાયણતા સ્પર્શી જાય એવી છે. સૌ જવાનોને મારા વંદન!



આવનારા દિવસોમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે અનેક નવાં સ્થાન, ટુરિસ્ટ પૉઇન્ટ તથા સર્કિટ ડેવલપ થવા જઈ રહી છે. ગુજરાતમાં અનેક સ્થાન ઐતિહાસિક તથા પ્રવાસનની દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીસાહેબના દૂરંદેશીપણાની નિશાનીસમા ‘રણોત્સવ’ની જેમ ગુજરાતનાં અનેક સ્થાન વિશ્વપ્રવાસન નકશામાં ચમકવા સક્ષમ છે. બનાસકાંઠાના નડાબેટની જેમ કચ્છના ધોરડોમાં બોર્ડર ટુરીઝમનો પણ વિકાસ થઈ રહ્યો છે.

મિત્રો, હવેના સમયમાં તમે ઐતિહાસિક સ્થાનો, પુરાતત્ત્વીય સ્થાનો, બોર્ડર ટુરીઝમ જેવા પ્રવાસનના નવીન આયામો ગુજરાતમાં વિકસતા જોઈ શકશો. પ્રાકૃતિક અને માનવસર્જિત સૌંદર્ય ઉપરાંત વિવિધ સુવિધાઓથી સજ્જ આ પ્રવાસન સ્થળો સ્થાનિક ભાતીગળ સંસ્કૃતિને માણવાના પણ અનેક અવસર લઈને આવશે. રાજ્ય અને દેશના સહેલાણીઓ ઉપરાંત દુનિયાભરના પર્યટકો આપણા ગુજરાત તરફ આકર્ષાશે. આપ સૌ આપણા ગરવી ગુજરાતનાં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્થાનોની મુલાકાત લેવાનું ચૂકશો નહિ. બાળકોને પણ આ સ્થળો અને તેના ઇતિહાસથી જરૂર માહિતગાર કરશો.

આપનો,

ભૂપેન્દ્ર પટેલ

## 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'

રાજ્યનાં શહેરોમાં વસતા નાગરિકો-નગરજનો માટે આઝાદીના અમૃત મહોત્સવના વર્ષ પ્રસંગે 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર' યોજના શરૂ કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યની નગરપાલિકાઓ દ્વારા નગરજનોને પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓના કર-વેરા, જેમાં મિલકતવેરો, સામાન્ય પાણીવેરો, ખાસ પાણીવેરો, દીવાબત્તી (લાઇટ) વેરો, ગટરવેરો વગેરે વેરાઓની ચુકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા આ નવતર અભિગમ અપનાવ્યો છે.



આ યોજના અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ જો નાગરિકો તા.૩૧-મે-૨૦૨૨ સુધીમાં ઍડવાન્સ ભરપાઈ કરે તો તેમને ૧૦ ટકા વળતર આપવામાં આવશે. એટલું જ નહિ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પને વેગ આપવા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એવો પણ નિર્ણય કર્યો છે કે, આવી વેરાની રકમ મોબાઇલ ઍપ કે ઇ-નગરના ઑનલાઇન પૉર્ટલ મારફતે તા. ૩૧-મે-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરનારા નાગરિકોને વધારાનું પાંચ ટકા વળતર અપાશે. એટલે કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરનારા નાગરિકોને કુલ ૧૫ ટકા વળતરનો લાભ મળશે. રાજ્યની નગરપાલિકાઓની અગાઉનાં વર્ષોના કરવેરાની પાછલી રકમ પણ જે નાગરિકોને ભરવાની બાકી હોય તેમને આવી રકમ-વેરા ભરવામાં સરળતા મુખ્યમંત્રીશ્રીએ કરી આપી છે.

તદ્અનુસાર, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એવો નિર્ણય કર્યો છે કે, જે કરદાતા-નાગરિકને તેમની મિલકત પેટે અગાઉનાં વર્ષોના વેરા ભરવાના બાકી હોય તે જો તા. ૩૧ માર્ચ-૨૦૨૨ સુધીમાં ભરપાઇ કરે તો નોટિસ ફી, વ્યાજ, પેનલ્ટી, વૉરંટ ફીની રકમ ૧૦૦ ટકા માફ કરવામાં આવશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યની નગરપાલિકાઓની આવકનો મુખ્ય સ્રોત કરવેરા વસૂલાતમાંથી થતી આવક છે. નગરપાલિકાઓ શહેરનાં વિકાસકામો તથા નાગરિકોને આવશ્યક સેવાઓ પૂરી પાડવા અંગેનો ખર્ચ આવા કરવેરા-ટૅક્સની આવકમાંથી કરતી હોય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની નગરપાલિકાઓની આવી આવકમાં વધારો થાય સાથોસાથ કરદાતાઓને પણ કરવેરાની રકમ ભરવામાં સરળતા રહે અને પ્રોત્સાહન મળે તેવા ઉદાત્ત ભાવથી આ 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'નો અમલ કરવાનો નાગરિક સુખાકારીનો નિર્ણય કર્યો છે. ●


## આઠ નગરપાલિકાનાં રૂ. ૧૬ કરોડથી વધુના વિકાસકામો મંજૂર...

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરો-મહાનગરોમાં આગવી ઓળખનાં કામો માટે ગ્રાન્ટ-ભંડોળ આપવાનો રાજ્ય સરકારે અભિગમ અપનાવ્યો છે. આવાં આગવી ઓળખનાં કામોમાં નગર સુખાકારી અને જનહિત કાર્યો દ્વારા જે તે નગરની આગવી વિશેષ ઓળખ ઊભી કરવાનાં કામો હાથ ધરાય છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજ્ય સરકાર નગરો-મહાનગરોમાં આગવી ઓળખનાં વિવિધ વિકાસકામો હાથ ધરવા માટે રકમ ફાળવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આવાં આગવી ઓળખનાં કામો અન્વયે કોડીનાર નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી શિંગોડા નદી પર રિવરફ્રન્ટનાં કામ માટેની રૂ. ૩ કરોડ ૨૫ લાખની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કામો અંગેના રજૂ થયેલા ફિઝિબિલિટી રિપોર્ટ અને ગૅપ ઍનૅલિસિસ સ્ટડી રિપોર્ટ તેમજ જનરલ રિપોર્ટના અનુસંધાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ કોડીનાર નગરપાલિકા ઉપરાંત તળાજા નગરપાલિકામાં પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખનાં કામોમાં આધુનિક ટાઉનહોલના નિર્માણ માટે રૂ. ૩ કરોડ ૧૮ લાખનાં કામોની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આમ, રાજ્યની વધુ બે નગરપાલિકાઓ કોડીનાર અને તળાજામાં કુલ ૬.૪૩ કરોડ રૂપિયાનાં કામોની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આગવી ઓળખનાં કામો માટે મંજૂરી આપવામાં આવી છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં અત્યાર સુધીમાં રાજ્યની ૮ નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આગવી ઓળખનાં કામો માટે કુલ રૂ. ૧૧.૯૪ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. ●



# રાજ્યના વિકાસને ગતિ આપતા નિર્ણયો



ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં ચણા-તુવેરની ટેકાના ભાવે ખરીદી ૯૦ દિવસ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ સાથે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના હિતમાં સંખ્યાબંધ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, માર્ગોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગુજરાત દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યભરમાં ૧૨ હજાર કિ.મી.ના માર્ગોના રિસરફેસના તથા ૨,૫૦૦ કિ.મી.ના નવા માર્ગો મળી કુલ ૧૪,૫૦૦ કિ.મી. લંબાઇના માર્ગોની રીસરફેસ નવીનીકરણની કામગીરી આગામી ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવા સૂચનાઓ આપી છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો સૌરાષ્ટ્ર-તારાપુર માર્ગનું કામ પૂર્ણ થયુ છે જેનું ટૂંક સમયમાં લોકાર્પણ કરાશે જ્યારે તારાપુર-બગોદરા ફેઝ-૨ના રૂા.૬૫૦ કરોડના કામો મંજૂર કર્યા છે જે કામો સત્વરે શરૂ કરાશે.

જળસંચય અભિયાનને વધુ બળ આપવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે પ્રયાસો હાથ ધર્યા હતા તેને આગળ વધારવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આગામી સમયમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન સમયસર હાથ ધરવાનું નક્કી કર્યુ છે જેના પરિણામે ગ્રામ્યસ્તરે પાણીની સુવિધા વધશે અને પાણીના સ્તર ઉંચા આવશે તેમજ તળાવોમાંથી નીકળતી ફળદ્રુપ માટી પણ ખેડૂતોને તેમના ખેતરમાં નાખવા વિના મૂલ્યે અપાશે જેથી જમીનની ફળદ્રુપતા વધશે. વિવિધ સરકારી યોજનાઓના લાભ લેવા માટે લાભાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવતાં એફિડેવિટમાંથી રાજ્ય સરકારે મુક્તિ આપી છે. આ વ્યવસ્થાનો સત્વરે અમલ થાય અને નાગરિકોને કોઈ તકલીફ ના પડે તેવી કડક સૂચનાઓ મહેસૂલ વિભાગ દ્વારા જિલ્લા કલેકટર સહિત સંબંધિત કચેરીઓને આપવામાં આવી છે.

વિધાનસભામાં સમયાંતરે નવા એકટ-કાયદા પસાર કરવામાં આવે છે. આ નવા કાયદાના બાકી રહેલા નિયમો સત્વરે બની જાય તેવી સૂચનાઓ મુખ્યમંત્રીશ્રી દ્વારા વિવિધ વિભાગોને આપવામાં આવી છે.

આગામી માર્ચ ૨૦૨૨માં ચાલુ નાણાકીય વર્ષ પૂરું થાય છે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓ પૂર્ણ થાય, તેની પૂરેપૂરી ગ્રાન્ટ વપરાય અને તેનો મહત્તમ લાભ પ્રજાને મળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપી છે. જેથી નવા બજેટમાં નવી યોજનાઓનો મહત્તમ લાભ મળી શકે. ●

# 'આત્મા' યોજનાના કરાર આધારિત કર્મચારીઓના પગારમાં વધારો

ભારત સરકાર દ્વારા સંચાલિત ઍગ્રિકલ્ચર ટેક્નોલૉજી મૅનેજમેન્ટ એજન્સી (આત્મા) ગુજરાત રાજ્યમાં પ્રાયોગિક ધોરણે ૨૦૦૫માં અમલમાં આવી હતી. આ યોજનાનું મુખ્ય કાર્ય જિલ્લાની તમામ કૃષિવિષયક સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કૃષિઉન્નતિ યોજના અંતર્ગત સબ-મિશન ઑન ઍગ્રિકલ્ચર એક્સ્ટેન્શન હેઠળ આત્મા યોજનાની મોડિફાઇડ ગાઇડલાઇન-૨૦૧૮ મંજૂર કરવા જણાવાયું છે. તેમજ રાજ્યોને આત્માની રિવાઇઝ્ડ ગાઇડલાઇન-૨૦૧૮ પ્રમાણે અમલીકરણ કરવાની સૂચના છે, જે સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત 'સપોર્ટ ટુ સ્ટેટ એક્સ્ટેન્શન પ્રોગ્રામ ફૉર એક્સ્ટેન્શન રિફોર્મ યોજના અંતર્ગત કામ કરતાં કરાર આધારિત કર્મચારીઓના પગારમાં નોંધપાત્ર વધારો કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે.



આ નિર્ણય અંગે વિગતો આપતા કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતમિત્રના કન્ટિજન્સી ખર્ચમાં રૂ. ૬,૦૦૦ના બદલે રૂ. ૧૨,૦૦૦ વાર્ષિક ખર્ચ અપાશે તેમજ બ્લૉક ટેક્નોલૉજી મૅનેજરનું માનદ વેતન રૂ. ૨૫,૦૦૦ના બદલે રૂ.૩૦,૦૦૦ અને આસિસ્ટન્ટ ટેક્નોલૉજી મૅનેજરનું માનદ વેતનમાં રૂ.૧૫,૦૦૦ના બદલે રૂ.૨૦,૦૦૦ ચૂકવવાનો નિર્ણય કરાયો છે. આ હિતકારી નિર્ણયના પરિણામે રાજ્યમાં આત્મા યોજનાની વિવિધ જગ્યાઓ પર કામ કરતા કર્મચારીઓનો પગારવધારાનો પ્રશ્નનો હલ થયો છે.

ભારત સરકાર દ્વારા અદ્યતન ગાઇડલાઇન મુજબ આત્મા પ્રોજેક્ટ હેઠળ કરાર આધારિત માનવબળ માટે ૧૦% ઇજાફાની જોગવાઈ કરવામાં આવી છે, જેને અનુસરીને ગુજરાત સરકાર દ્વારા આત્મા પ્રોજેક્ટ હેઠળ કરાર આધારિત જગ્યાઓ પર કામ કરતા સ્ટેટ કો-ઑર્ડિનેટર, નાયબ નિયામક, ડેપ્યુટી પ્રોજેક્ટ ડિરેક્ટરના પગારમાં ૧૦% ઇજાફાને મંજૂર કરવામાં આવ્યો છે. ●

# રાજ્ય સરકારના નિર્ણયથી બે લાખથી વધુ શિક્ષક પરિવારોને મળશે લાભ

વિદ્યાર્થીઓના શિક્ષણનું હિત, શિક્ષકોનું હિત તથા વહીવટી તંત્રનું હિત જળવાય એ માટે રાજ્યના વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની બદલીઓના નિયમો સંદર્ભે રાજ્ય સરકારે મહત્ત્વના નિર્ણયો કર્યા છે, જેનો અંદાજે બે લાખથી વધુ શિક્ષકોને લાભ થશે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, દસ વર્ષ પહેલાં પ્રાથમિક શિક્ષકોની બદલીઓ સંદર્ભે નિયમો ઘડાયા હતા. આ નિયમોમાં બદલાવ માટે પ્રાથમિક શિક્ષણના સંઘો દ્વારા રજૂઆતો થઈ હતી એ સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંપૂર્ણ સંવેદના સાથે નિયમોમાં મહત્ત્વના ફેરફાર કરવા દિશા-નિર્દેશો આપ્યા છે.

ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના પ્રમુખ શ્રી ભીખાભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા સહિત મંડળના હોદેદારો સાથે શિક્ષણ વિભાગના સચિવ શ્રી વિનોદ રાવ, પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી મહેશ જોશી સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે તબક્કાવાર ફળદાયી બેઠક યોજાઈ હતી, જેની ફળશ્રુતિ સ્વરૂપે આ નિર્ણયો લેવાયા છે.

શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક અને મુખ્ય શિક્ષકની બદલીના નિયમોમાં કરેલા ઐતિહાસિક સુધારાની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી જે શિક્ષકોની બદલી થઈ ગઈ છે, પરંતુ ૧૦ ટકા કરતાં વધુ મહેકમ ખાલી પડતું હોવાના કારણે છૂટા થઇ શક્યા નથી તેવા બદલી પામેલા તમામ શિક્ષકોને ખાસ કિસ્સા તરીકે છૂટા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે શાળામાં બદલીવાળા શિક્ષકોને છૂટા કરવાના કારણે શૂન્ય શિક્ષકવાળી શાળા થતી હોય ત્યાં છેલ્લે છૂટા થવા પાત્ર શિક્ષકને નવા શિક્ષક આવે ત્યારે જ છૂટા થવાનું રહેશે. છેલ્લાં ત્રણ વર્ષમાં બદલી થયેલી હોય અને છૂટા ન કરાયા હોય તેવા તમામ શિક્ષકોને પણ આ નિર્ણય લાગુ પડશે.



પ્રાથમિક શિક્ષકોની બદલીના નિયમો તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી નિયત થયા હતા. માન્ય શિક્ષક સંગઠનો તેમજ શિક્ષકોનું હિત ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા છે, જે અંતર્ગત અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવતો હતો તેના બદલે નવા નિયમો મુજબ જે તે જિલ્લામાં ખાલી ૧૦૦ ટકા જગ્યા પર જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવશે.

જિલ્લા ફેર અરસપરસ અને જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોનાં વતન હોવા જરૂરી હતાં તે જોગવાઈ દૂર કરવામાં આવી છે એટલે કે 'વતન' શબ્દ દૂર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત શિક્ષક સંઘો અને તેમના પ્રતિનિધિઓ સાથે પૂરતી ચર્ચાવિચારણાને અંતે એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે, જે શિક્ષકો વધ બદલીથી અન્ય શાળામાં ગયેલા છે તેવા શિક્ષકોને જો તેઓ મૂળ શાળામાં જગ્યા ખાલી પડે તો બે વધઘટ બદલી કેમ્પ સુધી મૂળ શાળા ઈચ્છે તો માંગી શકે.

૧૦ વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે શિક્ષકોને નિમણૂક આપવામાં આવી છે તેવા શિક્ષકો પાંચ વર્ષ પછી જિલ્લા ફેરબદલી કે જિલ્લા અરસપરસ બદલી માટે અરજી કરી શકશે. એટલું જ નહિ, જે સરકારી કર્મચારીઓ રાજ્યના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલીપાત્ર છે તેવા કર્મચારીઓનાં પતિ/પત્ની જો સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષક કે મુખ્ય શિક્ષક હોય તો તેઓને સરકારી કર્મચારીના બદલીવાળા જિલ્લામાં પ્રતિનિયુક્તિથી મૂકી શકાશે.

પતિ/પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ, ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની સરકારી કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે. તે ઉપરાંત બદલીઓના કિસ્સામાં ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે. એટલે કે બદલી બાબતે જે કોઇ રજૂઆત/ફરિયાદ હોય તો સંબંધિત શિક્ષક/મુખ્ય શિક્ષક દ્વારા ફરિયાદ નિવારણ સમિતિને રજૂઆત કરી શકાશે અને ફરિયાદ નિવારણ સમિતિ તેનું નિરાકરણ કરશે, જેથી શિક્ષકોને બિનજરૂરી કોર્ટ કેસ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થશે નહીં. ●




# નલ સે જલ... જળ સમસ્યાનાં અંત સાથે વિકાસના નવા અધ્યાયનો આરંભ

'અશક્ય શબ્દ મારી ડિક્શનરીમાં નથી.' નૅપોલિયન બોનાપાર્ટે કહેલું આ વાક્ય ગુજરાતની વિકાસધારા જોઈને તરત જ યાદ આવી જાય. ગુજરાત સરકારે રણપ્રદેશ હોય કે ડુંગરાળ વિસ્તાર, અશક્યને શક્ય બનાવી ઘરે-ઘરે પાણી પહોંચાડ્યું છે. આ વાત નહિ, વાસ્તવિકતા છે, જેનો પડઘો ડાંગના સાકરપાતળ ગામના પાણી સમિતિ ઑપરેટર ગલબભાઈના આ શબ્દોમાં ઝિલાય છે. 'અમારા ગામમાં કુલ 3 ટાંકીઓ છે અને હું સવારે 6 વાગ્યે આખા ગામમાં પાણી પહોંચાડું છું. બધાને નળથી પાણી પહોંચી રહે તે માટે હું સવારના 8 વાગ્યા સુધી મારી કામગીરી બજાવું છું.

વળી વલસાડના કોલક ગામના ડેપ્યુટી સરપંચ અઝીમ નિઝામુદ્દીન જણાવે છે કે, અમારું ગામ દરિયાકિનારે આવેલું છે, જેના કારણે ગામની અંદર ખારા પાણીના સ્રોત છે, હાલ અમારા ગામમાં વાસ્મો દ્વારા નલ સે જલ યોજના આવી છે. એ યોજનાને લઈ ઘરે-ઘરે પીવાલાયક પાણી પહોંચ્યું છે. આવી જ વાત છોટાઉદેપુરના ચીલરવાંટ ગામના રહેવાસી મહિડા રાજુભાઈ કરતાં જણાવે છે, 'પહેલાં બહાર જવુ હોય તો પાણીનું અમારે પહેલાં વિચારવું પડતું હતું, પણ અત્યારે પાણીની સુવિધા હોવાથી અમે ગમે ત્યાં જઈએ, અમને પાણીની કોઈ તકલીફ પડતી નથી.

ગુજરાત રાજ્યે અનેક ક્ષેત્રોમાં અદ્વિતીય વિકાસની રીતસર હરણફાળ ભરી છે. જનહિતને લગતી કલ્યાણકારી યોજનાઓથી રાજ્યનાં છેવાડાનાં ગામડાંઓની કાયાપલટ થઈ છે. જન-જનને નળથી જળ આપવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વપ્ન ગુજરાતમાં સાકાર થઈ રહ્યું છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તાર સુધી પીવાનું પાણી પહોંચી ગયું છે. આમ તો સમગ્ર ગુર્જર પ્રદેશમાં પાણીની સમસ્યાની વિદાઈ થઈ ગઈ છે, પરંતુ આજે આપણે સમગ્ર ગુજરાતની વાત ના કરતાં ડાંગ, વલસાડ અને કચ્છનું વાસ્તવિક ચિત્ર જોઈએ, જેથી સમગ્ર ગુજરાતમાં પાણી ક્ષેત્રે થયેલા પાણીદાર આયોજનનો અંદાજો લગાવી શકાય. પહેલાં આપણે ડાંગ જિલ્લાની માંડીને વાત કરીએ.

કુદરતના ખોળે, ગુજરાતના છેવાડે આવેલો આદિવાસી વિસ્તાર એટલે ડાંગ જિલ્લો. પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલા ડાંગના ગિરા ધોધે પૂરા ગુજરાતને અલગ ઓળખ અપાવી છે. અહીં આવેલી સહ્યાદ્રિ પર્વતમાળા ડાંગના સૌંદર્યમાં ચાર ચાંદ લગાવે છે. ડાંગમાં વર્ષનો સૌથી વધુ વરસાદ વરસે છે. આટલો વરસાદ પડવા છતાં આઝાદીકાળથી લઈને 70 વર્ષ સુધી આ વિસ્તારના લોકોને ચોમાસા બાદ 7 મહિના સુધી પાણી માટે વલખાં મારવાનો વારો આવતો હતો, પરંતુ હવે જલ જીવન મિશન અંતર્ગત અત્યાધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ડાંગનાં છેવાડાનાં ગામડાંઓમાં પણ નલ સે જલ યોજના દ્વારા ઘરે-ઘરે શુદ્ધ પીવાનું પાણી પહોંચી રહ્યું છે.

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આવેલા સાકરપાતળ અને માનમોડી આ બંને ગામોમાં પાણીની ભારે સમસ્યા વેઠવા માટે ગ્રામજનો મજબૂર હતા. ગામલોકો દોઢથી બે કિલોમીટર ચાલીને પાવીનું પાણી ભરવા જતા હતા. અહીં લોકો ખેતી કે ખેતમજૂરી કરી અથવા નોકરી કરી જીવનનિર્વાહ કરતા હોય છે, તેવામાં પાણી ભરવા માટે કલાકોનો સમય વેડફાતો હતો.

નલ સે જલ યોજના અંતર્ગત તમામ ઘરોમાં પાણી પહોંચાડવા કટિબદ્ધ સરકારે અથાગ પ્રયત્નો કરી ડાંગનાં આ ગામોમાં પણ

ઘરે ઘરે પાણી પહોંચાડ્યું છે. આ ગામોમાં અદ્‌ભુત એન્જિનિયરિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બંને ગામોમાં બે વર્ષ અગાઉ પાણીપુરવઠા યોજના હેઠળ કૂવા બનાવવામાં આવ્યા છે. કૂવાનું પાણી ગામમાં બનાવેલી ટાંકીઓમાં પહોંચે અને ત્યાર બાદ ઘરે ઘરે પાણી પહોંચે તેવી ગોઠવણ કરી છે. ઉનાળામાં પાણીના સ્તર નીચા થઈ જાય ત્યારે પણ પાણીની સમસ્યા ન સર્જાય તે માટે વિવિધ જગ્યાએ બનાવેલી વેળીમાંથી કૂવામાં પાણી આપમેળે આવી જાય તેવી વિશેષ સુવિધા ઊભી કરી છે.

આ ગામનાં 302 ઘરનાં આંગણામાં નળ દ્વારા પાણી આપવામાં આવી રહ્યું છે, જેના થકી આ ગામમાં રહેતા અંદાજિત 1,315 લોકોને પીવાના પાણી માટે વલખાં મારવાની જરૂર પડતી નથી, એટલું જ નહિ, હવે લોકોને દોઢથી બે કિ.મી સુધી પીવાનાં પાણી ભરવા માટે જવું પડતું નથી.

આ ગામમાં કૂવો ગામથી ઘણો દૂર હતો, જેના કારણે નદીની બંને બાજુમાં રહેલા બે કૂવાઓનું જોડાણ કરી ગામની નજીક રહેલા કૂવામાં ઑટોમેટિક મોબાઇલ સ્ટાર્ટર દ્વારા મોબાઇલ થકી ઑટોમેટિક મોટર ચાલુ - બંધ કરવાની આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં નવાઈની વાત તો એ છે કે માત્ર એક મિસ કૉલ દ્વારા આ કાર્ય ખૂબ જ સરળતાપૂર્વક કરવામાં આવે છે, જેનાથી સમયનો વ્યય થતો અટકી ગયો છે.

આ ગામમાં 40,000 લિટરની 20 હજાર લિટરની બે અને 30,000 લિટરની એક જમીન તળની આરસીસી ટાંકી બનાવવામાં આવી છે. આ ઉપરાંત આ ગામમાં 10,000 લિટરની એચ.ડી.પી.ઈ સિન્ટેક્સ ટાંકીમાં પણ પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. સાકરપાતળ ગામમાં ઘરે ઘરે સમયસર અને પૂરતું પાણી મળી રહે તે માટે 6 કિ.મી.થી વધુની પાઇપલાઇન નાખવામાં આવી છે. આ ગામના લોકોની પાણીની સમસ્યાઓનું નિવારણ લાવવા માટે સરકાર દ્વારા કુલ 17.30 લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

'માનનીય વડાપ્રધાનશ્રીની દીર્ઘદષ્ટિથી હર ઘર નલ સે જલ યોજના અંતર્ગત આજે કૂવાથી કનેક્શન કરીને અત્યારે અમારા ગામની અંદર 100 ટકા નળ કનેક્શન થઈ ગયાં છે. આજે અમારા ગામમાં સુવ્યવસ્થિત રીતે પાણી મળી રહ્યું છે', સાકરપાતળ ગામના સરપંચ મંગેશભાઈ ગોહેલના આ શબ્દોમાં રાજ્ય સરકારની કામગીરીના સંતોષનો ઓડકાર અનુભવાય છે.



“

*ભારત સરકારની જલ જીવન મિશન યોજના અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 2019માં લાલ કિલ્લા ઉપરથી હર ઘર જલ યોજનાની જે જાહેરાત કરવામાં આવી હતી, એ યોજના અંતર્ગત ગુજરાતનાં તમામ ગામોમાં કામગીરી થઈ રહી છે. તેમાં પાટણ જિલ્લામાં 100 ટકા નળ કનેક્શનની કામગીરી પૂર્ણ કરી છે. આ ગામમાં 100 ટકા મહિલા પાણી સમિતિ હોવાથી તેને પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે. ચંદુમાણા ગામમાં હાલ તમામ વિસ્તારમાં પૂરતું અને શુદ્ધ પાણી મળે છે.*

”



**મનોજભાઈ પટેલ, ડિસ્ટ્રીક્ટ કોર્ડિનેટર, વાસ્મો**

આ તો વાત થઈ ડુંગરાળ પ્રદેશ ડાંગની. હવે વાત કરીએ દરિયાકિનારાના વિસ્તારની.

ઘૂઘવાતા અરબી સમુદ્રના રમણીય તટની સાથે પ્રાકૃતિક સૌંદર્યની કુદરતની અણમોલ દેન ધરાવતો જિલ્લો એટલે વલસાડ. રૂપિયાના સિક્કાની બે બાજુ હોય એમ દરિયાકિનારો મળવો એના પણ લાભ અને ગેરલાભ હોય છે. દરિયાકિનારાના વિસ્તારમાં લોકો ફરવા આવતા હોવાથી પર્યટક સ્થળ તરીકે પણ વિકાસ થાય છે. સાથે જ દરિયાકિનારાની નજીકનાં ગામોમાં સૌથી વધુ ખારા પાણીની સમસ્યાઓ સર્જાતી હોય છે, જેના કારણે ગામલોકો પાસે દરિયો ભરીને પાણી હોવા છતાં પીવાના પાણી માટે વલખાં મારવાનો વારો આવતો હતો, પરંતુ હવે જલ જીવન મિશન અંતર્ગત વલસાડનાં ગામોની કાયાપલટ થઈ છે.

વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આવેલું કોલક ગામ દરિયાકિનારે વસેલું ગામ છે. આ ગામમાં ખારા પાણીની સમસ્યા ગામલોકોને વર્ષોથી સતાવી રહી હતી. પાણીની આ સમસ્યાને

કારણે કાંઠાવિસ્તારના રહેવાસીઓ પોતાનાં ખેતરોમાં ખેતી કરી શકતા નથી. આવા ગામના લોકો પોતાના જીવનનિર્વાહ માટે દરિયામાં માછીમારી કરી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે, અને અમુક લોકો શહેરી વિસ્તારમાં જઈ નોકરી કરતા હોય છે. આ ગામમાં ખારોપાટ હોવાને કારણે ગામમાં બોર કે બોરિંગનાં પાણી પણ ખારાં થઈ જતાં હોય છે, જેનાથી ગામલોકોને પીવાના પાણી માટે વલખાં મારવાનો વારો આવતો હતો, પણ હવે વલસાડના આ કોલક ગામમાં ખુશીઓની સરવાણી વહી રહી છે. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં અહીં જળ જીવન મિશન હેઠળ 'નલ સે જલ' યોજના દ્વારા ઘરે-ઘરે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડાઈ રહ્યું છે.

આ ગામમાં સરકાર દ્વારા મીઠા પાણી માટે પાઇપલાઇન નાખવામાં આવી હતી, જે લોખંડની હતી અને 35થી 40 વર્ષ જૂની પાઇપલાઈન થઈ જવાથી તમામ પાઇપ સડી ગઈ હતી, જેના કારણે પાણીના ફોર્સમાં પણ ઘટાડો થતો હતો અને ગામની વચ્ચે કોમન નળમાં પીવાનું પાણી પણ પૂરતા પ્રમાણમાં મળતું નહોતું. એક ટાઈમ પાણી મેળવવા ગામના લોકોને ભારે હાલાકી વેઠવી પડતી હતી. ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'નલ સે જલ' યોજના અમલમાં આવતાં કોલક ગામમાં 43,07,253 રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેમાં આ ગામમાં આવેલી જૂની પાઇપલાઇન કાઢીને તેની જગ્યાએ 160 એમ.એમ. થી લઈને 75 એમ.એમ સુધીની પાઇપલાઇનો નાખવામાં આવી હતી. આ ગામમાં આવેલાં ઘરો, આંગણવાડી અને શાળાઓ મળીને કુલ 1400 નળ કનેક્શનો કરવામાં આવ્યાં છે, જેના થકી સમગ્ર ગામમાં પીવાનું મીઠું પાણી પહોંચી રહ્યું છે.

આ ગામમાં જે પાણી વિતરણ કરવામાં આવે છે, તેનું વાસ્મો દ્વારા અપાયેલી વૉટર ટેસ્ટ કિટ દ્વારા નિયમિત ટેસ્ટિંગ પણ કરવામાં આવે છે. એટલું જ નહિ, પાર નદીનું પાણી 80,000 હજાર લિટરની ટાંકી સુધી પહોંચાડ્યા બાદ તે પાણી લોકોનાં ઘર સુધી પહોંચે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. નવાઈની વાત તો એ છે કે

> ***"શીણાય ગામમાં લગભગ આજથી 30 કે 35 વર્ષ પહેલાંના જો સમય તરફ આપણે થોડી નજર કરીએ તો બહેનોએ અને મેં પણ આનો અનુભવ કર્યો છે, કે અમે લગભગ એક કિ.મી કે દોઢ કિ.મીના અંતરે બેડાં લઈ પાણી ભરવા જતાં હતાં. એ હવે ઘણું જ સારું છે. પહેલાં જે પાણી ભરવા માટે કલાકોનો સમય બગડતો તે સમયનો ઘરકામ, બાળકોના અભ્યાસમાં અને રોજગારીનાં કામોમાં ઉપયોગ કરી મહિલાઓ આર્થિક રીતે પગભર બની રહી છે."***



**શીણાય ગામની પાણી સમિતિના સદસ્યા ઉષાબહેન**

આ બધી યોજના માટે ફાળવવામાં આવેલા ફંડમાંથી 25,38,000ના ખર્ચમાં આ તમામ કામો થઈ ગયાં.

હાલ આ યોજના દ્વારા ગામના અંદાજિત 5 હજાર કરતાં વધુ લોકોને તેનો ફાયદો થઈ રહ્યો છે. કોલક ગામના લોકો સરકારની આ યોજનાને પોતાની જીવાદોરી સમાન યોજના ગણાવી કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરી રહ્યા છે. ખરેખર કોલક ગામમાં આવી કપરી પરિસ્થિતિથી હોવા છતાં પણ ઘરે ઘરે પૂરતું શુદ્ધ જળ પહોંચાડવું તે એક સિદ્ધિ છે.

આ સિદ્ધિમાં વધુ એક યશકલગીનો ઉમેરો ત્યારે થયો, જ્યારે કચ્છ ગ્રામ્યસ્તરે ૧૦૦% ઘર ઘર નળ જોડાણ હર ઘર જલ ધરાવતો રાજ્યનો ૧૨મો જિલ્લો જાહેર થયો.

ભૂજ ટાઉનહોલ ખાતે ગુજરાત પાણીપુરવઠા અને ગટર







વ્યવસ્થા બોર્ડ તથા વાસ્મો દ્વારા આયોજિત કચ્છ જિલ્લાને હર ઘર જલ મિશન હેઠળ રાજ્યનો બારમો જિલ્લો જાહેર કરવાના પ્રસંગે વિધાનસભા અધ્યક્ષા શ્રી ડો. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતું કે, 'કચ્છીઓની જેમ હવે કચ્છ પણ પાણીની સગવડના પગલે પાણીદાર બની રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ જલ જીવન મિશન હેઠળ દેશનાં તમામ ઘરે ઘર-ઘર નળ જોડાણની જાહેરાત કરી હતી, જેના પગલે રાજ્ય તેમની ઘોષણાને આબાદ ઝીલી આજે આપણો કચ્છ જિલ્લો હર ઘર જલ તરીકે જાહેર થયો છે. બે વર્ષમાં વાસ્મો દ્વારા જિલ્લામાં રૂ. ૩૦.૩૫ કરોડની અંદાજિત કિંમતની કુલ ૧૯૭ યોજનાઓ અમલી કરાયેલી, જેના દ્વારા ૧૯,૯૬૩ ઘરો નળજોડાણથી આવરી લેવાયાં છે.

આ તકે અધ્યક્ષાશ્રી ૧૦ તાલુકાનાં ૮૮૧ ગામોમાં તમામ ૪,૦૨,૫૬૫ ઘરોમાં ૧૦૦% નળજોડાણ કામગીરી પૂર્ણ કરવા માટે જોડાયેલા તમામને અભિનંદન પાઠવ્યાં હતાં. પ્રજાવત્સલ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પાણીનું ઉત્તમ કામ થઈ રહ્યું છે. અંજારનાં ૬૩ ગામોમાં રૂ. ૪૨ કરોડ પાણી યોજના હેઠળ મંજૂર કર્યા છે. આજે પાણીની ફરિયાદ આવતી નથી અને હવે તો પાણી વિભાગ સત્વરે સમસ્યા ઉકેલે છે.

પાણી માટે સરકાર અનેક ઉપાય કરે છે નર્મદા માટે રૂ. ૩૭૭૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે કચ્છનાં લગભગ તમામ ગામડાંમાં વાસ્મો દ્વારા ઊંચી પાણીની ટાંકી ઊભી કરાઈ છે. ભાગીદારીથી લોકકલ્યાણનાં કાર્યો સરકારે આરંભ્યાં છે. હર ઘર જલના પગલે ગ્રામ્ય સ્તરે પણ પાણીની સુવિધા સંપૂર્ણ થઈ રહી છે. જિલ્લાનાં ૮૮૧ વસવાટી ગામોમાં ૪,૦૨,૫૬૫ ઘરો પૈકી ૩,૮૨,૬૦૨ ઘરોનાં નળજોડાણની સુવિધા ઉપલબ્ધ છે.

સરકારે જલ જીવન મિશન અમલમાં મૂક્યું અને તમામ ગ્રામીણ ઘરો અને જાહેર સંસ્થાઓ, જેવી કે શાળાઓ, આંગણવાડી કેન્દ્રો, આરોગ્ય કેન્દ્રો, ગ્રામપંચાયત ઇમારતો વગેરેને નળ દ્વારા પાણી પૂરું પાડવા માટે રાજ્ય સરકારો સાથે ભાગીદારી



કરી. જોકે, આ લક્ષ્યાંક 2024 સુધીમાં હાંસલ કરવાનો હતો, પરંતુ ગુજરાત સરકારે કરેલી કામગીરી જોતાં ગુજરાત આ વર્ષના અંત સુધીમાં જ આ લક્ષ્યાંક સિદ્ધ કરી લેશે તેવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી, કારણ કે આ માટે, આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટે લિફ્ટ ઇરિગેશન ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ખરેખર એક મોટો પડકાર હતો. ગુર્જરવાસીઓને એ જાણીને આનંદ થશે કે બોટાદ, આણંદ, ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, વડોદરા, પાટણ, ગીર સોમનાથ, ડાંગ, મોરબી અને જૂનાગઢ જેવા કેટલાક જિલ્લાઓએ પાઇપવાળાં પાણીનાં જોડાણોનું 100% કવરેજ પ્રાપ્ત કર્યું છે. આ મિશન લોકોના જીવનની ગુણવત્તામાં તેમજ તેમના 'ઇઝ ઑફ લિવિંગ'માં સુધારો કરશે. દૂરદૂરનાં ગામડાંઓમાં રહેતી મહિલાઓને ઘર વાટે જ જ્યારે પાણી મળવા લાગશે ત્યારે તેમને પણ ઘણી રાહત થશે અને દૂર બેડાં લઈને પાણી ભરવાની તકલીફમાંથી મુક્તિ મળવાની સાથે નવા યુગનાં મંડાણ થયા છે. ●

*"અમારા ગામમાં પહેલાં પાણીની સમસ્યા વિકટ હતી. પહેલાં પીવાના પાણી માટે માથે બેડલાં લઈ તળાવમાં જવું પડતું હતું એ જ તળાવમાં જ્યારે વરસાદ પડતો ત્યારે પશુઓ પણ પાણી પીતાં હતાં, એ જ તળાવમાં બહાર ધોબી ઘાટમાં કપડાં ધોવાતા હતા. આ પરિસ્થિતિ હતી, પણ જ્યારે દુષ્કાળ પડતો ત્યારે પાણીની બહુ સમસ્યા રહેતી. ગામમાં પીવાનાં પાણી માટે બહારથી ટૅન્કર મગાવતા હતા. બધાને થોડું થોડું પીવા પૂરતુ પાણી મળતું હતું. વાસ્મો દ્વારા ગામમાં સોનાનો સૂરજ કહેવાય એવી રીતે આ ગામની અંદર સાથ અને સહકારથી બાજુની નદીમાં બોરવેલ કરીને ગામમાં ઊંચી ટાંકીની સગવડ કરી પીવાલાયક પૂરતુ પાણી મળ્યું. હર ઘર જલ યોજનાથી દરેક ઘરે પાણીની પૂરતી સગવડ છે."*



**કનકપુર ગામના સરપંચ ચંદ્રિકાબેન રંગાણી**

# ખેલ મહાકુંભમાં નોંધણી માટે 'કર્ટેન રેઇઝર' પોર્ટલનો શુભારંભ



રમતગમત ક્ષેત્રને ઉપેક્ષાથી બહાર લાવી 'ખેલે તે ખીલે'ના સૂત્ર સાથે ગુજરાતમાં આજથી દશકા પહેલાં શરૂ થયેલો ખેલ મહાકુંભ હવે વિરાટ જનરમતોત્સવ બની ગયો છે. ગુજરાતના યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપી વૈશ્વિક સ્તરે તૈયાર કરવા તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં ખેલ મહાકુંભ-રમતોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદ ખાતે ખેલ મહાકુંભમાં નોંધણી અંગેની આ શુંખલા આગળ ધપાવવા માટે 'કર્ટેન રેઇઝર' પૉર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.

ખેલ મહાકુંભ માત્ર ખેલપ્રતિભા શોધ માટે નહીં, પરંતુ સમગ્ર ગુજરાતની રમતના વિકાસનો આધારસ્તંભ બની ગયો છે. ખેલ મહાકુંભ દ્વારા રાજ્યની ખેલનીતિની એક આગવી ઓળખ ઊભી થઈ છે. આજે ગુજરાતમાં ઑલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું આયોજન થઈ શકે તે પ્રકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઇ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં રમતગમતની એવી ઈકોસિસ્ટમ અને કલ્ચર ડેવલપ થયું છે કે હવે ગુજરાતના ખેલાડીઓ માટે સ્કાય ઇઝ ધ લિમિટ છે.

ખેલ મહાકુંભના કારણે રમતગમત ક્ષેત્રે ગુજરાતે અભાવને મિટાવીને પ્રભાવ સર્જ્યો છે. આજે ગુજરાતના ખેલાડીઓ નૅશનલ અને ઈન્ટરનૅશનલ લેવલે નામના વધારી રહ્યાં છે. 'રમશે ગુજરાત-જીતશે ગુજરાત'નો મંત્ર હવે ગુજરાતમાં આબાલ-વૃદ્ધ સૌના મનમાં ગુંજતો થયો છે. બાળકમાં બચપણથી ખેલકૂદ મેદાનમાં પરસેવો પાડવાના સંસ્કાર સિંચનનો આ મહાકુંભ છે.

રમત-ગમતના બધાં જ ક્ષેત્રોમાં ગુજરાતે ઉત્તમ માનવસંસાધન શક્તિનું નિર્માણ કર્યું છે તેની આ ખેલ મહાકુંભની શુંખલાઓ સાક્ષી છે. આ માત્ર રમત મહોત્સવ નથી, પણ આ તો ગુજરાતના

**'રમતગમત ક્ષેત્રે મારી કારકિર્દીની શરૂઆત ખેલ મહાકુંભથી થઇ છે. ખેલ મહાકુંભ એ રમતગમત માટે એક પરફેક્ટ પ્લૅટફૉર્મ છે. મેં ખેલ મહાકુંભમાં મૅડલ જીત્યો, ત્યાર બાદ મને રાજ્ય સરકાર દ્વારા નડિયાદ ખાતે ટ્રેનિંગ આપવામાં આવી હતી. મારાં માતા-પિતા ખેતી કરે છે, જેથી દોડવા માટેના શૂઝ ખરીદી શકું તેવી પરિસ્થિતિ પણ નહોતી ત્યારે સરકારની શક્તિદૂત સ્કીમ દ્વારા મને સહાય મળી, જેના થકી હું અહીંયાં સુધી પહોંચી. મને સરકાર દ્વારા ઘણી સહાય મળી છે, જેના કારણે હું વિદેશમાં પણ રમતગમતમાં ભાગ લેવા જઈ શકી. ગુજરાત સરકાર રમતગમત ક્ષેત્રે યુવાનો માટે ખૂબ સરસ પૉલિસીઓ લાવી છે...'**



**- સરિતા ગાયકવાડ, (દોડવીર ખેલાડી)**

**'હું છેલ્લાં ૮ વર્ષથી સ્ટેટ લેવલે ગોલ્ડ મેડલિસ્ટ છું. મને રમતગમત ક્ષેત્રમાં આગળ વધવા માટે સરકારે આર્થિક સહાય કરી છે. સરકારની પૉલિસીના કારણે આજની યુવતી પણ રમતગમતમાં પોતાનું નામ રોશન કરી શકે છે. ખેલ મહાકુંભ એ રમતગમત ક્ષેત્રે આગળ વધવાનું ઉત્તમ પ્લૅટફૉર્મ છે, માટે તમામ યુવક-યુવતીઓએ આમાં ભાગ લેવો જોઈએ...'**



**- સનોફર પઠાણ (રિસલર ખેલાડી)**

**'હું ૬ વર્ષની હતી ત્યારથી બૅડમિન્ટન રમી રહી છું. સરકારની રમતગમત ક્ષેત્રની શક્તિદૂત યોજના આવી, જે યોજનાએ મને અહીં સુધી પહોંચાડવા માટે ખૂબ સપોર્ટ કર્યો. અને મારા કરિયર માટે પણ મદદરૂપ બની છે. સરકારની મદદ વગર હું અહીં સુધી પહોંચી જ ના હોત..'.**



**- અનૌસ્કા પરીખ (બૅડમિન્ટન ખેલાડી)**

વિકાસનો ખૂબ જ મહત્ત્વનો પડાવ છે. સ્પર્ધાના યુગમાં યુવાનોની માનસિક અને શારીરિક ક્ષમતા વૈશ્વિક કક્ષાની બને તે માટેના મહાઅભિયાનનો આ એક સફળ આયામ છે. આ આયામ આજે તેના નવા પડાવ પર પહોંચ્યો છે. જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. ખેલ મહાકુંભનો મુખ્ય આશય લોકોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ કેળવાય, શારીરિક તંદુરસ્તી જળવાય રહે અને રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે છે.

ખેલ મહાકુંભમાં લોકોની બહોળી ભાગીદારી જોવા મળી છે. દર વર્ષે રજિસ્ટ્રેશનની સંખ્યા પણ વધતી જ જાય છે. વર્ષ ૨૦૧૦માં યોજાયેલા ખેલમહાકુંભમાં ભાગ લેવા માટે સાડા સોળ લાખ જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.


ગુજરાતના યુવાનો-રમતવીરોને અપીલ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આઝાદીના અમૃત વર્ષે ખેલ મહાકુંભમાં ૭૫ લાખ રજિસ્ટ્રેશનનું લક્ષ્ય છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે ગુજરાતના કિશોર, તરુણ, યુવાનો નાના-મોટા સૌ અને રમતવીરો આ ખેલ મહાકુંભના મહત્તમ ભાગીદાર બને. ખેલ મહાકુંભના આ કર્ટેન રેઈઝર અવસરે મુખ્યમંત્રીશ્રીએ દેશના સ્વાતંત્ર્યવીરોમાંથી-મહાપુરુષોમાંથી ફિટનેસની પ્રેરણા લેવાનો પણ અનુરોધ કર્યો હતો. રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના દરેક ગામ, તાલુકા, જિલ્લાના યુવાઓની શક્તિ બહાર લાવવાનું માધ્યમ એટલે 'ખેલ મહાકુંભ'. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલી ખેલ મહાકુંભની મુહીમ આજે નવા આયામો સાકાર કરી રહી છે.'ખેલમહાકુંભ'ના પગલે રાજ્યના ખેલાડીઓ વૈશ્વિક કક્ષાએ પોતાનું કૌશલ્ય ઝળકાવી શક્યા છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'ખેલમહાકુંભ'ની પ્રવૃત્તિ સુનિયોજિતપણે આગળ વધી રહી છે. રાજ્યના ૪૦ લાખથી વધુ ખેલાડીઓ તેમાં સહભાગી થશે તેવી આશા છે. રાજ્ય સરકાર પણ કોવિડની ગાઈડલાઈનના અમલ સાથે આયોજન કરી રહી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં 'સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી'નું કાર્ય સંપન્ન કરવાની દિશામાં રાજ્ય સરકાર પરિણામલક્ષી કામગીરી કરી રહી છે. આગામી બે માસમાં હજી વધુ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ૧૫ મી મે -૨૦૨૨ સુધીમાં તેને કાર્યરત બનાવવા કટિબદ્ધ છે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, રાજ્યમાં રમતગમત પ્રત્યેનું હકારાત્મક વાતાવરણ છે. આ કાર્યક્રમના પગલે આ વાતાવરણને વધુ પ્રોત્સાહન મળશે. સિટીઝન સેન્ટ્રિક રાજ્યના એવા ગુજરાતમાં ખેલમહાકુંભ જેવી પ્રવૃત્તિઓના પગલે ગુજરાત મુઠ્ઠી ઊંચેરુ બન્યું છે.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, અમદાવાદ કલેક્ટર શ્રી સંદીપ સાંગલે, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્રી અનિલભાઈ ધામેલિયા, દસક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના સચિવ શ્રી આર. ડી. ભટ્ટ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ડો. અર્જુનસિંહ રાણા, ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી પાર્થિવ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ દરેક જિલ્લા સ્તરેથી જિલ્લાધિકારીઓ, પદાધિકારીઓ પણ વર્ચ્યુઅલી જોડાયા હતા. ●

**'હું ખેલ મહાકુંભમાં પાંચ વખત ચૅમ્પિયન બની અને ત્યાંથી જ આગળ વધી છું. સરકાર ખેલ મહાકુંભ થકી રમતવીરોને આગળ વધારવા પ્રોત્સાહન આપે છે. શક્તિદૂત સ્કીમ થકી અમને લાભ મળે છે, જેથી અમે અલગ અલગ જગ્યાએ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકીએ છીએ...'**



**- ધ્યાના પટેલ (ચેસ ખેલાડી)**

**'હું સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત અને શક્તિદૂત યોજનાને ખૂબ ધન્યવાદ આપું છું, જેમણે મને આટલાં વર્ષોથી સહકાર આપ્યો છે. એમના સહકાર વગર હું આટલો આગળ ના આવી શક્યો હોત. ખેલ મહાકુંભ એ એક એવું માધ્યમ છે, જેના થકી રમતગમત ક્ષેત્રે પ્રતિભાવંત યુવાનો આગળ વધી શકે છે. હું પણ ખેલ મહાકુંભ રમી ચૂક્યો છું અને ત્યાંથી જ આગળ વધ્યો છું...'**



**- દેવ જાવ્યા (ટેનિસ ખેલાડી)**



**'હું ૨૦૧૮માં એશિયન ચૅમ્પિયન્સ હતો. અને સરકારની રમતગમત ક્ષેત્રની શક્તિદૂત પૉલિસીના કારણે અહીં સુધી પહોંચ્યો છું. ખેલ મહાકુંભ એ યુવાનોને બધી રીતે વિકસિત કરે છે. અને હું શક્તિદૂતના લીધે જ બધી જગ્યાએ અલગ અલગ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ શકું છું અને તેના માટે હું સરકારનો આભારી છું...'**


**- મોક્ષ જોશી (ચેસ ખેલાડી)**

**'હું નાનપણથી જ રમતગમત ક્ષેત્રમાં છું. શક્તિદૂત યોજનાએ મને ખૂબ જ સહકાર આપ્યો છે. હું ૨૦૧૦થી ખેલ મહાકુંભમાં ભાગ લઉં છું. યુવાનોને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે ખેલ મહાકુંભ સરસ પ્લૅટફૉર્મ છે. માટે હું આજના યુવાનોને કહીશ કે, તમારે જરૂરથી ખેલ મહાકુંભમાં ભાગ લેવો જોઈએ...'**



**- પ્રજ્ઞા મોહન (સ્વિમિંગ, સાઇકલિંગ અને રનિંગ ખેલાડી)**

# "હેલ્થ એન્ડ વેલનેસ" વિષય પર રાષ્ટ્રીય વેબિનાર



ઇન્કમટૅક્સ વિભાગ દ્વારા 'હેલ્થ ઍન્ડ વેલનેસ' વિષયક રાષ્ટ્રીય વેબિનારનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, માનવીના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે આહારશુદ્ધિ, વિચારશુદ્ધિ અને સંયમિત જીવન આવશ્યક છે. ભારતીય ઋષિઓનું જીવન-દર્શન માનવ માત્રને આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ તરફ દોરી જાય છે. રસાયણોમુક્ત આહાર માટે પ્રાકૃતિક આહાર અને પ્રાકૃતિક કૃષિને આપણે સ્વીકારવી પડશે.

સમગ્ર દેશમાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ જનઅભિયાનમાં સહયોગથી સામેલ થવા સૌને આહ્વાન કરી રાજ્યપાલશ્રીએ ઋતુ અનુસાર આહાર, વિવેકપૂર્ણ આહાર અને સ્વાસ્થ્ય માટે હિતકારી આહારનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમને આત્મનિર્ભર ભારતની સ્થાપનાના ચિંતન પર્વ તરીકે ગણાવ્યો હતો.

આ પ્રસંગે રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્રે શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સ્વાસ્થ્યને પણ મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું, જ્યારે આર્ટ ઑફ લિવિંગના દ્દષ્ટા શ્રી શ્રી રવિશંકરે યોગ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા આત્મશક્તિની જાગૃતિ દ્વારા નિજાનંદની પ્રાપ્તિ થઈ શકે તેમ જણાવ્યું હતું.

# મહાગુજરાતના પ્રણેતા ઇન્દુચાચાને જન્મજયંતીએ પુષ્પાંજલિ

મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની જન્મજયંતીએ વિધાનસભા પોડિયમમાં તેમના ભવ્ય તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ઇન્દુચાચાના હુલામણા નામથી ઓળખાતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે પત્રકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેઓએ ગાંધીજી, સરદાર પટેલ સાથે રહી સ્વાતંત્ર્ય સંગ્રામ હેઠળના જુદાં જુદાં આંદોલનોમાં સક્રિય ભાગ લીધો તથા કિસાન અને કામદાર પ્રવૃત્તિમાં સક્રિય રીતે જોડાયા હતા. મહાગુજરાત આંદોલનના લોકપ્રિય, સંઘર્ષશીલ અને સક્રિય નેતા રહ્યા હતા.



આ પ્રસંગે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શ્રી સુખરામભાઈ રાઠવાએ પણ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના આઝાદીકાળના પ્રસંગોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

આ કાર્યક્રમમાં મહેસુલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમ, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના સચિવશ્રી તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહીને ઇન્દુચાચાના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યાં હતાં.

# આણંદમાં યોજાયો મહેસૂલી મેળો




હકારાત્મક અભિગમ સાથે પ્રજાકીય પ્રશ્નોના ત્વરિત નિકાલ માટે રાજ્ય સરકાર મક્કમ છે અને આ દિશામાં સકારાત્મક પગલાં લઈ રહી છે. તાજેતરમાં આણંદમાં મહેસૂલી મેળાનો પ્રારંભ કરાવતાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રજાકીય પ્રશ્નોનો પ્રો-ઍક્ટિવ થઈ નિકાલ લાવવા માટેનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે ડિજિટલ અને ઑનલાઈન માધ્યમની વ્યાપક વ્યવસ્થાઓ દ્વારા લોકોનાં કામ ઝડપથી અને પારદર્શકતાથી થાય તેવું આયોજનબદ્ધ કાર્ય હાથ ધર્યું છે. પારદર્શક વહીવટ, ઝડપી નિર્ણય, ત્વરિત અમલ અને કોઈની દખલ વગર જન-જનને યોજનાકીય લાભો સીધા મળે તે દિશામાં સરકાર કામ કરી છે.

મંત્રી શ્રીએ મહેસૂલી મેળા પ્રસંગે વિવિધ યોજનાઓ, જેવી કે, ગંગાસ્વરૂપા આર્થિક સહાય, અંત્યોદય યોજના, અશાંત ધારાના લાભાર્થીઓ, અંત્યોદય યોજના, દિવ્યાંગ સહાય યોજના, પાલક માતા-પિતા યોજના, મુખ્યમંત્રી બાળ સહાય યોજના, સંકટમોચન સહાય યોજના, સંત સુરદાસ યોજનાના અંદાજે ૨૬૦થી વધુ લાભાર્થીઓને મંજૂરીના હુકમો-યોજનાકીય લાભો એનાયત કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યો સર્વ શ્રી મયૂરભાઈ રાવલ અને ગોવિંદભાઈ પરમાર સહિત મહેસૂલી વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા અરજદાર નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# RBSK અંતર્ગત ગાંધીનગર જિલ્લાને નવાં ૨૪ વાહનોની ભેટ

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે ગાંધીનગર ખાતેથી RBSKનાં નવાં વાહનોનું ફ્લેગ ઑફ કરાવ્યું હતું. RBSK અંતર્ગત જન્મથી લઈ ૧૮ વર્ષ સુધીનાં બાળકોનુ સ્ક્રીનિંગ, નિદાન અને સારવાર કરવામાં આવે છે. આ કામગીરી સ્વસ્થ અને સક્ષમ પેઢીના નિર્માણ માટે મહત્ત્વની બની રહેશે તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ (RBSK) અંતર્ગત શહેરથી લઈને ગામડાના અંતિમ બાળકને તમામ પ્રકારની આરોગ્યલક્ષી સેવાઓ આપવામાં આવી રહી છે. આ સેવાઓ સત્વરે ઉપલબ્ધ થાય તે માટે તાજેતરમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે ગાંધીનગરથી RBSKનાં નવાં 24 વાહનોનું ફ્લેગ ઑફ કરાવ્યું હતું.



આરોગ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, સમગ્ર ગુજરાતમાં ૯૯૨ વાહનો બાળકોનું ઘરે ઘરે જઈને સ્ક્રીનિંગ અને તપાસની શ્રેષ્ઠતમ કામગીરી કરી રહ્યાં છે. એક વાહન દરરોજ ૭૦થી ૮૦ જેટલાં બાળકોની તપાસ હાથ ધરે છે. રાજયના ૧ કરોડ ૬૦ લાખ બાળકોને RBSK અંતર્ગત સુવિધા અને સારવાર માટે આવરી લેવામાં આવ્યા છે. RBSKનાં વાહનોને મળેલું નવું સ્વરૂપ તેનું બ્રાન્ડિંગ ગ્રામ્ય સ્તરે અસરકારક બનાવીને આ ટીમની કામગીરીને નવી ઓળખ આપશે, જેના થકી બાળકો માટે આ સુવિધા સઘન અને સરળતાથી પહોંચાડવાનું આયોજન છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે RBSKની ટીમ સાથે સંવાદ સાધીને તેમની કામગીરી અંગે વિગતવાર તાગ મેળવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વાહનોના ફ્લેગ ઑફ કાર્યક્રમમાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, એન.એચ.એમના ડિરેક્ટર રેમ્યા મોહન સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાચીન અને આધુનિક વિજ્ઞાન વિષયક 'વિજ્ઞાન પ્રદર્શન'



'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે' વિષય પર અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં 'વિજ્ઞાન પ્રદર્શન'નું આયોજન કરાયું હતું, જેને ખુલ્લું મૂકતાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત સાયન્સ અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં વધુ ને વધુ અવિરત વિકાસ કરી રહ્યું છે. સાયન્સ અને ટેક્નોલૉજી ક્ષેત્રમાં યુવાનો ઉપર ગુજરાત સહિત સમગ્ર દેશની આશાઓ અને અપેક્ષાઓ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી ક્ષેત્રનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહેવાનું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિજ્ઞાન પ્રદર્શનની થીમ 'ભારતમાં પ્રાચીન અને આધુનિક વિજ્ઞાનનો વિકાસ' પર રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓની વિજ્ઞાન પ્રત્યેની રુચિ કેળવાય અને નવાં સંશોધનોથી વિદ્યાર્થીઓ પરિચિત બને તે હેતુથી 'વિજ્ઞાન પ્રદર્શન'નું આયોજન કરાઈ રહ્યું છે. આ અવસરે મંત્રીશ્રીએ 'સ્કૂલ ઑફ ઍડવાન્સ કમ્પ્યુટર ઍન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી', 'કોર્સ ઑફ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુ એજ મીડિયા' તેમજ 'કોર્સ ઑફ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સસ્ટેનેબિલિટી'નો પ્રારંભ કરાવ્યો હતો.

## I-Hub ભવનના નિર્માણની સમીક્ષા કરતા શિક્ષણમંત્રીશ્રી

ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઇનોવેશન હબ (I-Hub)ના નિર્માણાધીન ભવનની શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ મુલાકાત લીધી હતી. અંદાજિત દોઢ લાખ સ્ક્વેર ફીટમાં રૂ. ૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા I-Hub ભવનના આ બિલ્ડિંગમાં ભવિષ્યમાં ૫૦૦ સ્ટાર્ટ-અપ બેસીને કામ કરીને તેનો લાભ લઈ શકશે. તેમજ પ્લગ ઍન્ડ પ્લે ઇન્ફ્રાસ્ટ્રક્ચર મુજબ કોઈપણ વિદ્યાર્થીઓ/સ્ટાર્ટ-અપ માત્ર પોતાનું લૅપટૉપ લઈને આવીને બેસીને કામ કરી શકશે એવી ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમામ લોકોને ફ્રી ઑફ કોસ્ટ આ ફેસિલિટી મળવાપાત્ર થશે. I-Hub સેન્ટરમાં સેમિનાર હૉલ, કો વર્કિંગ સ્પેસ, મીટિંગ રૂમ, મેન્ટર ગૅરેજ, રિક્રિયેશનલ ઍક્ટિવિટીઝ માટે જિમ, ટેબલ ટેનિસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઑગસ્ટ-૨૦૨૨ સુધીમાં આ સેન્ટર કાર્યરત કરવાનું આયોજન છે. મંત્રીશ્રીએ તેમની મુલાકત દરમિયાન સ્ટાર્ટ-અપ સાથે જોડાયેલા લોકો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે શિક્ષણ અગ્રસચિવ શ્રી એસ. જે. હૈદર, હાયર એજ્યુકેશન કમિશનર શ્રી એમ. નાગરાજન, ગુજરાત યુનિવર્સિટી કુલપતિ ડો.હિમાંશુ પંડ્યા અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## GCSC અને IIT-GN વચ્ચે MOU



ગુજરાતના વિદ્યાર્થીઓ અને યુવાનોમાં સર્જનાત્મકતા અને STEM (Science, Technology, Engineering, Mathematics) શિક્ષણને પ્રોત્સાહન આપવા ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ સિટી (GCSC) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી વચ્ચે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એમઓયુ અંતર્ગત IIT-GNએ GCSC સાથે STEM (વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) પ્રદર્શનો અને વીડિઓઝ, DIY (Do It Yourself) કિટ્સ અને વીડિયો, પુસ્તકો, પ્રકાશનો વગેરે પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવશે. IIT-GN દ્વારા મુલાકાતીઓ માટે STEM પ્રદર્શન સત્રો અને વર્કશોપ તેમજ વિદ્યાર્થીઓ માટે ટિંકરિંગ લેબ વિકસાવવામાં આવશે. વિજ્ઞાન, ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને ગણિતના શિક્ષકો માટે કૅપેસિટી બિલ્ડિંગ વર્કશૉપ IIT-GN દ્વારા યોજવામાં આવશે, જ્યારે ૧૦૦થી વધુ મોટાં પ્રદર્શનો, પ્રવૃત્તિઓ અને શિક્ષણ આધારિત DIY કિટ્સ IIT-GN તૈયાર કરવામાં આવશે. સાયન્સ સિટી ખાતે પ્રવર્તમાન તેમજ આગામી પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્સી અને સલાહકાર સેવાઓ પૂરી પાડવામાં આવશે.

આ એમઓયુના ભાગરૂપે સાયન્સ સિટી ખાતે વિવિધ પ્રોજેક્ટસ વિકસાવવા માટે સ્ટેકહોલ્ડર મીટિંગ માટે IIT-GNના નિષ્ણાતોને સાયન્સ સિટી આમંત્રણ આપશે.

# મોરબીની આંગણવાડી બહેનોને બઢતી




મોરબી આઇસીડીએસ વિભાગ હસ્તકની આંગણવાડી બહેનોને મુખ્ય સેવિકામાં બઢતી મળતાં રાજ્યના પંચાયત, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર (સ્વતંત્ર હવાલો), ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના હસ્તે હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં પંચાયત વિભાગ હેઠળ ૧૭ સંવર્ગની ૧૩,૦૦૦થી વધુ જગ્યાઓ પર ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. આ ભરતી સમયસર અને પારદર્શી તેમજ વિશ્વસનીય પદ્ધતિથી થાય તે માટેની પ્રક્રિયાઓ હાથ ધરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની સરકારમાં વહીવટી સુધારણાની પ્રક્રિયા અન્વયે હાલ સમગ્ર ગુજરાતના તમામ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યાઓ ભરવામાં આવી છે. વધુમાં બઢતી મેળવનાર આંગણવાડીની બહેનોને શુભેચ્છા અને અભિનંદન પાઠવતાં મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાએ જણાવ્યું હતું કે, વંચિતો, ગરીબો અને અંત્યોદયની સેવા કરવાનું ફળ આપ સૌને મળ્યું છે ત્યારે બઢતીની સાથે જવાબદારી પણ વધે છે તેને સુપેરે નિભાવવા તત્પરતા દાખવવા અને ફરજ પ્રત્યેની જાગૃતતા દાખવવા આહ્‌વાન કર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંગણવાડી વર્કરમાંથી મુખ્ય સેવિકા તરીકેની સમયસરની બઢતી આપવાની પરિણામલક્ષી કામગીરીથી આપ સૌને હક સમયસર અપાવી શક્યા છીએ.

# મોટી તંબાડી ખાતે રૂ. ૧૨૮.૯૫ લાખના ખર્ચે પાંચ વિકાસકાર્યોની ભેટ

વલસાડના વાપી તાલુકાના મોટી તંબાડી ગામે રૂ. ૯૭.૪૫ લાખના ખર્ચે તૈયાર થયેલાં ચાર વિકાસકાર્યોના લોકાર્પણ તેમજ રૂ.૩૧.૫૦ લાખના ખર્ચે નવા બનાવવામાં આવનારા સ્લેબ ડ્રેઇનના કામનું ખાતમુહૂર્ત મળી કુલ પાંચ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત નર્મદા જળસંપત્તિ અને પાણીપુરવઠા રાજ્ય મંત્રી શ્રી જિતુભાઇ ચૌધરીએ તાજેતરમાં કર્યાં હતાં.

આ વિકાસકામોમાં મોટી તંબાડીમાં તૈયાર થયેલા વિવિધ માર્ગો તથા રૂ.૩૧.૫૦ લાખના ખર્ચે તૈયાર થનારા સ્લેબ ડ્રેઇનના કાર્યના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ અવસરે પાણીપુરવઠા રાજ્ય મંત્રી શ્રી જિતુભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં દરેક ગામોમાં વિકાસની સાથે પાયાકીય સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. લોકોની જરૂરિયાતને ધ્યાને રાખી વિવિધ ગામોને જોડતા રસ્તાઓ પહોળા બનાવશે. તેની સાથે ફળિયાના રસ્તાઓ પણ બનાવવાનું આયોજન કરાયું છે. દરેક ગામોમાં સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે જરૂરિયાત પ્રમાણે સબ-સ્ટેશન બનાવવામાં આવી રહ્યાં છે. આયુષ્યમાન ભારત યોજના હેઠળ પાંચ લાખ સુધીની તબીબી સહાય મળે છે, ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પ્રજાજનોને કોઈ મુશ્કેલી ન પડે અને સરકારના યોજનાકીય લાભો સરળતાથી મળી રહે તે માટે સરપંચ સહિત પદાધિકારીઓ તકેદારી રાખે તે જરૂરી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું. આ અવસરે જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો, માર્ગ અને મકાન પંચાયત વિભાગના અધિકારી/ કર્મચારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# ‘ગોદર્શન ગાઇડ’ વિશેષાંક તથા વેબસાઇટ લોન્ચ



રાજ્યના ખેડૂતો ખેતી સાથે પશુપાલન કરીને વધુ આવક મેળવી રહ્યા છે. પશુઓના પોષણ, સંવર્ધન, આરોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલનના વ્યવસાય થકી પશુપાલકોને આર્થિક રીતે વધુ સધ્ધર બનાવવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. રાજ્યના પશુપાલકોને માર્ગદર્શન, સલાહ મળી રહે તે માટે તાજેતરમાં ગાંધીનગર ખાતે ગોંડલના ગો દર્શન ટ્રસ્ટ તથા રાજ્યના પશુપાલન વિભાગના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલી ‘ગોદર્શન ગાઇડ’ વિશેષાંક તથા ‘ગોદર્શન ગાઇડ’ વેબસાઇટનું કૃષિ પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે વિમોચન કર્યું હતું.

મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું કે, આજે પશુપાલકો પશુપાલનને શ્રેષ્ઠ વ્યવસાય તરીકે પસંદ કરી રહ્યા છે. ‘‘ગોદર્શન ગાઇડ’’ માસિક છેલ્લાં 35 વર્ષથી પ્રસિદ્ધ કરવામાં આવે છે, જેના દ્વારા દૂધનું ઉત્પાદન વ્યવસાય સાથે સંકળાયેલાં કુટુંબો, ખેતી પશુપાલન અને ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રમજીવીઓ, ગૌશાળાઓ, પાંજરાપોળોને અનુલક્ષીને તાંત્રિક વ્યવહારુ અને ઉપયોગી લેખો સરળ ભાષામાં મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડશે.

આ પ્રસંગે "ગોદર્શન ગાઇડ" વિશેષાંકમાં શ્રેષ્ઠ લેખન કરનાર લેખકોનું પણ મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી પ્રશસ્તિપત્ર દ્વારા સન્માન કરાયુ હતું.

આ પ્રસંગે પશુપાલન રાજ્યમંત્રીશ્રી દેવાભાઈ માલમ, ગો દર્શન ટ્રસ્ટના ચેરમેન આચાર્ય ઘનશ્યામ મહારાજ, પશુપાલન વિભાગના સચિવ શ્રી નલિન ઉપાધ્યાય, પશુપાલક નિયામક શ્રી ફાલ્ગુનીબહેન ઠાકરે સહિત વિવિધ યુનિવર્સિટીના ચાન્સેલરશ્રીઓ, સર્જકો તથા વેટરનરી અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઓલપાડનાં ગામોમાં વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

સુરતના ઓલપાડ તાલુકાનાં ગામોમાં રૂ. ૧.૪૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત/લોકાર્પણ કરતાં કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઓલપાડ તાલુકામાં અનેક વિકાસકામો તીવ્ર ગતિએ થઈ રહ્યાં છે. મંત્રીશ્રીએ અરિયાણા ગામે રૂ. ૧૧ લાખ, તેના ગામે રૂ. ૫૯.૨૫ લાખ અને નાની ખોસાડિયા ગામે રૂ. ૬.૨૫ લાખના ખર્ચે રસ્તા, દિહેણ ગામે રૂ. ૧૦.૩૮ લાખ, સેલુત ગામે રૂ. ૧૦ લાખના પેવરબ્લૉક, છીણી ગામે રૂ. ૮ લાખના ખર્ચે પેવરબ્લૉક અને નળ સે જળ યોજના અંતર્ગત ૭૦ નળ કનેક્શનનાં કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. ભાંડુત-૨ ગામે રૂ. ૧૪ લાખ અને પિંજરત ગામે રૂ. ૨૭ લાખના ખર્ચે પેવર બ્લૉકનું લોકાર્પણ કર્યું હતું.



## દેવગઢમાં પાણીપુરવઠા યોજનાનું પ્રજાર્પણ




પ્રજાકીય કામો કરવામાં રાજ્ય સરકાર હંમેશાં અગ્રેસર છે. ગામડાંમાં વિવિધ યોજનાઓ મારફત રસ્તા, ગટરલાઈન અને પીવાના પાણીનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. પાણીપુરવઠા વિભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનાં ૧૧ ગામો અને ધાંધલપુર હેડવર્ક્સ આધારિત ૪ ગામોના નાગરિકો માટે સુખભાદર ડેમ આધારિત પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા માટે રૂ.૧૦.૩૮ કરોડની યોજનાનું વન અને પર્યાવરણમંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ સુરેન્દ્રનગરના દેવગઢમાં લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આ જૂથ પાણીપુરવઠા યોજનાનું લોકાર્પણ કરી લોકોનો પીવાના પાણીના પ્રશ્નનો કાયમી નિકાલ કરાયો છે.

# સંતરામપુરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ગૃહપ્રવેશ



રાજ્યના તમામ નાગરિકોને રહેવા માટે આવાસ પૂરા પાડવાના ધ્યેય સાથે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષા મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો. તેમની આ મુલાકાત દરમિયાન પૂર્ણ થયેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે પાલિકાના સભ્યો અને આવાસ યોજનાના લાભાર્થીઓના પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

આવાસો મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી ૩૫૮ આવાસોનાં કામ પૂર્ણ કરવામાં આવ્યા અને બાકીના આવાસો પ્રગતિમાં છે. લાભાર્થીઓએ મંત્રીશ્રી સાથે વાતચીત કરતાં જણાવ્યું હતુ કે, અમે રાજ્ય સરકારના આભારી છીએ કે તેમણે અમને રહેવા માટે પાકાં મકાન આપ્યાં. હવે, અમે સુખેથી જીવન વ્યતીત કરીશું.

વાલીબહેન જયંતીભાઈ મછાર તથા નંદાબહેન ઈશ્વરભાઈ મછારને પણ આ આવાસ યોજનાનો લાભ મળ્યો છે. આ બંનેના પરિવાર પહેલાં કાચાં મકાનમાં રહેતા હતા, પણ તેમને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનો લાભ મળતાં હવે તેમના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. હવે તેઓ ગમે તેવી મોસમમાં પણ પાકા મકાનમાં સરળતાથી રહી શકશે.

આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ ઉપાધ્યાય, નગરપાલિકાના સભ્યશ્રીઓ સહિત આવાસ યોજનાના લાભાર્થી અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં વીજલાઇનનું અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ કરાશે



વલસાડની વાપી જીઆઈડીસીમાં જેટકો દ્વારા રૂ. ૨૧.૪૪ કરોડના ખર્ચે ૬૬ કે.વી. જી.આઈ.ડી.સી. લાઇન નં.૧ અને ૨માં ૩ કિ.મી. તેમજ થર્ડ અને ફોર્થ ફેઝમાં ૨ કિ.મી. મળી કુલ પાંચ કિ.મી. ઓવરહેડ વીજલાઈનને અન્ડરગ્રાઉન્ડ કેબલિંગમાં કન્વર્ટ કરવામાં આવશે. આ કામગીરીનું ખાતમુહૂર્ત ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું. આ અવસરે મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વાપીના બ્યુટિફિકેશન અને સલામતી માટે અન્ડરગ્રાઉન્ડ કેબલિંગનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. તેમણે જેટકોને અન્ડરગ્રાઉન્ડ વીજલાઈનની કામગીરી આગામી મે મહિના સુધીમાં પૂર્ણ થાય તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું.

## નંદઘરોમાં ભૂલકાંઓનો કિલકિલાટ

વ્યાપક રસીકરણથી કાબૂમાં આવેલા કોરોના વાયરસને પગલે રાજ્ય સરકારે પ્રાથમિક અને આંગણવાડી કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કરતાં નંદઘરો ફરીથી ભૂલકાંઓના કિલકિલાટથી ગુંજી ઊઠ્યાં હતાં. વડોદરામાં મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે ભૂલકાંઓને નંદઘરમાં આવકાર્યાં હતાં. રાજ્ય મંત્રી શ્રી વડોદરાના બાપોદ વિસ્તાર સ્થિત ધનલક્ષ્મી નંદઘરે પહોંચ્યાં હતાં. ૨૨ માસ બાદ ફરીથી શરૂ થયેલી આંગણવાડીમાં ફરી આવેલાં બાળકોને આ મહાનુભાવોએ ફળોની ટોકરી આપીને આવકાર્યાં હતાં. ખાસ વાત એ જોવા મળી કે બાળકોને કોવિડ પ્રોટોકોલની માહિતી હોવાનું જણાયું હતું.



રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારની નવી શિક્ષણનીતિને અનુરૂપ આંગણવાડીમાં પા પા પગલી પ્રોજેક્ટ અમલમાં મુકાઇ રહ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં પ્રાજેક્ટ પા પા પગલી દ્વારા આંગણવાડીમાં આવતાં ૩થી ૫ વર્ષનાં બાળકોને જીવનના મહત્ત્વનાં વર્ષોમાં તેમના ગુણવત્તાપૂર્ણ જીવન માટેનો મજબૂત પાયો નખાય તેવું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય સરકારે રાખ્યું છે. ●

# કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોની આવકમાં થયો વધારો

રેસુંગ ચૌહાણ

આદિજાતિ લાભાર્થીઓ પશુપાલન સાથે ખેતી કરી શકે તેમજ આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને ઉચ્ચ કક્ષાનું બિયારણ અને ખાતર તેમજ અદ્યતન ખેતી પદ્ધતિની તાલીમ આપવામાં આવે છે. બનાસકાંઠાના દાંતા તાલુકાના ખેડૂતોએ આ યોજનાનો લાભ મેળવીને વિકાસની નવી દિશા મેળવી છે. આવા જ એક લાભાર્થી છે, દાંતા તાલુકાના બોરડિયાલી ગામના શ્રી લુકાભાઇ બુંબડિયા. લુકાભાઈ જણાવે છે કે, તેમને ૪ કિ.ગ્રા. મકાઇ, ૫૦ કિ.ગ્રા. પ્રોમ (ઓર્ગેનિક ખાતર), ૪૫ કિ.ગ્રા. યુરિયા ખાતર મળ્યું હતું, જેનું વાવેતર કર્યું અને પાક પાકીને તૈયાર થયો ત્યારે અમને સારામાં સારું ઉત્પાદન મળ્યું, મકાઈને માર્કેટમાં વેચીને પરિવાર નિભાવી શકાય છે.

બોરડિયાલીના જ અન્ય એક લાભાર્થી શ્રી માલજીભાઈએ જણાવ્યું હતું કે, કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં મકાઈનું બિયારણ, પ્રોમ (ઓર્ગેનિક ખાતર)નું વાવેતર કરતાં સારામાં સારું ઉત્પાદન મળ્યું હતુ. એમાંથી કુટુંબનું ભરણપોષણ કરવા ઉપરાંત જીવનધોરણમાં ઘણો સુધારો થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને ગયા વર્ષ ૨૦૨૦-૨૧માં ૪,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. અને ચાલુ વર્ષે ૫,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવનાર છે, જ્યારે છેલ્લાં ચાર વર્ષમાં કુલ - ૧૪,૦૭૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે તેમ પ્રાયોજના વહીવટદાર કચેરીના પ્રોજેક્ટ ઑફિસર શ્રીમતી પૂનમબહેન મોદીએ જણાવ્યું હતુ.

**કૃષિ વૈવિધ્યકરણ યોજનાની માહિતી:-**

કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પસંદગી માટે જિલ્લા કક્ષાએથી દૈનિક છાપાંમાં જાહેરાત આપવામાં આવે છે. લાભાર્થીઓ તાલુકા કક્ષાએથી અરજી ફૉર્મ મેળવી પરત જમા કરાવી શકે તે હેતુથી તાલુકા પંચાયત કચેરીએ અરજી ફૉર્મ વિતરણ અને ભરેલા અરજી ફૉર્મ પરત લેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ભરાયેલાં અરજી ફૉર્મની સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણો મુજબ પ્રાથમિક ચકાસણી કરી અરજી ફૉર્મ મંજૂર કરી તેની યાદી તૈયાર કરવામાં આવે છે અને તે યાદી જી.એસ.એફ.સી. વડોદરાને મોકલી આપવામાં આવે છે. આ યાદી મુજબ ગામના સરંપચશ્રીને પસંદગી પામેલા લાભાર્થીઓની યાદી મોકલી આપી લાભાર્થીને જાણ કરવામાં આવે છે, જે લાભાર્થીઓ સંબંધિત ડેપો પર આવે ત્યારે તેના આધારકાર્ડ નંબર પરથી યાદીમાં તેનું નામ ચેક કરી, ટોકન પદ્ધતિથી ફોટો પાડી આધારકાર્ડ થંબ લઇ મકાઈનું બિયારણ અને ખાતરની કિટ આપવામાં આવે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને ૪ કિ.ગ્રા. મકાઇ, ૪૫ કિ.ગ્રા. યુરિયા ખાતર અને ૫૦ કિ.ગ્રા. પ્રોમ (ઓર્ગેનિક ખાતર) સરકારશ્રી દ્વારા નિયત થયા મુજબ અમલીકરણ એજન્સી તરીકે જી.એસ.એફ.સી. વડોદરા દ્વારા કિટ વિતરણ કરવામાં આવે છે. એ.પી.એમ.સી. ડેપો પર પસંદગી વિતરણ કિટ વિતરણ બાદ જી.એસ.એફ.સી. વડોદરા દ્વારા વાવણી પહેલાં અને વાવણી પછી પાક માવજત અંગેની જરૂરી તાલીમ પણ આપવામાં આવે છે તેમજ ઉત્પાદન થયેલી મકાઈના યોગ્ય ભાવ મળી રહે તે માટે મકાઈ વેચવા ઇચ્છતા આદિજાતિ લાભાર્થીઓને માર્કેટ જોડાણ પણ કરી આપવામાં આવે છે. ●



### સુશાસન સાથે સંવેદના

## ત્વરિત સંકલનથી નેત્રહીન ભાઈ-બહેનને સારવાર મળી

દર્શન ત્રિવેદી



વડોદરા જિલ્લા વહીવટી તંત્ર લોકકલ્યાણ માટે કેટલી ત્વરાથી અને સંકલનથી કામ કરી રહ્યું છે, તેનું તાદશ ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું હતું. શિનોર તાલુકાનાં નેત્રહીન ભાઈ-બહેનની કલેક્ટર શ્રી અતુલ ગોરની સૂચનાથી માત્ર પાંચ દિવસમાં સારવાર થઈ હતી અને તેમાંથી બહેનને સાધન-સહાયરૂપે નવી દૃષ્ટિ મળી છે. વાત જાણે એમ છે કે, કલેક્ટર શ્રી ગોર ગત તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ શિનોર તાલુકાના ફેરણીમાં હતા. તે દરમ્યાન તેમના ધ્યાને વાત આવી કે, દરિયાપુર ગામે રહેતા અને શ્રમકાર્ય કરતા બાલુભાઈનાં સંતાન પુત્ર અનિલ અને પુત્રી વૈશાલી આંખોથી જોઈ શકતાં નથી. કલેક્ટરશ્રીએ તેમની મુલાકાત લીધી અને તેમની આંખોની તપાસ કરાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જૈનને સૂચના આપી હતી.

કલેક્ટરશ્રીની સૂચના બાદ બીજા જ દિવસે સીમલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એક ટીમ ઑપ્થેલ્મિક સહાયક દિવ્યા કોસરેકર સાથે દરિયાપુર ગામે પહોંચી ગઈ હતી, જ્યાં આ ટીમે ભાઈ-બહેનની આંખોની તપાસ કરી તો માલૂમ પડ્યું કે, અનિલને આંખે સાવ દેખાઈ શકતું નથી, જ્યારે વૈશાલીને એક આંખથી ઝાંખું દેખાઈ શકે છે. એટલે, તેમને બીજા દિવસે વધુ તપાસ માટે વડોદરાની જમનાબાઈ હૉસ્પિટલમાં આંખોનાં નિષ્ણાત તબીબ પાસે વિવિધ પ્રકારના રિપોર્ટ બાદ તારણ નીકળ્યું કે, અનિલને આંખે દેખતો કરવા માટેનો કોઈ ઉપચાર નથી. પણ વૈશાલીને ટેલિસ્કોપિક ચશ્માંથી દૂરનું અને નજીકનું દેખાઈ શકે એમ છે. એટલે, તેમને ટેલિસ્કોપિક ચશ્માં આપવામાં આવ્યાં. આ વ્યવસ્થાથી વૈશાલી એક આંખથી સ્પષ્ટ જોઈ શકે છે. વાત એટલેથી પૂરી થતી નથી! ઉક્ત આરોગ્યલક્ષી તપાસની પ્રક્રિયા થઈ રહી હતી, તે દરમ્યાન કલેક્ટરશ્રીએ સમાજસુરક્ષા વિભાગને આ ભાઈ-બહેનને રાજ્ય સરકારની સંત સૂરદાસ યોજના હેઠળ માસિક રૂ. ૬૦૦નો લાભ મળતો થઈ ગયો છે. આ પરિવારે કલેક્ટર શ્રી અતુલ ગોરને મળવા આવ્યા, ત્યારે કલેક્ટર કચેરી ખાતે આવ્યો હતો. ત્યારે, પરિવારે ગળગળા સ્વરે આભાર માન્યો હતો. એટલે જે કહેવાયું છે કે, સરકારનું કામ એ ભગવાનનું કાર્ય છે. ●

## લોડિંગ રિક્ષાએ અમરેલીના યુવાનોની ગાડી પાટે ચડાવી

સુમિત ગોહિલ

ગ્રામ્ય અને શહેરી કક્ષાએ અસંગઠિત, ઓછી આવક ધરાવતા અને છૂટક કામકાજ કરતા લોકો આર્થિક બાબતે આત્મનિર્ભર બને અને જુદા જુદા વ્યવસાય થકી રોજગારી મેળવી પગભર થાય તે માટે વિવિધ રોજગારલક્ષી યોજનાઓ અમલમાં છે. તાજેતરમાં દીનદયાળ અંત્યોદય યોજના - નૅશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ લોડિંગ રિક્ષા ખરીદવા માટે અમરેલી શહેરી વિસ્તારના એક યુવાનને બે લાખની અને બીજા યુવાનને ૧.૯૦ લાખની લોન મળતાં બે કુટુંબનું જીવનધોરણ ઊંચું આવ્યું હતું.

આ અંગે માહિતી આપતાં અમરેલીના શબ્બીરભાઈ કચરાએ જણાવ્યું હતું કે, ડ્રાઈવિંગ ફાવતું હોવાથી લોડિંગ રિક્ષા લેવી હતી. મિત્રે રોજગારલક્ષી યોજનાની માહિતી આપતાં અરજી કરી. અમરેલી નગરપાલિકામાં સરકારની એન.યુ.એલ.એમ. યોજના અંતર્ગત સબસિડીવાળી લોન મળવાપાત્ર હતી. લોડિંગ રિક્ષા લેવા માટે રૂ. ૨ લાખની લોન યુનિયન બૅન્ક ઑફ ઇન્ડિયાએ આપી. લોન મળ્યાના ૪ મહિના બાદ મારી આવકમાં પણ વધારો થયો અને તેઓ પગભર થઈ શક્યા. આ જ યોજનાના બીજા લાભાર્થી રમીજ તરકેશાએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, મારા કુટુંબનું ભરણપોષણ ટુ-વ્હીલર પર સૉફ્ટ ડ્રિંક્સ વેચીને કરતો હતો. લોડિંગ રિક્ષા લેવા રૂ. ૧.૯૦ લાખની લોન મળતાં જ આજુબાજુનાં ગામોમાં બહોળા પ્રમાણમાં સૉફ્ટ ડ્રિંક્સનું વેચાણ કરી શકું છું. ●





# ગમ્મત સાથે જ્ઞાન પીરસતા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ...

મનીષા વાઘેલા

"હું કાંઈ નથી જાણતો એટલું જાણવા માટે ઘણુ બધુ જાણવું જરૂરી છે."

પ્રથમ દ્રષ્ટિએ જોતા તો એવું જ લાગે કે આ વાત કોઈ તત્વચિંતકે કરી હશે. પણ આ શબ્દો છે ગુજરાતના લોકપ્રિય કલાકાર, હાસ્યના બેતાજ બાદશાહ અને પદ્મશ્રી પુરસ્કાર મેળવનાર શ્રી શાહબુદીન રાઠોડના. જેમનું નામ સાંભળતા જ ચહેરા પર સ્મિત આવ્યા વિના ન રહે. હોઠો પર સ્મિત અને આંખોમાં આંસુ..... આ બંનેનું એક સાથે આવવું વિરોધાભાસી લાગતી ઘટના છે પરંતુ શ્રી શાહબુદીન રાઠોડને સાંભળતા હોઈએ ત્યારે આ વિરોધાભાસી ઘટના થવી સહજ છે.

સહજ- સરળ થવું ઘણું અઘરું છે. સરળતા જેનો સ્વભાવ છે એવા શ્રી શાહબુદીનભાઇ ગુજરાતનાં પ્રથમ હરોળનાં હાસ્ય કલાકાર હોવાની સાથોસાથ ખૂબ સારા ચિત્રકાર અને લેખક પણ છે.તેમને વાંચનનો પણ ગજબ શોખ છે. જે. કૃષ્ણમૂર્તિ તેમના પસંદગીના લેખક છે. આ ઉપરાંત એરિસ્ટોટલ, પ્લેટો,લાઓત્સે તેમને ગમતા તત્વચિંતકો છે. પોતે પસંદગી કરીને વસાવેલા ૧૦,૦૦૦ થી પણ વધુ પુસ્તકો પોતાની સ્કૂલ લાયબ્રેરીમાં છે. પુસ્તકોને પુંઠા ચઢાવતા ને ગોઠવતા એમાંથી વાંચનની ટેવ પડી છે. આ વાંચન તેમને લેખન સુધી લઇ ગયુ.તેમણે બાર પુસ્તકો લખ્યા છે જેમાં પાંચ નાટકો અને ત્રણ એકાંકીનો સમાવેશ થાય છે. એક એકાંકી એમણે અંગ્રેજી ભાષામાં લખી છે. 'હાસ્યનો વરઘોડો' પુસ્તક માટે તેમને જ્યોતીન્દ્ર દવે પારિતોષિક એનાયત થયું છે તેમજ 'અમે મહેફિલ જમાવી છે' પુસ્તકને શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ મળ્યો છે.

શ્રી શાહબુદીનભાઈએ જ્યારે તેમનું પુસ્તક' વાહ દોસ્ત વાહ' તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપ્યું ત્યારે શ્રી નરેન્દ્ર મોદીએ તેમને વાહ દોસ્ત વાહ કહી નવાજ્યા. વડાપ્રધાનશ્રી સાથેની મુલાકાતને વાગોળતા શાહબુદીનભાઇ જણાવે છે કે, 'વડાપ્રધાનશ્રી મુખ્યમંત્રી હતા ત્યારે ચાલુ કાર્યક્રમે તેમને મળવા માટેની ચીઠ્ઠી મોકલી તો તેમણે કાર્યક્રમ રોકી અને મને મળવા માટે સમય ફાળવ્યો. મને થોડો સંકોચ પણ થયો કે મારા કારણે કાર્યક્રમમાં ખલેલ પહોંચી.'

એક વ્યક્તિએ શાહબુદીનભાઇને પૂછ્યું કે, 'સમાજસેવાની શરૂઆત ક્યાંથી કરવી ? એનો જવાબ પોતાની આગવી શૈલીમાં આપતા શાહબુદીનભાઈએ કહ્યું કે,' જેના ઉછીના લીધા હોય તેને પાછા આપી દેવા.' જોકે શ્રી શાહબુદીનભાઈએ તો સમાજમાંથી જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું સમાજને પાછું આપ્યું છે. તેમણે અનેક વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપ્યો છે. તેમના જીવનના બે મહત્વના સામાજિક કામમાં પહેલુ કામ તેઓ થાનમાં તેમની પ્રેરણા અને માર્ગદર્શનના કારણે સ્થપાયેલી વિદ્યાર્થિનીઓ માટેની પહેલી શાળાને ગણાવે છે.આ ઉપરાંત તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ થાનને તાલુકો બનાવવાની માંગણીનો સ્વીકાર કર્યો તેને પોતાના જીવનની ઉપલબ્ધિ માને છે. કારણ કે તાલુકાનો દરજ્જો મળતાં થાનનાં વિકાસને વેગ મળ્યો છે.

શાહબુદીન ભાઇ પોતાના ભુતકાળને યાદોને વાગોળતા જણાવે છે કે, "પિતાની જન્મભૂમિ એટલે કચ્છના અબડાસા તાલુકાનું સાંધો ગામ.! જ્યાં પ્લેગ ફેલાયો હતો ત્યારે અમારા પરિવારના અગિયાર માણસોને પ્લેગ ભરખી ગયો. ત્યારે મારા દાદી મારા પિતા સિદીકભાઈને મુંબઈ લઇને આવ્યા. પિતાનો ઉછેર મુંબઈ વસતા કચ્છીઓએ કર્યો. એ સમય વીસમી સદીના શરૂના દોઢ બે દસકનો. જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં સિરામિકના કોર્સ સૌ પહેલા શરુ થયેલા તેમાં પહેલા વિદ્યાર્થી મારા પિતા શ્રી સિદીકભાઈ

અબ્બાસભાઈ હતા." સિદીકભાઈના પત્નીનું નામ હસીનાબેન. આ દંપતીના પરિવારમાં ચાર સંતાનો. અમીનાબહેન, છોટુભાઈ, કરીમભાઈ અને શાહબુદ્દીન. આખું કુટુંબ પછી તો મુંબઈ છોડી થાન આવ્યું. થાનગઢમાં બહાર બનેલું પહેલું મકાન "સિદીક મંઝિલ" ત્યાં જીવન શરુ થયું.

૦૧-૦૨-૧૯૫૮ના રોજ જ્યાંથી ભણ્યા હતા એ જ શાળામાં શિક્ષક થયા. નિમણૂકપત્ર આપતા બી.ટી.રાણા સાહેબે કહેલું કે, "તારા પિતાએ મને નોકરી આપી હતી, ને હું તને નોકરી આપું છું." પછી તો ઈતિહાસ અને પોલિટિક્સમાં બી.એ. કર્યું. તે સમયમાં લીમડીમાં બે શિક્ષકો સ્પેશિયલ કેસમાં આચાર્ય થયા. એક મહિપતસિંહ ઝાલા, અને બીજા શાહબુદ્દીન રાઠોડ! તેર વર્ષ શિક્ષક અને પચ્ચીસ વર્ષ આચાર્ય તરીકે એમ ૩૮ વર્ષ શિક્ષક તરીકે પસાર કર્યા. હાસ્યથી શિક્ષણને હળવું કરવું અને શિક્ષણથી હાસ્યને ગંભીર બનાવવુ જોઇએ તેવું શ્રી શાહબુદ્દીનભાઈ માને છે.

શ્રી શાહબુદ્દીનભાઇને ઘણા લોકો પ્રશ્ન પૂછે છે કે તમારું નામ શાહબુદ્દીન અને અટક રાઠોડ તો તમારી જાતી ગઈ ?તેનો જવાબ વિનોદી વૃત્તિમાં આપતા તેઓ જણાવે કે, 'નર જાતિ'.સાથે સાથે વિનય મહાજનની કવિતા પણ યાદ કરાવે છે.

मंदिर - मस्जिद - गिरजाघर ने बाँट लिया भगवान को,
धरती बांटी, सागर बांटा, मत बांटो इंसान को....

શ્રી શાહબુદ્દીનભાઈ હાસ્ય વૃત્તિને ઈશ્વરદત્ત માને છે. તેમના હાસ્ય રસનો પ્રેરણા સ્ત્રોત મહાત્મા ગાંધીજી છે. ગાંધીજી કહેતા કે, મારામાં વિનોદ વૃત્તિ ન હોત તો મેં આત્મહત્યા કરી લીધી હોત. ગંભીરમાં ગંભીર ઘટનાઓમાં પણ શ્રી શાહબુદ્દીનભાઈ વિનોદ કરી શકે છે ને ગંભીર ઘટનાને પણ હળવાશથી લઈ શકે છે તે બાબતની પ્રતીતિ તેમની વિદેશ યાત્રા સમયનાં બે પ્રસંગો પરથી આવે છે. અમેરિકાની યાત્રાનો પ્રસંગ વર્ણવતા તેઓ જણાવે છે કે, "મને જીવનનાં એક શોખ એ હતો કે વગર પૈસે જોવાય એટલા દેશો જોઇ લેવા. ૨૫ દેશોમાં મેં પ્રવાસ કર્યો,જેમાં ૨૨ દેશોમાં તો કાર્યક્રમ આપ્યા.અમેરિકાની વિદેશ યાત્રા દરમિયાન એરોપ્લેનમાં આગ લાગી. પ્લેનની લાઈટો બંધ થઈ ગઈ. બૂમાબૂમ અને ચીસાચીસ થઈ ગઈ. પ્લેનને પરત લોસ એન્જેલસ એરપોર્ટ પર લેન્ડ કરવાનું નક્કી કરવામાં આવ્યું. સાત મિનિટમાં લોસ એન્જેલસ વિમાન ઉતારવાનું હતું પણ જો આગ લાગે તો સમગ્ર પ્લેનને બળતા બે મિનિટનો પણ સમય ના લાગે. ત્યારે સમજાયું કે, ખબર નહી હે પલ ઓર બાત કરત હે કલ કી. ભારતમાં મરવાની તકો ઓછી હતી તો અહી સુધી પહોંચ્યા. અહીંયા શું કામ આવ્યો એનો અફસોસ થયો." આવો જ બીજો પ્રસંગ દક્ષિણ ભારતનાં પ્રવાસ સમયનો છે. દક્ષિણ ભારતમાં ૬ કાર્યક્રમો હતા.આ પ્રવાસ સમયે એરોપ્લેન વરસાદ,વાવાઝોડા અને વીજળીની ગાજવીજમાં ઘેરાઇ ગયુ હતું એ સમયે વીજળીનો એવો કડાકો થયો કે શ્રી શાહબુદ્દીનભાઈનાં કાનમાંથી લોહી નીકળવા લાગ્યુ. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ તેઓ તેમની પાસે બેઠેલા પેસેન્જરનું મેઘધનુષ તરફ ધ્યાન દોરતા હતા. હેમખેમ ઘરે પરત ફર્યા પછી તો તેમને રમૂજ કરતા કહ્યુ, 'હવે ભલે ઊંટગાડીમાં બેસવુ પડે તો બેસીશ,પણ એરોપ્લેનમાં નહી બેસુ'.



જો કે તેઓ એમ પણ મને છે આવા પ્રસંગોથી અહંકાર ઓગાળી જાય છે. શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય વરઘોડો ફીલ્મનું પણ નિર્માણ પણ થયુ છે.તેમજ 'મિશન મમ્મી' ફિલ્મમાં બાળકોને વાર્તા કહેતા દાદાજીની ભૂમિકા ભજવી છે. આ ફીલ્મનાં શુટીંગમાં તેમને એક પણ વાર રીટેકની જરૂર ન પડી. તેમણે કચ્છમિત્ર, જન્મભૂમિ પ્રવાસીમાં પાંચ વર્ષ સુધી લેખો લખ્યા.રેડિયોમાં પણ કાર્યક્રમો આપ્યા. ટૂંકમાં સમયની સાથે ચાલીને બધા જ માધ્યમો સ્વીકાર્યા.

ભરપૂર જીવી જાણનાર શાહબુદ્દીન રાઠોડ જીવનનું પરમ સત્ય કહે છે:

**"જેમની સંસારમાં વસમી સફર હોતી નથી,**
**એમને શું છે જગત, તેની ખબર હોતી નથી."**

ચિંતન-મર્મ-અધ્યાત્મથી ભરપૂર હાસ્યનાં સર્જનહાર શ્રી શાહબુદ્દીનભાઇ પોતાની વાતને વિરામ આપતા કહે છે કે, "મારા માટે હાસ્ય જીવનનું સાધ્ય છે અને તેથી સ્વમાનભેર સ્ટેજથી નીચે ઉતરી જવું પણ કક્ષાથી નીચે ન ઉતરવું - એ સિદ્ધાંત મેં પાળ્યો છે." આપણી સાંસ્કૃતિક વિરાસતનાં ઉપાસક અને નૈતિકમૂલ્યોનાં સંવાહક પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડને અભિનંદન સાથે વંદન. ●




## વિશ્વાસમાં આવ્યો...

મનીષ પરમાર

*યુગોનો ભાર મારા શ્વાસમાં આવ્યો,*
*ખસીને સાંજની લાલાશમાં આવ્યો.*

*વધારે એમની નારાજગી તો પણ -*
*વધારે એમના વિશ્વાસમાં આવ્યો.*

*મને કાંટા કને છોડી અને પાછો,*
*લઈ કોને પવન સુવાસોમાં આવ્યો ?*

*હવાઓ પાનખરની ચાલતી હમણાં,*
*ઉઝરડો એ રીતે લીલાશમાં આવ્યો.*

*તરસ એની પહેલાં લાગી'તી થોડી,*
*નદીને પી જવાથી પ્યાસમાં આવ્યો.*

ઉત્પલ ભાયાણી

સવારના આઠેક વાગ્યે તો એ લોકો આવી ગયા. દસેક જણાનું જૂથ હતું અને પાકી તૈયારી સાથે આવ્યું હતું. વ્યવહાર અને વાતચીતમાં સહેજે અવિવેક નહોતો પણ કામગીરીની મક્કમતા દેખાઈ આવે એવી હતી.

ભરતભાઈ પોતાના જ ઘરમાં સહકાર આપવાથી વિશેષ ભાગ્યે જ કશું કરી શકે એમ હતા. આવકવેરાની રેઈડમાં પોતાનું અને પેઢીનું નામ પણ આવી શકે એવો અણસાર થોડોક વખત પહેલાં એમનું ઈન્કમટેક્સનું કામકાજ સંભાળતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે આપેલો અને એ મુજબ હિસાબો, રોકડ કે સ્ટોકમાં જે કંઈ કરવા જેવું હતું એવું સાવચેતીરૂપે કરી પણ નાખવામાં આવેલું. પણ ખરેખર રેઈડ પડશે અને એની શરૂઆત ઘરથી જ થશે એનો ભરતભાઈને અંદાજ નહોતો.

બંને બાળકો હજી પણ સૂતા છે એ જાણ્યા પછી અધિકારીઓએ એમના બેડરૂમને તાત્કાલિક બાકાત રાખ્યો પણ ભરતભાઈ અને શેફાલીબહેનના બેડરૂમની તપાસ તો એમણે તરત જ શરૂ કરી દીધી.

શેફાલી માટે આવું આગમન તદ્દન અનપેક્ષિત હતું એટલે પહેલાં તો એ હેતબાઈ ગઈ. પછી એણે ભરતભાઈ તરફ એવી નજર નાખી જેમાં આશ્ચર્ય અને આક્રોશ ભારોભાર હતાં. ભરતભાઈની નજરમાં. જે આવ્યું છે એ સ્વીકારી અને સહન કરી લેવાની લાચારી હતી.

પતિ અને પત્ની બંનેની સામે એમનો જ શયનખંડ ખુલતો જતો હતો. અનુભવી નજરો રૂમમાં પડેલી સાધનસામગ્રીને વ્યવસ્થિત રીતે જોતી-તપાસતી અને જરૂર પડે નોંધ કરતી જતી હતી.

શેફાલીના કબાટને ખોલવા ચાવી માટે અધિકારીએ એની તરફ નજર નાખી. શેફાલીએ ભરતભાઈ સામે જોયું. ભરતભાઈએ નજરથી જ નિ:સહાયતા વ્યક્ત કરી. થોડાક ખચકાટ પછી ધૂંધવાઈને શેફાલીએ ચાવીનો ઝૂડો પલંગ પર ફેંક્યો, સહેજ પણ અકળાયા વિના અધિકારીએ એ લઈ લીધો અને કબાટમાંથી નાનીમોટી એક પછી એક ચીજો બહાર આવવા માંડી.

પોતાને કોઈ બળજબરીથી અડતું હોય અને જે ત્રાસ થાય એવો શેફાલીને પોતાના કબાટની ચીજવસ્તુઓ પર એક અજાણ્યાનો હાથ ફરતાં થતો હતો.

હવે વારો કબાટમાં ગોઠવેલી તિજોરીનો હતો. બાજુના ટેબલ પર ઘરેણાંના નાના-મોટા સેટ ગોઠવાતા ગયા. આખી તિજોરી ખાલી થવામાં જ હતી ત્યારે અધિકારીએ સહેજ ઊંચા થઈને તળિયે પડેલી એક જૂની ડાયરી

બહાર કાઢી.

'એ મારી પર્સનલ ડાયરી છે.' અધિકારીના હાથમાંથી જાણે ઝૂંટવી લેવા માગતી હોય એમ શેફાલીએ અધિકારી તરફ ધસી જતાં લગભગ ચીસ પાડી.

અધિકારીએ ડાયરી પરત કરતાં પહેલાં સિફતથી પાનાં ફેરવી લીધા. એમ કરવા જતાં ડાયરીમાં સાચવી રાખેલા ખાસ્સા જૂના થઈ ગયેલા ફોટોગ્રાફમાંથી બે-ત્રણ બેડરૂમની ચકચકિત સફેદ આરસપહાણની ફર્શ પર સરી પડ્યા.

એને ઉઠાવી લેવા અધિકારી વાંકા વળ્યા અને હાંફળીફાંફળી થઈ ગયેલી શેફાલી પણ નમી. શેફાલીની પાછળ દોરાતા ભરતભાઈને એવું કરવાની જરૂર નહોતી પણ ચત્તી પડેલી તસવીરો એ સ્પષ્ટ રીતે જોઈ શક્યા.

કોઈ પણ કહી શકે કે એ પ્રેમીઓની તસ્વીર હતી. પ્રેમિકા તરીકે અલબત્ત જુવાનજોધ શેફાલી હતી. પણ પ્રેમી સ્વરૂપે ભરતભાઈ નહીં પણ જે યુવાન હતો એને ભરતભાઈ સારી રીતે ઓળખતા હતા.

નીચે પડેલી તસવીરો અને ડાયરી લઈ લીધા પછી શેફાલી આઘાતથી પલંગ પર બેસી પડી. અધિકારીઓનો તો પ્રશ્ન નહોતો. અને ભરતભાઈએ ત્યારે તો નહીં જ. એ પછી પણ આ અંગે શેફાલી સાથે વાતચીત કરવાનું મુનાસીબ નહોતું માન્યું.

મોડી સાંજે અધિકારીઓની વિદાય પછી ભરતભાઈ ડ્રોઈંગરૂમમાં બેસી રહ્યા. શેફાલી બેડરૂમમાંથી બહાર નહોતી આવી.

રેઈડ માટેનું સમન્સ લઈ અધિકારીઓ આવ્યા ત્યારથી જ ભરતભાઈએ સેટલમેન્ટ કઈ રીતે કરવું એની મનોમન ગોઠવણી કરવા જ માંડી હતી.

હવે તેઓ એક નહીં પણ બે સેટલમેન્ટ વિશે વિચારતા હતા.●

## એક છોકરી...

✎ અઝીઝ ટંકારવી

એક ગલીથી નીકળી એક છોકરી,
ફૂલ જેવું મઘમઘી એક છોકરી.

સાવ જીવાયા વગરની જિંદગી,
બે'ક પળ ગઈ ભીંજવી એક છોકરી.

છોકરાએ ફૂંક મારી કાનમાં,
એ પછી ખિલખિલ હસી એક છોકરી.

કાલ તો એ માંડ ડગ ભરતી હતી,
ને પરી થૈ ગઈ ઊડી એક છોકરી.

પાર સામે પ્હોંચશે નક્કી નથી,
નાવ લઈને નીકળી એક છોકરી.

મા, 'અઝીઝ'ની આંખથી આંસુ સરે*
અધવચાળે એકલી એક છોકરી.
* દીકરીની વિદાય વેળાએ.

## પડઘાયું હતું...

✎ હર્ષ બ્રહ્મભટ્ટ

*શ્વેત વસ્ત્રો પરના ડાઘા જેમ જિવાયું હતું,*
*ધ્યાન સૌનું મારી ઉપર એમ ખેંચાયું હતું.*

*તું નહીં કલ્પી શકે ભેંકાર એ રાતો વિશે,*
*કેવું કેવું અમને દેખાયું ને સંભળાયું હતું !*

*કોણ માને તારું મારું જોઈને કાંઠાપણું,*
*એ તરફથી આ તરફ ક્યારેક પહોંચાયું હતું !*

*જિંદગીએ તો મને રોક્યો હતો આઘો જતાં,*
*કોણ, કોનાથી ને ક્યારે એમ રોકાયું હતું ?*

*તેં કહ્યું'તું કાનમાં જે ખૂબ ધીરેથી કશુંક,*
*એ બધું મૃત્યુ સુધી મોટેથી પડઘાયું હતું !*

*એક ગઝલ મેં ખાસ મહેફિલમાં કરી જ્યારે રજૂ,*
*કોઈ શરમાયું હતું ને કોઈ ગભરાયું હતું !*

## ના આવડ્યું

✎ ધૂની માંડલિયા

*વહી જવાનું આવડ્યું પણ તરતાં ના આવડ્યું,*
*નદી, તને, મોસાળ પાછા ફરતાં ના આવડ્યું.*

*શમા જલે છે, સાંનિધ્યનો છે આ અંતિમ અધ્યાય,*
*પતંગિયાને, સાથ સાથે મરતાં ના આવડ્યું.*

*પુષ્પ જ્યમજ કંટકો પણ, ફોરમ ફોરી શકત,*
*પણ, પુષ્પ જેમ ખામોશ રહી ખરતાં ના આવડ્યું.*

*જઈ ધજામાં જીવ લપટાયો, છે ને અક્કરમી.*
*હવા તને, વાંસળીનું મન હરતાં ના આવડ્યું,*

*નથી અને છે નો દ્વિધાભાવ 'ધૂની' વહેરે છે તને,*
*પરમ તત્ત્વના એ ઠામમાં ઠરતાં ના આવડ્યું.*

## ને તેથી ઘર કર્યું

✎ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

*વિશ્વ આખ્ખામાં રખડવું'તું ને તેથી ઘર કર્યું,*
*રોજ ખોવાઈને જડવું'તું ને તેથી ઘર કર્યું.*

*માણવું'તું આ જગતને ભીડમાં-ખુશહાલમાં,*
*કોક ખૂણે જઈને રડવું'તું ને તેથી ઘર કર્યું.*

*એ અલગ છે વાત ઘૂંટાઈ મરે છે આજ ત્યાં,*
*સર્વની સાથે ઉઘડવું'તું ને તેથી ઘર કર્યું.*

*કોઈના વિના અધૂરું લાગતું'તું જીવવું,*
*પ્રેમ કરવોતો-ઝઘડવું'તું ને તેથી ઘર કર્યું.*

*બાળપણથી સર્વ ઝંખે કૈં અલગ પોતાપણું,*
*સર્વથી નોખા જ પડવું'તું ને તેથી ઘર કર્યું.*

*પ્રેમને-શ્રદ્ધાને લાગે કોઈ એ મંદિર સમું,*
*જીવતરને એમ ઘડવું'તું ને તેથી ઘર કર્યું.*

*ક્યાંકથી ને ક્યાંકથી મિસ્કીન મને દુઃખ શોધતા,*
*ક્યાંક મન મૂકી દદડવું'તું ને તેથી ઘર કર્યું.*

# દેશનાં પ્રથમ મહિલા રેસ્ક્યુ ફૉરેસ્ટર રસીલાબહેન વાઢેર

✎ રોહિત ઉસદડ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના વિકાસમાં મહિલાઓની સમાન ભાગીદારી રહે તે હેતુથી અનેકવિધ નિર્ણયો કર્યા હતા, જેના પરિણામે મહિલાઓએ રાજ્યનાં અનેક ક્ષેત્રોમાં પોતાની આવડત, કૌશલ્ય અને હિંમતનો પરિચય કરાવ્યો છે. આવાં જ એક મહિલા કર્મયોગી છે રસીલાબહેન વાઢેર, જેમણે ગીરની સિંહણ.... 'ધ લાયન ક્વીન ઑફ ઇન્ડિયા' જેવાં બિરુદ મેળવ્યાં છે. રસીલાબહેન વાઢેરે વન્ય પ્રાણીઓના જીવ બચાવવા માટે અનેક વાર જીવસટોસટના ખેલ ખેલ્યા છે. એ પણ વન્ય પ્રાણીઓના કોઈ પણ શાસ્ત્રીય જ્ઞાન વગર માત્ર હિંમત, અનુભવ અને કોઠાસૂઝના બળે સિંહ, દીપડા, મગર, અજગર વગેરે પ્રાણીઓના જીવ બચાવવા માટે ૧૦૦૦થી વધુ રેસ્ક્યુ ઑપરેશન કર્યાં છે.







ફૉરેસ્ટ વિભાગમાં જોડાવા અંગે રસીલાબહેન કહે છે કે, પરપ્રાંતીય મહિલા શ્રમિકોની સિંહના શિકારમાં સંડોવણી સામે આવતાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન વિભાગમાં મહિલાઓની ભરતી કરવાનું નક્કી કર્યું હતું. આમ, ૨૦૦૭માં પ્રથમ વખત મહિલા ગાર્ડની ભરતી કરવામાં આવતાં હું વન વિભાગમાં જોડાઈ હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૦૮માં સીધી ભરતીથી ફૉરેસ્ટરની પોસ્ટ પર પસંદગી પામી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની એક નવી વિચારધારાના કારણે આજે મહિલાઓને વન વિભાગમાં પણ સેવા બજાવવાનો મોકો મળ્યો છે. માળિયા હાટીના તાલુકાના ભંડૂરી ગામે જન્મેલાં રસીલાબહેન કહે છે કે, વન વિભાગની નોકરીમાં જોડાવાનો હેતુ તો માત્ર પરિવારને આર્થિક મદદરૂપ થવાનો હતો. નોકરી શરૂ કરી ત્યારે તો જંગલ, સિંહ કે વન્ય પ્રાણીઓ વિશે કશું જાણતી નહોતી, પણ જવાબદારી અને અનુભવે ઘણું શીખવ્યું. રસીલાબહેનને એક પુત્ર છે. તેમના પતિ એસ.ટી વિભાગમાં સેવારત છે.

રસીલાબહેન સિંહ, દીપડા જેવાં હિંસક પ્રાણીઓના રેસ્ક્યુ ટીમમાં એકમાત્ર મહિલા કર્મયોગી તરીકે કાર્ય કર્યું છે. બાદમાં તેઓએ રેસ્ક્યુ ટીમનાં ટીમ લીડર તરીકે પણ ફરજ બજાવી. આ જાંબાઝ મહિલાએ સિંહ, દીપડા સહિતનાં વન્ય પ્રાણીઓના જીવ બચાવવા માટે તેમની મલમપટ્ટી પણ કરી છે. હાલમાં ગીર સોમનાથ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગની પ્રભાસ પાટણ રેન્જમાં આર.એફ.ઓ. તરીકે ફરજ બજાવી રહેલાં રસીલાબહેન વાઢેરને દેશનાં પ્રથમ મહિલા રેસ્ક્યુ ફૉરેસ્ટર બનવાનું માન પણ પ્રાપ્ત છે.

રસીલાબહેન વાઢેરનું સાહસ અને હિંમત એક મિસાલ છે. તેઓ કહે છે કે, મને ચૅલેન્જવાળી કામગીરી કરવી ગમે છે... વેરાન જંગલમાં કે, વન્ય પ્રાણીઓનાં રેસ્ક્યુ ઑપરેશનમાં ડર ક્યારેય લાગ્યો નથી... જો તમારામાં હિંમત અને આત્મવિશ્વાસ હોય તો અશક્ય લાગતાં કામ પણ શક્ય બની જતાં હોય છે. સાથે જ જો અપેક્ષાવિહીન કામ કરવામાં આવે તો અનેક મુશ્કેલીઓથી આપોઆપ બચી શકાય છે. રાજ્ય સરકારે પણ આજની મહિલાઓને આગળ વધવા માટે પોતાની જાતને નીડરતા અને ઉત્કૃષ્ટતા સાથે કામગીરી બજાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવી છે.

મહિલા માટે આ ક્ષેત્ર નવું જ હતું. શરૂઆતમાં મારા જેવી તમામ મહિલાઓને ફિલ્ડ કે વન્ય પ્રાણીઓના રેસ્ક્યુની કામગીરી સોંપવામાં આવતી નહોતી. મોટા ભાગે ઑફિસ વર્ક જ સોંપવામાં આવતું હતું, જે સ્વભાવિક પણ હતું. સીધી મહિલાઓને જોખમી કામગીરી સોંપી શકાય નહીં. જે તે સમયે સાસણ રેસ્ક્યુ સેન્ટરના વેટરનરી ડૉક્ટરે નોકરી છોડી દેતાં, રેસ્ક્યુ સેન્ટરની જવાબદારી મારા શિરે આવી હતી. ત્યાર બાદ અન્ય વેટરનરી ડૉક્ટરના માર્ગદર્શન મુજબ ઘણાં વન્ય પ્રાણીઓને સારવાર આપી છે. એક વાર સારવાર દરમિયાન દીપડાએ હાથમાં બચકું ભરી લેતાં ૧૫ જેટલા ટાકા આવ્યા હતા. વન્ય પ્રાણીઓની સારવાર અને રેસ્ક્યુમાં ફાવટ આવી જતાં ઘણા કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓને તાલીમ પણ આપવાની તક મળી છે. ●

ગુજરાત સરકાર

# દરેક ખેડૂતની દરકાર,
# કરે છે ગુજરાત સરકાર

આઝાદીનો અમૃત મહોત્સવ



## સ્માર્ટફોનની કિંમતના ૪૦% અથવા ૬૦૦૦ રૂપિયા સુધીની સહાય

## ૫૯૦૦ ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય




**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર**




**Published on Date 1-3-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦